રાષ્ટ્રીય વિરાસત સંસ્થા શ્રી ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ દ્વારા પ્રકાશિત

# કોડિયું

લોકાભિમુખ નઈતાલીમી કેળવણી દ્વારા સંતુલિત વિકાસ સાધવા પ્રયત્નશીલ સંસ્થા-સામયિક

## લોકભારતી યુનિવર્સિટી ફોર રુરલ ઈનોવેશન : દ્વિતીય દીક્ષાંત સમારોહ




તારીખ : ૦૨, ઑક્ટોબર ૨૦૨૬ | સ્થળ : સારસ્વતભવન, લોકભારતી

" લોકભારતી પ્રાચીન કે અર્વાચીન નહીં પણ સનાતની છે.
લોકભારતી યુનિવર્સિટી ફોર રુરલ ઈનોવેશન એ તેના પરની નૂતન કલમ છે. "
- મોરારિબાપુ

વર્ષ: ૮૦ | અંક : 03 | ૧૫ ઓક્ટોબર, ૨૦૨૬

# લોકભારતી યુનિવર્સિટી ફોર રુરલ ઈનોવેશન : દીક્ષાંત સમારોહ




સંચાલન, આવકાર અને દીક્ષાંત ઉદ્‌બોધન કરતાં શ્રી ભૌતિકભાઈ લીંબાણી, શ્રી વિશાલભાઈ ભાદાણી અને શ્રી અરુણભાઈ દવે



પૂર્વકુલપતિશ્રીઓનું ઋણાનુભાવ-અભિવાદન



પદવીદાન પ્રતિજ્ઞા



શ્રદ્ધાભારતી પારિતોષિક મેળવતા શ્રી ધાર્મિક હેમાંગભાઈ રાજ્યગુરુ



વિદ્યાભારતી પારિતોષિક મેળવતા શ્રી આર્યન ચેતનભાઈ પાનસેરિયા



સેવાભારતી પારિતોષિક મેળવતા શ્રી હર્ષ અશોકભાઈ ડોડિયા



મૈત્રીભારતી પારિતોષિક મેળવતા શ્રી કૌશિક લઘરાભાઈ ગોહિલ

# કોડિયું

વર્ષ : ૮૦ | ઓક્ટોબર ૨૦૨૬ | અંક : ૦૩

## અનુક્રમણિકા

| | | |
|---|---|---|
| ૦૧ | **વ્યાસપીઠનું અમૃત**<br>મોરારિબાપુ | ...૦૬ |
| ૦૨ | **હું ગાંધી નામની ઘટનાના પ્રેમમાં છું.**<br>ગુણવંત શાહ | ...૦૮ |
| ૦૩ | **ભાગ-૩- પ્રેરણામૂર્તિ મૂળશંકર મો. ભટ્ટ**<br>ડૉ. મનહર ઠાકર | ...૧૦ |
| ૦૪ | **મોરારિબાપુ : પ્રીતિ અને પ્રતીતિની સરવાણી - મારા બાપ...**<br>ડૉ. દિનુભાઈ ચુડાસમા | ...૧૪ |
| ૦૫ | **'વૈષ્ણવજન' રચનામાં મૅનેજમેન્ટ દૃષ્ટિકોણ**<br>ડૉ. છાયા પારેખ | ...૧૮ |
| ૦૬ | **'દેશભક્તિ સદ્‌ભાવયુક્ત અને જીવનપોષક હોવી જોઈએ'- મહાત્મા ગાંધી**<br>સોનલ પરીખ | ...૨૧ |
| ૦૭ | **'સદ્‌ભિઃ સંગ'- ફરી એક વાર**<br>ચેતન ટાંક | ...૨૩ |
| ૦૮ | **કથા આશા અને વિકાસની - આનંદ બજાર**<br>બિંદુ-પ્રાર્થેશ | ...૨૭ |
| ૦૯ | **કેળવણી : ફુરસદના સમયનો સદુપયોગ**<br>ડૉ. દિનેશકુમાર પરમાર | ...૩૧ |
| ૧૦ | **ડિજિટલ કોર્નર - સત્યકથાઃ પાંચ સરનામાં**<br>અનામી | ...૩૪ |
| ૧૧ | **પ્રતિભાવઃ કોડિયું સામયિક**<br>પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર | ...૩૬ |
| ૧૨ | **સંસ્થા સમાચાર**<br>પ્રશાંત મહેતા | ...૩૭ |

**આદ્યતંત્રીઓ :**
સ્વ. શ્રી નાનાભાઈ ભટ્ટ
સ્વ. શ્રી મનુભાઈ પંચોળી
સ્વ. શ્રી મૂળશંકરભાઈ ભટ્ટ
સ્વ. શ્રી અનિલભાઈ ભટ્ટ

**તંત્રી :**
ડૉ. અરુણ દવે
(મો. ૯૪૨૬૪૬૧૨૭૭)

**સહતંત્રી :**
ડૉ. દિનુ ચુડાસમા
(મો. ૯૯૭૯૧૮૭૫૮૭)

**સંપાદક-મંડળ:**
સોનલ પરીખ
(મો. ૮૩૬૯૭૭૭૦૮૬)
વિશાલ ભાદાણી
(મો. ૯૪૨૬૮૮૫૩૮૭)
તારક ઓઝા
(મો. ૯૮૭૯૨૧૩૬૯૬)
પ્રશાંત મહેતા
(મો. ૯૮૭૯૪૦૭૫૮૨)

**મુદ્રક-પ્રકાશક :**
શ્રી મેહુલભાઈ ભટ્ટ
(મો. ૯૪૨૭૨૩૩૪૬૪)

**માલિક :**
ગ્રામદક્ષિણામૂર્તિ ટ્રસ્ટ

**મુદ્રણ-સ્થાન :**
ચામુંડા પ્રિન્ટિંગ પ્રેસ,
રેલવે સ્ટેશન રોડ,
સોનગઢ,
ફોન : ૨૮૪૬-૨૯૯૦૩૪

**પ્રકાશન-સ્થળ :**
ગ્રામદક્ષિણામૂર્તિ, આંબલા

**સૂચના**

- 'કોડિયું' દરેક મહિનાની પંદરમી તારીખે પ્રગટ થાય છે. તા. ૨૫ સુધીમાં અંક ન મળે તો ટપાલમાં તપાસ કર્યા પછી જ કાર્યાલયને જણાવવું.
- પત્રવ્યવહારમાં ગ્રાહક નંબર અવશ્ય લખવો. સરનામામાં ફેરફાર થાય તો કાર્યાલયને તરત જાણ કરવી.
- ગમે તે મહિનાથી ગ્રાહક બની શકાય છે. લવાજમ મ.ઓ. ડિમાન્ડ ડ્રાફ્ટ અથવા ઓનલાઈનથી સ્વીકારવામાં આવે છે.

Ac Name: ગ્રામદક્ષિણામૂર્તિ, Ac No.56016001728,
IFSC Code : SBIN0060016, Branch: SBI, Amargadh

**લેખ મોકલવા માટે**

'કોડિયું' કાર્યાલય,
લોકભારતી, સણોસરા,
જિ. ભાવનગર ૩૬૪૨૩૦
kodiyusanosara@gmail.com

**લવાજમ અને અંક વિષેની ફરિયાદ માટે પત્રવ્યવહાર**

શ્રી રવિભાઈ પંડયા
(મો. ૯૮૨૪૮૧૨૫૬૫)
ગ્રામદક્ષિણામૂર્તિ લોકશાળા,
મુ. આંબલા- ૩૬૪૨૧૦
pandyavrp532@gmail.com

**લેખકોને**

અહીં લેખોમાં રજૂ થયેલા વિચારોની જવાબદારી લેખકની છે.
લેખ સાથે સરનામું અવશ્ય લખશો.

**લવાજમ**

| | |
|---|---|
| વાર્ષિક | રૂ. ૨૦૦/- |
| પાંચ વર્ષના | રૂ. ૧૦૦૦/- |

## તંત્રીસ્થાનેથી...

ભૌતિકવિજ્ઞાન અને નવી ગોઠવાઈ રહેલી વિવિધ સમાજવિજ્ઞાનોની ઝીણવટથી સમીક્ષા કરીને નવી ક્ષિતિજો ખોલી આપવા માટે વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિક ફ્રિટજોબ કાપ્રાનું નામ બહુ જાણીતું છે. તેમણે પદાર્થવિજ્ઞાન અને અધ્યાત્મવિજ્ઞાનના વિવેકપૂર્ણ સમન્વય દ્વારા પાંગરી રહેલા એક નવા જીવનદર્શનનું વિશ્વદર્શન કરાવ્યું છે. કાપ્રાના વિશ્વ વિખ્યાત પુસ્તક ‘તાઓ ઑફ ફિઝિક્સ’માં તો મુખપૃષ્ઠ પર તેમણે શિવનૃત્યનું આલેખન ઊર્જાસભર વૈશ્વિક કિરણોની થતી સતત વર્ષા સાથે સરખાવીને અધ્યાત્મક્ષેત્રની ઉચ્ચતમ અનુભૂતિનું લેખન કરેલ છે. અંતે બ્રહ્માંડમાં બધું થાય છે, પણ લયબદ્ધ થાય છે. વિશ્વની તમામ પ્રક્રિયા ખુદ એક મહાનૃત્ય છે. આ કાપ્રાનું જગતને અનન્ય પ્રદાન છે. તેણે વિજ્ઞાનની ભવ્યતાને અધ્યાત્મની દિવ્યતા બક્ષીને વિજ્ઞાનના સાધુવાદને ઊજાગર કરી બતાવ્યો છે.

આજે વિશ્વમાં મોટાભાગના દેશો નાની મોટી લડાઈઓના સીધા કે આડકતરા ભોગ બની રહ્યા છે. શા માટે લડવું છે? કોને મારવા છે ? કોણ લડે છે ? માર્યા પછી, શું ઇચ્છા સંતોષાણી ખરી ? કયો અહંકાર અને રાગ -દ્વેષ આ જ્વાળાને ઉશ્કેરી રહ્યો છે ? આ ક્યારે સમજીશું ? કોણ સમજાવશે ? સમજાશે ખરું ? કાપ્રાનું નિરીક્ષણ એવું છે કે સમગ્ર વિશ્વમાં પશુ, પંખી, પ્રાણીજાતમાં ખૂબ લડાઈ-ઝઘડા-સંઘર્ષ જોવા મળે છે, પણ એક જ જાતના પ્રાણી એકબીજાને મારી નાખતા નથી. લડાઈમાં લોહી-લુહાણ થાય, હારી જાય, થાકી જાય, ભાગી જાય પણ સાવ મારી નાખતા નથી. માણસ જ એક એવું કહેવાતું બુદ્ધિશાળી પ્રાણી છે કે જે લડાઈ-ઝગડા દરમ્યાન પોતાના જાતભાઈને મારી નાખે છે, વળી હવે તો એવા શસ્ત્રો અને બોમ્બ  વિકસવામાં છે કે સ્થાવર મિલકતો ટકી રહે માત્ર મનુષ્ય જ મરી જાય!!!

કાપ્રા તો ત્યાં સુધી કહે છે કે માણસમાં પાંગરેલી ‘સચેતના’ને લીધે જ સાપેક્ષવાદનો સિદ્ધાંત શોધાયો, પણ તેની સાથોસાથ હિરોશિમાનો હત્યાકાંડ પણ કરવામાં આવ્યો ને ? માણસોને આ પ્રાકૃતિક અણમોલ ભેટ સમી જે સચેતના મળી છે તેના સહારે જ આપણા ચાહતભર્યા વ્યવહાર-વર્તનમાં પરિવર્તન લાવીને આપણે માનવજાતે ગુમાવેલી આધ્યાત્મિકતા અને પ્રકૃતિ સાથેનું સુસંવાદીપણું પાછું મેળવવું રહ્યું. કવિ રમેશ પારેખ કહે છે એ પણ જીવવું પડશેઃ

‘માણસથી મોટું કોઈ નથી તીર્થ પ્રેમનું,<br>
 હું છું પ્રથમ મુકામ; લે, મારાથી કર શરૂ’

આપણા જીવનની કેટલીયે વિરલ ક્ષણો એવી હોય છે કે જ્યારે આપણને વિશ્વ સાથેની એકાત્મકતાની અનુભૂતિ થતી હોય છે. વિશ્વમાં જ્યારે બધું જ તેના યોગ્ય સ્થાને જળવાઈ બેઠું હોય ને ત્યારે જ સંપૂર્ણ સંવાદિતા સર્જાય છે. પરમતત્ત્વની અનુભૂતિ એટલે સંવેદનાને જીવવી. પુનઃ રમેશ પારેખની પંક્તિ યાદ કરીએ...

‘પ્રેમસભર દૃષ્ટિ તમે કરી જોજો પાસમાં,<br>
ફૂલ થઈ ફોરી ઊઠીશ હું આસપાસમાં.’

આવા સમયે તમામ પ્રકારની ભિન્નતા ઓગળી જાય છે અને વિશ્વની સમગ્રતા સાથે અખંડ એકાત્મકતા ઓળઘોળ થઈ જાય છે. આ સર્વોત્તમ આધ્યાત્મિક અનુભૂતિની અવસ્થા છે. આ અવસ્થાએ માણસને પહોંચાડવાની પ્રકૃતિએ સંપૂર્ણ વ્યવસ્થા કરી જ છે. જો એ અવસ્થાની ઝંખના જાગે તો, એ ઝંખના સળવળે તો એને વળગી જવું-એમાં એકરૂપ બની જવું.

એ અવસ્થા એટલે જીવન સાર્થકતા. સાંઈ મકરંદ કહે છે તેમ...

‘ભીતરનો સૂર તારો,સ્હેજે મળે તો ભલે, દુનિયાનો સૂર જાય દૂર...’

—[signature]

## (૦૧) વ્યાસપીઠનું અમૃત

**મોરારિબાપુ**

દુનિયાની કોઈ પણ સમસ્યાનો એક માત્ર ઉપાય કેળવણી છે. કેળવણીમાં અધ્યાત્મ અને વિજ્ઞાનનો સમન્વય સાધવો જરૂરી છે. કલ્યાણકારી ધર્મમાં સાવધાન હોય એ સાધક છે. શિક્ષક આધ્યાત્મિક હોવો જોઈએ. શિક્ષણકાર્ય સાધનાક્ષેત્ર છે. શિક્ષક પોતાના વિદ્યાર્થીને સંતાન સમજીને ચાહવા લાગે તો વિદ્યાલયને દેવાલયનો દરજ્જો પ્રાપ્ત થાય.

બાળકની બોલી પરમાત્માની બોલી છે. બાળક જ્યારે પ્રસન્ન હોય ત્યારે બીજ રોપી દેવું બાપ, બાળકને પ્યાર આપો. પ્યાર જેવો જગતમાં કોઈ ધર્મ નથી. બાળકની ચૈતસિક અવસ્થા શરૂઆતથી તૂટી ન જાય તેવી રીતથી શિક્ષણકાર્ય થાય તેવો અહિંસાધર્મ શિક્ષકે નિભાવવાનો છે. શિક્ષકને પોતાના ઘરના આંગણામાં રમતાં પોતાના બાળક કરતાં પોતાના શાળાના આંગણામાં રમતાં સૌ બાળકો તરફ વધારે મમતા હોવી જોઈએ.

કર્મનું નૈપુણ્ય શીખવે એ જ સાચું શિક્ષણ. શિક્ષણ માણસોનાં લક્ષણ બદલી નાખે છે. શિક્ષણના માધ્યમે આપણી દૃષ્ટિ અને દિશા બદલાવાની છે. શિક્ષકોએ અને સમાજે સાથે રહીને અપ્રસ્તુત થઈ ગયેલાં મૂલ્યોને હટાવવા પડશે, એને પકડીને બેસી ન રહેવાય.

છાત્રોને શિક્ષણ દ્વારા વિનય આપવો જોઈએ. શિક્ષકો શિક્ષણને ઊર્ધ્વગામી બનાવશે તો જ શિક્ષક, શિક્ષણ બન્નેનો મહિમા ટકાવી શકાશે. શિક્ષણનું અધ્યાપનકાર્ય સત્ય જ હોવું જોઈએ. તેમાં સહેજ પણ અસત્યનો બેસૂરો રણકાર ન હોવો જોઈએ. શિક્ષક અને શિક્ષણ વિશે ઘણું કહેવાયું અને કહેવાનું રહેશે.

શિક્ષણ એટલે શું ? વ્રતનિષ્ઠ બાળકો નિર્માણ કરવાં અને એમને સત્યવ્રત,મૌનવ્રત, ધૈર્યવ્રત, સંયમવ્રત અને શીલવ્રતનું દાન કરવું. શિક્ષણ એ 'ઘી' છે, શિસ્ત એ વાટ છે અને નિશાળ એ આપણું કોડિયું છે. સ્કૂલરૂપી કોડિયામાં શિક્ષણરૂપી 'ઘી' અથવા તેલ અને શિસ્તની વાટ હશે તો ફક્ત વર્ગમાં જ નહીં પૂરા ગામમાં, તાલુકામાં, જિલ્લામાં અને પૂરા રાષ્ટ્રમાં ઉજાસ ફેલાશે. શિક્ષક અને શિક્ષણ વિશે ઘણું કહેવાયું અને કહેવાનું રહેશે. શિક્ષકનું સન્માન કરવું એ ઉદાત્ત કર્મ છે.

શિક્ષકનો પહેલો ધર્મ એ તેનું સત્યનિષ્ઠપણું છે. સત્ય સમાન કોઈ ધર્મ નથી. શિક્ષક કવિતાને પીનારો હોવો જોઈએ. શિક્ષક પાસે મુનિનું મૌન હોવું જોઈએ, શિક્ષક પાસે ઋષિનું વકતવ્ય હોવું જોઈએ. શિક્ષક આજીવન સાધક છે. શિક્ષક પિતાની જેમ પાલન, માતાની જેમ પોષણ કરનારો હોવો જોઈએ. શિક્ષકે વિદ્યાર્થીઓમાં અભય વાવવાનું કર્મ કરવાનું છે. વિદ્યાર્થીમાં પડેલી કેટલીયે ચેતનાને જાગ્રત કરવાની છે.

શિક્ષક અને ડૉકટર એ કોઈ દિવસ નિવૃત્ત ન થઈ શકે. મેં મારા શિક્ષકધર્મને કયારેય અવગણ્યો નથી આજે મેં શિક્ષણક્ષેત્ર છોડી દીધું છે, પણ વૃત્તિથી હું હજી શિક્ષક જ રહ્યો છું, અને એ પણ કયારેય નિવૃત્ત ન થાય એવો શિક્ષક ! મારા તરફથી હું ખાતરી આપું છું કે, મારી નિવૃત્તિ કયારેય નહીં હોય.

વિદ્યાર્થીનો ભાર ન બને, વિદ્યાર્થીનો શૃંગાર બને, એનું નામ શિક્ષક. શિક્ષક જે દિવસે હસી ન શકે એ દિવસે એણે સી.એલ. મૂકવી જોઈએ. શિક્ષક ઘરડો ન થવો જોઈએ. ઉંમરથી થાય, માનસિક રીતે નહીં. સાહિત્યરસ

જે રેલાવી શકે એ શિક્ષક સફળ થાય. શિક્ષકનો દ્રવ્યજ્ઞાન સાથે એનું હૃદય દ્રવીભૂત હોવું જોઈએ. દ્રવીભૂતતા ન હોય, તો શિક્ષકપણું શું ? વિચાર, વાણી અને વર્તનમાં સમાનતા હોય તે સાચો શિક્ષક. શિક્ષક રિટાયર્ડ થઈ શકે,એક્સપાયર્ડ ન થઈ શકે.

શિક્ષક સજાગ હોવો જોઈએ, શિક્ષકનું કાર્ય ધંધો નથી, ધર્મ છે. ભકિત છે. માટે સેવાની ગાંસડી ઉપાડે તે શિક્ષક છે. શિક્ષક અમનવાદી હોવો જોઈએ, આતંકવાદી નહીં. શિક્ષક સાંસ્કૃતિક હોવો જોઈએ, શિક્ષક સાહિત્યિક હોવો જોઈએ. સાહિત્યિક શિક્ષક સજળ હશે. શિક્ષકનો ધર્મ જાગતા રહેવાનું છે. શિક્ષક માત્ર પાઠયપુસ્તકમાં જ ઘૂસી રહે તે ન ચાલે. એણે પુસ્તક જ નહીં મસ્તક પણ ભણાવવું જોઈએ. બાળક જે શાળાએ જવા માટે રડે ત્યારે સમજવું કે શિક્ષકે માતાનો દરજજો પ્રાપ્ત કરી લીધો છે.

સાચા શિક્ષકને એનો સાચો વિદ્યાર્થી મળી જતો હોય છે. શિક્ષક કર્મયોગી છે. જયાં સુધી દેશનો શિક્ષક કર્તવ્યનિષ્ઠ નહીં હોય ત્યાં સુધી ભાર વગરનું ભણતર શકય નથી. શિક્ષક અને સેનાપતિની એકસરખી જવાબદારી છે. પ્રામાણિકતા, પવિત્રતા, પ્રમાણ, પ્રેરણા, પરિણામ આપી શકે તે જ સાચો શિક્ષક. બંને સમાજના રખેવાળ છે. સરકાર સુધરે કે નહીં તે મહત્ત્વનું નથી. પરંતુ શિક્ષક સુધરવો જોઈએ. 'મારો સુધાર અને મારાથી સૌનો સ્વીકાર' એ શિક્ષકનું સૂત્ર હોવું જોઈએ.

શિક્ષકનો ધર્મ એનું મૌલિકપણું છે. પ્રત્યેક વ્યકિતનો પોતાનો મૌલિક સ્વભાવ,નિજ સ્વભાવ એ તેનો ધર્મ છે. ધર્મ એટલે સ્વભાવ, ધર્મ એટલે કાનૂન, નીતિનિયમ. શિક્ષક અને ફિલ્ડમાર્શલ કે સેનાપતિની રખેવાળી-જવાબદારી સરખી છે. બંને સમાજના રખેવાળો છે, સંરક્ષક છે, સમાજની અપેક્ષાઓને તૃષ્ટિ અને પૃષ્ટિ આપનારા છે,સંસ્કૃતિના સંવર્ધકો છે.

સર્વજન હિતાય, સર્વજન સુખાય અને સર્વજન પ્રીતાયનો સંદેશ આપે તે બધી પ્રવૃત્તિ,બધી વિદ્યા વેદ છે. મુકત કરે તે વિદ્યા. સર્વની સર્વતોમુખી મુકિત એટલે વિદ્યા. આ માટે દસે દિશામાં આપણું મુખ હોવું જોઈએ. પણ એ દશાનન રાવણના ન હોવા જોઈએ. આપણા આંતરિક વિકાસ, વિશ્રામ માટે આપણા દસ મુખ પૈકી છ શંકરપુત્ર કાર્તિકેયના હોય અને ચાર મુખ બ્રહ્માના હોય. પિતામહ બ્રહ્માના ચાર મુખ એટલે ચાર વેદ. કાર્તિકેય એટલે પુરૂષાર્થ. કાર્તિકેયના છ મુખ એટલે મન, કર્મ અને વચનથી કોઈપણ પુરૂષાર્થમાં ઉતરવું તે. સર્વજન હિતાય, સર્વજન સુખાય અને સર્વજન પ્રીતાયનો સંદેશ આપે તે બધી પ્રવૃત્તિ, બધી વિદ્યા વેદ છે. મુકત કરે તે વિદ્યા. બુદ્ધિ કયારેક કયારેક બાંધી રાખે છે, બળ બાંધી રાખે છે, પણ વિદ્યા મુકત કરે છે. વિનય વિદ્યાથી આવે છે અથવા તો સત્સંગ કરવાથી આવે છે. વિનય પ્રાપ્ત કર્યા પછી જ વિદ્યા સ્થિરતા પ્રાપ્ત કરે છે. વિનયવાળી વિદ્યા જ આપણને ઓજસ્વી બનાવે છે, કુશળ પણ બનાવે છે. વિદ્યાનો અહંકાર આવે ત્યારે વિદ્યાને અવિદ્યા થવામાં વાર નથી લાગતી. જે વિદ્યા આપણને કર્મમાં પ્રવૃત્ત કરી, કર્મઠ બનાવી શકે તે જ સાચી વિદ્યા. કોઈપણ વિદ્યાના ઉપાસકની રક્ષા એમના ગુરુ કરે છે.

**'રામસેતુ'**

'મારે કોઈ બાળકને ખોળામાં રમાડવાનું આવે ને ત્યારે હું મારા પૂજાપાઠ છોડી દઉં છું. બાળક સીધું આત્માનું પ્રતિનિધિ છે. એની સંભાળ લો, એને સમય આપો. મારી કથામાં છેલ્લા દિવસે તમારે કોઈ દક્ષિણા આપવી હોય, તો સંકલ્પ કરીને જજો કે કોઈપણ બાળકની ચેતનાનું અપમાન ન થવું જોઈએ. બાળકની નિજતાને કાયમ રાખો. તમે બાળકોને બહુ દબાવશો તો તે વિકૃત થઈ જશે. તમે બાળકને એવું શિક્ષણ આપો કે સ્પર્ધા ન કરે.'

(સંકલનઃ ડૉ. દિનુભાઈ ચુડાસમા)

## (૦૨) હું ગાંધી નામની ઘટનાના પ્રેમમાં છું.

**ગુણવંત શાહ**

ગાંધીજીના પ્રભાવનું રહસ્ય એમની સત્ય સાધનામાં પડેલું છે. સત્ય પણ એક પ્રકારની ઊર્જા છે. સત્યાગ્રહની મૌલિક શોધ એમના જીવનનું એક એવું પાસું છે, જે કદી વાસી બનવાનું નથી. કયાંક અન્યાય થતો હોય અને ગાંધી ત્યાં આગળથી એમ જ પસાર થઈ જાય એ બને જ નહીં. રોજબરોજના જીવનમાં સત્યની સાધના એ પણ એમને માટે તો પરમ સત્યની, એટલે કે પરમેશ્વરની (રામની પ્રાપ્તિ) માટેની જ યાત્રા હતી.

ગાંધીજીનું ત્રાજવું સત્યની વાતે સોનીનું ત્રાજવું હતું. ગાંધીજીનો સત્યાગ્રહ ઇતિહાસ સર્જી ગયો એ સાચું, પરંતુ પ્રતિકાર સાથે જોડાયેલાં સત્ય અને અહિંસા તો માનવજાતને બે ડગલાં આગળ લઈ જનારાં પરિબળો હતાં. મહાત્મા ગાંધી જીવનભર સત્યના પ્રયોગો કરતા રહ્યા. આવા પ્રયોગોમાં મળેલી સફળતાને કારણે જ તેઓ 'મહાત્મા' કહેવાયા. ક્રાંતિનો ઇતિહાસ હોય છે, ઉત્ક્રાંતિનો ઇતિહાસ નથી હોતો. ઉત્ક્રાંતિનો સમયપટ લાખો વર્ષોમાં પથરાયેલો રહ્યો છે. ક્રાંતિવીર ગાંધીની સાથોસાથ ઉત્ક્રાંતિવીર મહાત્મા પણ બેઠા છે. ગાંધીજી રેલવેના ત્રીજા વર્ગમાં મુસાફરી કરતા હતા માટે મહાત્મા ન હતા.-

- તેઓ ટૂંકી પોતડી પહેરતા હતા માટે મહાત્મા ન હતા.
- તેઓ રેંટિયો કાંતતા હતા માટે મહાત્મા ન હતા.
- તેઓ બ્રહ્મચર્યના આગ્રહી હતા માટે મહાત્મા ન હતા.
- તેઓ મહાત્મા હતા કારણ કે તેઓ સત્યના પરમ ઉપાસક હતા.
- તેઓ મહાત્મા હતા કારણ કે તેઓ અહિંસાના પરમ ઉપાસક હતા.
- તેઓ મહાત્મા હતા કારણ કે તેઓ અભયના આરાધક હતા.
- તેઓ મહાત્મા હતા કારણ કે તેઓ સાધનશુદ્ધિના આગ્રહી હતા.
- કોઈપણ ગાંધીવાદીનું મૂલ્યાંકન કેવળ એની સત્યનિષ્ઠા પરથી જ કરવાનું રાખવું રહ્યું.

ગાંધીજીની શબ્દયાત્રા પણ અંતતોગત્વા સત્યયાત્રા જ હતી. સત્યપૂત શબ્દ એટલે ઈશ્વરની અનુજ્ઞા પામેલો શબ્દ ! ગાંધીજીએ જીવનભર ગીતાના ઉપદેશ પ્રમાણે જીવવાનો સંનિષ્ઠ પ્રયત્ન કર્યો અને એ પ્રયત્નના ફળરૂપે આપણને 'અનાસક્તિયોગ' જેવું ગાંધીભાષ્ય પ્રાપ્ત થયું. ગાંધીજી કદી અપ્રસ્તુત નથી થવાના, કારણ કે સત્ય કદી પણ અપ્રસ્તુત થવાનું નથી. કમ્મર પર લટકતી ગાંધીની ઘડિયાળ પર કલાકોના નહીં, સદીઓનાં નિશાન હતાં.

ગાંધીજીએ માનવજાતને આપેલાં અગિયાર વ્રત અત્યંત આકરાં જણાય છે. બ્રહ્મચર્ય, અસ્વાદ અને અપરિગ્રહ જેવાં ત્રણ વ્રતો તો એક કરોડ મનુષ્યોમાંથી માંડ એક જણને પચે તો પચે ! વ્રતનિષ્ઠામાં મળેલી નિષ્ફળતાનું સીધું રૂપાંતરણ દંભમાં થતું હોય છે. અનુયાયીના ધોતિયાને જ ખબર હોય છે કે લંગોટમૂલક 'બ્રહ્મચર્ય' પાળવામાં કેટલાં સ્ખલનો થયાં. વ્રતનિષ્ઠ આશ્રમવાસીને જ ખબર હોય છે કે એમનો પાયજામો કયાં કયાં જઈ આવ્યો. ગાંધીજી સાથે સતત થતી આવી છેતરપિંડીને કારણે અનુયાયીઓનું તેજ નષ્ટ થાય છે.

ગાંધીજીની કલ્પનાની સમાજરચના ઇચ્છતાં હોઈએ તો એક એવો પ્રયત્ન જરૂર થઈ શકે જે સમાજમાં કંઈક આવી પરિસ્થિતિ હોયઃ

- લોકો ના છૂટકે જ જૂઠું બોલતા હોય.
- લોકો ના છૂટકે જ હિંસાનો આશરો લેતા હોય.

- લોકો સહજપણે ઘણુંખરું પ્રામાણિક હોય.
- લોકો સામેવાળાની ભૂલ માફ કરવા તૈયાર હોય.
- લોકો પર્યાવરણને પ્રેમ કરતા હોય.
- લોકો પોતાની આવકમાંથી અન્યને મદદરૂપ થવા તૈયાર હોય.
- લોકો સ્વચ્છતા જાળવવા માટે ટેવાયેલા હોય.
- લોકો પરદુઃખે ઉપકાર કરવા સદાય તૈયાર હોય.

ગાંધીજી વિશે ઘણુંબધું વાંચ્યા પછી, વિચાર્યા પછી અને લખ્યા પછી મારા મનમાં ઊગેલી પ્રાર્થના છેઃ

'આનંદ વગરના ભારેખમ અધ્યાત્મથી, થોરિયાના ઠૂંઠા જેવા વૈરાગ્યથી, કાયરતાની કૂખે જન્મેલી અહિંસાથી, અંધશ્રદ્ધામાં ડૂબકાં ખાતી ભક્તિથી, સ્ત્રીઓથી દૂર ભાગતા બ્રહ્મચર્યથી, ગરીબીના ઉકરડા પર ઊગેલા અપરિગ્રહથી, કર્મના ટેકા વગરના જ્ઞાનથી અને જ્ઞાનના અજવાળા વગરના કર્મથી, હે પ્રભુ ! મારા દેશને બચાવી લેજે.'

ગાંધીજીએ દેશની ગરીબીથી કકળી ઊઠીને પોતાનો પોશાક અને સમગ્ર જીવનવ્યવહાર એક આકરા ક્રાંતિકારીને શોભે એ રીતે એમણે બદલી નાખ્યો. ગાંધીજીએ પોતાની તમામ પ્રવૃત્તિઓ સાથે ભારતીય સંસ્કૃતિના ઉત્તમ અંશોને સહજ રીતે ભેળવી દીધા. રેંટિયો કાંતવા જેવા સ્થૂળ કર્મને એમણે 'કાંતણયજ્ઞ'નો દરજ્જો આપ્યો. યરવડાની જેલને એમણે 'યરવડા મંદિર' કહીને જેલવાસને એક નવો જ મોભો આપ્યો. એ જ રીતે જેલમાં જવાની વાત 'જેલયાત્રા' બની અને જાહેરસભા 'પ્રાર્થનાસભા' બની ગઈ.

જો મહાત્મા પેદા જ ન થયા હોત તો મારા જીવનમાં ફરક પડયો હોત? 'ફરક પડયો હોત અને ઘણો મોટો ફરક પડયો હોત ! મારા આંતરરાષ્ટ્રીય સંપર્કોને કારણે હું માંસાહારી હોત, ધૂમ્રપાન કરતો હોત. બીજું એ કે હું શરાબી હોત. ત્રીજું એ કે વ્યવહારમાં સાધનશુદ્ધિ જાળવીને જીવવાનો મારો આગ્રહ સાવ ઢીલો પડી ગયો હોત. ચોથું એ કે જૂઠું બોલ્યા પછી આજે જે ખટકો રહે છે, તે ખટકો ગેરહાજર હોત. પાંચમું એ કે હું પશ્ચિમની ભોગપ્રધાન સંસ્કૃતિના પ્રવાહમાં તણાઈને જીવન નામની ઘટનાનું સૌંદર્ય ખોઈ બેઠો હોત. હું ગાંધી નામની ઘટનાના પ્રેમમાં છું. આપણી વચ્ચે એક એવો મહામાનવ જીવી ગયો, જે પોતાની જાતને છેતરવા તૈયાર ન હતો. જે મનુષ્ય પોતાની જાતને ન છેતરે, તે અન્યને છેતરી શકે ખરો ? એ મહામાનવ મરવા માટે તૈયાર હતો, પરંતુ કોઈને મારવા માટે તૈયાર ન હતો. એનું જીવન ખુલ્લી કિતાબ જેવું હતું. તેથી એનો એકસ-રે આખી દુનિયાને જોવા મળ્યો. એકસ-રે કદી ન છેતરે, ફોટોગ્રાફ જરૂર છેતરે !

જીવનમાં ઉચ્ચતમ આદર્શ માટેની સાધના સાથે પણ ગાંધીજી પોતાનું નિર્મળ બોખું સ્મિત જાળવી શકયા. 'માહ્યલાનો ટેકો ધરાવતી બુદ્ધિ' (inner intellect) વિના આવું શકય ન બને. ગાંધીજી સત્યના ઉપાસક હતા. સત્ય સ્વભાવે જ શાશ્વત છે. તેથી સદીઓ વીતે તે સાથે ગાંધીજી જરૂર જીવંત રહેવાના ! ગાંધીજીએ સત્યનો હાઈવે કદી ન છોડયો. જયાં સત્યપાલન હોય, સત્યનિષ્ઠા હોય અને સત્યાગ્રહ હોય ત્યાં દંભ હોઈ જ ન શકે. એણે લોકોને કહ્યુંઃ 'મરતાં પણ સત્ય ન છોડવું' ૧૯૪૮ની ત્રીસમી જાન્યુઆરીની સાંજે એણે દેહ છોડયો, પરંતુ સત્ય ન છોડવું ! એનો છેલ્લો ઉદ્ગાર હતોઃ 'હે રામ !'

**પાઘડીનો વળ છેડેઃ**

**હે બાપુ ! આપની આગળ જૂઠું બોલવા માટે હું તૈયાર નથી.**

**આપને પૂરેપૂરા અનુસરવા મારા પ્રયત્નો નિષ્ફળ જઈ રહ્યા છે.**

**ફાંફાં મારવા છતાં લબડી પડાય છે. વિચાર ગમે છે,**
**પરંતુ આચારમાં મૂકતી વખતે નવનેજાં પાણી આવે છે.**
**મને ક્ષમા આપશો ?**
**હે બાપુ ! ભલે નિષ્ફળતા મળે, ભલે પાછો પડું,**
**પરંતુ એક ખાતરી આપું છું કે, હું આપને છેતરવાની ગુસ્તાખી નહીં કરું.**
**જેવો છું તેવો હું તમારા દીકરાની માફક ઊભો છું.**
**મને આશીર્વાદ આપશો ?**

## (૦૩) ભાગ-૩- પ્રેરણામૂર્તિ મૂળશંકર મો. ભટ્ટ

**ડૉ. મનહર ઠાકર**

ભાઈ એટલે ભાઈ ! સંગીત સાધના, શિશુપ્રેમ, સાહિત્ય વાચન-લેખન, છાત્રપિતૃત્વ, વૈદક, મનની મરામત, શિક્ષણ અને અધ્યાત્મ એમ વિવિધ ક્ષેત્રોમાં ભાઈ અનાયાસ ક્રમશઃ એક સાથે સાહજિકતાથી પ્રવેશીને વિકસતા રહ્યા. એ પોતે એક સાધકજીવ હતા. એટલે જ ગુજરાતને આ એક અખંડ શિક્ષકની આકૃતિ મળી. આ અખંડત્વનું આરાધન એમણે સતત તપ અને સ્વાધ્યાયથી કર્યું હતું. 'જે નિર્ભય, નિર્વૈર અને નિષ્પક્ષ છે તે આચાર્ય'- વિનોબાભાવેના આ મત અનુસાર ભાઈ તેવા જ આચાર્ય હતા. જેમાં પોતાની જાતને જ વિસારી દેવી પડી, ક્યાંય પ્રગટ જ ન થવા દેવી, એ કામ સરળ નથી, પણ ભાઈ જિંદગીભર એમ કરી શક્યા. એમણે આમ જ કહ્યું કે મને સારું છે. તેમની દૃષ્ટિ સાફ હતી. અભિપ્રાય પ્રામાણિક તેમણે અંદરની વેદનાને પ્રગટ જ ન થવા દીધી. મૃત્યુ સમીપ આવ્યું ત્યારે પણ નિર્ભય હતા. આવેશમાં આવીને પોતે કોઈ કામ કરતા નહીં. સ્વસ્થતાથી બધી બાબતોનો વિચાર કરતા. માનવમૂલ્યો, માનવસંબંધો, 'માનવ' ઉછેર-ઘડતર અને માનવચિત્તમન તેમના રસ-ચિન્તનના વિષયો રહ્યા. તેમાં 'માનવ' જ કેન્દ્રસ્થાને. ઓછું બોલીને ઝાઝું સમજાવવાનું તેમને ગમતું વિદ્યાર્થી કોઈ ભૂલ કરી બેસે ને ભાઈને તેની જાણ થાય, છતાં પણ વિદ્યાર્થીને બોલાવીને કશું કહે નહીં. વિદ્યાર્થી તો ભાઈ તરફથી સંદેશો આવે તેની રાહ જોતો રહે. ભાઈના 'બુલાવા'ની રાહમાં ને રાહમાં વિદ્યાર્થી જમી કે સૂઈ શકે નહીં. કાંઈ જ સંદેશો આવતો નહીં તે હકીકત જ એક વિલક્ષણ સંદેશો બની જતી. ભાઈ તરફથી કશી જ હલચલ નહીં, એ પરિસ્થિતિ જ વિદ્યાર્થીના અંતરમાં ઘણી હલચલ મચાવી દેતી. ત્રણેક દિવસના અંતે વિદ્યાર્થી સામેથી જ, આંખમાં આંસુ સાથે, ભાઈ પાસે પહોંચી જઈ ભૂલ કબૂલીને શિક્ષા માંગવા લાગે ત્યારે ભાઈ કહેતા, **'મારે તને જે સમજાવવાનું હતું તે તને જાતે જ સમજાઈ ગયુ છે. એટલે એ વાત હવે અહીં પૂરી થાય છે. શિક્ષા તો ત્રણ દિવસમાં તેં ભોગવી લીધી છે.'** ભાઈનું મૌન વિદ્યાર્થીઓ પર અસર કરતું તેનું એક મોટું કારણ, ભાઈ વિદ્યાર્થીઓના હમદર્દ હતા. વિદ્યાર્થીઓના સુખદુઃખ માટેની સક્રિય ચિંતા પોતે કરતા અને એ બાબતનો વિદ્યાર્થીઓને પૂરેપૂરો ખ્યાલ હતો. વિદ્યાર્થી-વિદ્યાર્થી વચ્ચે એકંદર તટસ્થ રહેવાનું તેમનું વલણ પણ વિદ્યાર્થીસમૂહ પર અસર કરતું. કોઈ જ એમને મન નાનું કે મોટું નહોતું, નજીકનું કે દૂરનું નહોતું. જાહેરાતો કરી આગળ આવી જવાનો તેમનો સ્વભાવ ન હતો. એવે વખતે હળવેકથી સરકી જવાનું પસંદ કરતા. માન-સન્માન-ઢંઢેરાથી આઘા રહેવાનું તેમને ગમતું. એકવાર ઉત્તમ શિક્ષક માટેના સરકારી ઍવૉર્ડ માટે ઘટતું ફૉર્મ ભરવા કોઈએ કરેલ સૂચન - વિનંતીને તરત નકારી કાઢેલ. પોતે ના પાડીને પણ સ્વમાન સાચવી લેતા.

વિદ્યાર્થીઓ જાતે ભણતા થાય, તેમનો આત્મવિશ્વાસ વધે તેવા સ્વાધ્યાય-પરિસંવાદ કાર્યક્રમો તેઓ વારંવાર યોજતા હતા. તેમનો અભિગમ બૌદ્ધિક-વૈજ્ઞાનિક-વાસ્તવિક-વ્યવહારુ રહેતો. ઈશ્વર- ચૈતન્ય,શ્રદ્ધા અને પ્રેમભક્તિમાં પોતે રસ ધરાવતા હતા. ધર્મ-આધ્યાત્મિકતા-રહસ્યવાદના સંદર્ભે તેમનો ઝોક પ્રત્યક્ષ વ્યવહારમાં વ્યક્ત થાય તેવા સદ્ગુણો ખીલવવા અને તે માટેના પુરુષાર્થ તરફી હતો. ઊંડી સમજથી અને લાંબી દૃષ્ટિથી તેઓ વર્તતા, પણ વર્તન એટલું સ્વાભાવિક રહેતું કે એ સમજનો ઝટ કોઈને ખ્યાલ ન આવે. આઘાતો વચ્ચે પણ પોતે સ્વસ્થ રહેતા, સ્વાભાવિક, સ્વસ્થ રહેતા, એમણે કહેલું: **'એવો કોઈ આઘાત આવે તો**

**હું તો એને સીધો ઘરમાં, બેઠકખંડમાં આવવા જ નથી દેતો! બહાર આંગણે કે ઓસરીમાં જ સારો એવો સમય બેસાડી રાખું છું. પછી એની સાથે સમજી લઉં છું. આમ કરવાથી ઘણો ફેર પડી જાય છે. અણગમતી કે પ્રતિકૂળ પરિસ્થિતિ આવી જ પડે તો એનાથી અલિપ્ત રહેવાનું શીખવા જેવું છે.'**

ભાઈ તો મનોવિજ્ઞાન-વર્તનશાસ્ત્રના તજજ્ઞ, કેળવણીકારની પ્રતિષ્ઠા, સંયમિત અભિવ્યક્તિ, તોળી તોળીને બોલનાર, સમસ્યા-પ્રશ્ન સાંભળતી વખતે માથા ઉપર હાથ ફેરવતા મરક મરક હસે. એ કેવળ માહિતી ઠાલવી દઈને છૂટી જનાર શિક્ષક નહોતા. પણ ચારિત્ર્યઘડતરનો દોર હાથમાં લઈને અધ્યેતાનાં વ્યક્તિત્વોને બુલંદી બક્ષનાર ઘડવૈયા હતા. છાત્રાલયનું જીવન અને તેમાંયે અધ્યેતાના નખશિખ વિકાસ માટે મથનારા એ ગૃહપતિ હતા. શિક્ષક અને પછીથી આચાર્ય દરજ્જાના એ નોખી માટીના મનેખ હતા. વિદ્યાર્થીઓ તેમનામાં ભ્રાતૃભાવ કે પિતૃવત્સલતા અનુભવતા ત્યારે અનાયાસે તેઓ વધુ સમધારણ બની પોતાનાં વલણો નરવાં બનાવતા. આ બધું 'ભાઈ'ના સાન્નિધ્યમાં બનતું. નાનાભાઈએ એકવાર વિદ્યાર્થીઓને કહેલું, **'કદાચ મારી પાસે તમે જૂઠું બોલી શકશો. પણ મૂળશંકર પાસે તમે જૂઠું નહીં જ બોલી શકો.'** આટલો પ્રબળ પ્રભાવ જનમાનસ પર ભાઈના નિર્ભેળ વ્યક્તિત્વનો હતો. એક વિદ્યાર્થીના શબ્દોમાં જોઈએ તો, **'ભાઈ સાથે વાત કરતો હોઉં છું ત્યારે મારી બા સાથે વાત કરતો હોઉં તેમ મને લાગે છે.'** ભાઈની પ્રકૃતિ આટલી સહજ, સરળ અને દયાળુ હતી. એટલે જ શિક્ષક-વિદ્યાર્થીના પારિવારિક સ્નેહ સંબંધોનાં મૂળ આવી રીતે સ્થિર થઈ જતાં. પોતે વૈદું પણ જાણતા એટલે સૌને જરૂરિયાત મુજબની દવા ચીંધે. તેમાં વિદ્યાર્થીઓ, સાથી કાર્યકરો, વાલીઓ અને ગ્રામજનોના આરોગ્યની સેવા પણ પોતે કરતા. વિદ્યાર્થી ભણીને ગયો એને ઘણાં વર્ષો વીતી ગયાં હોય પણ મળવા આવે એટલે ઝીણવટથી સૌને સંભારે. પત્ની, બાળકો સૌના ખબર અંતર પૂછે. છાત્રવાસી શિક્ષણસંસ્થા દ્વારા માનવીય સંબંધોની ભરપૂર મીઠાશ ઊભી કરનાર ભાઈ ખરા અર્થમાં પ્રેરણામૂર્તિ હતા.

અંતિમ વર્ષો સુધી પોતે અધ્યયનશીલ રહેલા. સમય, શરીર અને પરિવારની પરવા કર્યા વિના તેમણે લોકભારતીમાં એકધારી સેવાનો ભેખ પહેરી લીધો. ૧૯૬૩માં શરીર પર અસર વર્તાણી. ફેફસાંનું દર્દ શરૂ થયેલું. અનેક વિદ્યાર્થીઓના આગ્રહવશ અને મુંબઈમાં વસતા ભૂતપૂર્વ વિદ્યાર્થીની સખાવતથી ત્યાં ટ્રિટમેન્ટ લેવાઈ. દોઢ-બે મહિને ઑપરેશન પછી કંઈક સારું થયું. મુંબઈથી લોકભારતીમાં આવીને વળી પાછું બે વર્ષ યથાશક્તિ કામ કર્યું. થોડું વધુ સહન કરીને પણ કાર્ય કર્યે રાખ્યું. શરીર ઘવાયેલું હોવાથી પહેલાં જેવું મનોબળ રહ્યું નહોતું. છતાં અડગ શ્રદ્ધા હતી, એટલે ગામ અને કામ છોડયાં નહીં. પોતે ઘણા અંતર્મુખ હતા. મૌનના મર્મજ્ઞ પણ મૌનમાં ઘણું સમજાવી દેતા. તેઓ મોટે ભાગે સંસ્થા છોડીને બહાર જતા નહીં. છતાં ક્યારેક અગત્યના કામે જવું પડે તો મોડે સુધી વિદ્યાર્થીઓ તેમની રાહ જોતા. તેમની હાજરી ભાવાવરણને આનંદમય રાખતી.

ભાઈએ પોતાની વાચનયાત્રા જેટલી પ્રબળ બનાવેલી તેટલી જ એમની લેખનક્ષમતા પણ ઉન્નત હતી. ગુજરાતની તે સમયની યુવાન પેઢી પર બે લેખકોનું વર્ચસ્વ હતું, એક ક.મા. મુનશી અને બીજા મૂ.મો. ભટ્ટ. તેમણે શિક્ષણ વિષયક આઠ પુસ્તકો, જીવન ચરિત્રને લગતાં છ પુસ્તકો, અનુવાદિત બાર પુસ્તકો, સંપાદિત સાત ગ્રંથો, બાળવાર્તાઓનાં દસેક સંગ્રહો ઉપરાંત શ્રીકૃષ્ણના જીવન સંદેશરૂપે એક ચિન્તનગ્રંથ પણ આપ્યો છે. જૂલે વર્નની સાહસકથાઓનો અનુવાદ કર્યો તેમજ વિક્ટર હ્યુગોનું 'લામિઝરેબલ' ગુજરાતીમાં પ્રગટ કરીને વાચકોને સાહસ, શૌર્ય, સ્વાર્પણ અને આનંદની વાર્તાઓનો ખજાનો અર્પણ કર્યો. 'શિક્ષકની નિષ્ઠા અને દૃષ્ટિ', 'કેળવણી અને માનવીય મૂલ્યો'- આ બે મહત્ત્વનાં પુસ્તકો દ્વારા ભાઈએ શિક્ષણના વ્યાવસાયિકોને મહામૂલી ભેટ ધરી છે. બાળશિક્ષણને તેમજ

કુટુંબને બાળકોની કેળવણી માટે પ્રેરણા આપતું પુસ્તક 'ઘરમાં બાળમંદિર' તો સાચે જ વાંચી, વિચારીને અમલમાં મૂકવા જેવું છે.

મૂ.મો. ભટ્ટ. વિષે તજજ્ઞોએ જે લેખો લખ્યાં તેમાં 'ભાઈ'ને સંબોધાયેલાં પ્રેરક શીર્ષકો : ઉત્તમ શિક્ષક, ભાઈ-જૂજવારૂપે, લોકશક્તિના પ્રહરી, ભાઈ-પૂરા માનવ, મંગલમૂર્તિ માતા, વિદ્યાના ઉપાસક, ગૃહપતિત્વથી ગુરુત્વના યાત્રી, ગુજરાતના એકમાત્ર ગૃહપતિ, અખંડ શિક્ષક, શિક્ષકની સાધના, હૃદયની કેળવણીના કલાકાર, શિક્ષણને સ્વધર્મ માનનારા-મૂળશંકરભાઈ, શિક્ષણના મૂર્ધન્ય મનીષી, સૌહાર્દના સાધક, એક માર્ગદર્શક પરિબળ, શિક્ષણના ભેખધારી, આર્યવર ભાઈ, સ્પષ્ટવક્તા, ગાંધીવાદી, આશ્રમી કેળવણીના જીવતા જાગતા આચાર્ય, માનવીયમૂલ્યોના પુરસ્કર્તા, ચેતનાસભર શિક્ષક, એક સફળ ચિકિત્સક : તનના અને મનના, સાચો માનવી, ગુરુ-પારસમણિને તોલ, શીતલ માનવ્યની ઘટાદાર છાયા, ગૃહપતિ-શિક્ષક અને સહકાર્યકર, ઓલિયા માણસ, શિક્ષકની નિષ્ઠા, ઉદાહરણરૂપ જીવન, સંસ્કૃતિના રખેવાળ વગેરે હતા.

અને એકવાર મધ્યસત્ર પરીક્ષાવેળાએ ભાઈને અચાનક કોઈ કામ સબબ બહાર જવાનું થયેલું તે બંધ કવરમાં પોતાના વિષયનું પ્રશ્નપત્ર વર્ગમંત્રીને અગાઉથી સોંપીને કહેતા ગયેલા કે પરીક્ષાના સમયે આ કામ બરાબર પૂરું કરજો. એક શિક્ષક તરીકેનું તેમનું આ સ્વાભાવિક શૈક્ષણિક પગલું ગણાય. શ્રદ્ધા અને વિશ્વાસનો આ તાંતણો શિક્ષક અને વિદ્યાર્થી બન્ને માટે પ્રેરણાસૂચક છે. એક વખત એક બિમાર વિદ્યાર્થીની વર્ષાન્ત પરીક્ષા વખતે જાણ કરવા આવેલા વાલીને પોતાના વિષયનું પ્રશ્નપત્ર આપીને ઘેર જ પરીક્ષા ઉત્તરપત્ર લખવાનું ભાઈએ સૂચવેલું ત્યારે આ પ્રકારના અણધાર્યા-અસાધારણ વિશ્વાસથી વિદ્યાર્થી અને વાલી તો આશ્ચર્યચકિત થયેલા પણ જિતાઈ ગયા. શિક્ષકજીવન માટે આ વિશ્વાસના મહિમાની દીક્ષા ગણાય.

ક્યારેક તો ભાઈનો પુણ્યપ્રકોપ-ત્વરિતતા પણ કંઈક શીખવી જવાની ક્ષમતાવાળાં જણાતાં. માનવ વ્યવહારોમાં છૂપા કે ઊઘાડા ત્રાસ, પરપીડન, દાદાગીરી, બળજબરી વિશે પોતે ગંભીરતાથી વિચારતા ને વર્તતા. આવી બાબતે આંખ આડા કાન કરવાની વૃત્તિને પોતે ક્યારેય નિભાવી લેતા નહીં. તેમના શબ્દોમાં જ જોઈએ, **'આજે મારું ને મારા કુળનું જે ખેતર છે - શિક્ષણક્ષેત્ર - તેમાં મારા જેવાએ અત્યાર સુધી થાળી વગાડી-વગાડીને બને તેટલો અસો ઓછો થાય તેમ કર્યું છે, પણ અત્યારે આ ક્ષેત્રમાં ઊંટિયા અને ખૂંટિયાએ ભેલાણ કરવા માંડ્યું છે. એમાંય ખૂંટિયા તો મહાજનના આંકેલા; તેમને બધાંય ક્ષેત્રમાં ભેલાણ કરવાનો પરવાનો હોય છે. ત્યાં મારા જેવા થાળી ઉપર સાંઠીકડું લઈને વગાડનારાનું શું બુતું ?'**

શિક્ષણક્ષેત્રે ભાઈએ દીર્ઘકાલીન સંસ્કારોનું ચિંતન કર્યું. આ ક્ષેત્રમાં પરગજુ, કેળવણી ક્રાંતિકારી તરીકે પોતે ઊભરી આવ્યા ગણાય. તેથી જ એમને આચાર્યકુલ-ગુજરાતના પ્રમુખસ્થાને પ્રતિષ્ઠિત કરાયા હતા. આચાર્યકુલ એ વીસમી સદીનો સૌથી ઉત્તમ વિચાર ગણાય. આ વિચાર, આપણા ઋષિ વિનોબા ભાવેનું પ્રદાન હતું. આચાર્યકુલનું કામ દોરવાનું, દિશા ચીંધવાનું હતું. આ વિચાર સમજાવવા માટે વધુ ઉત્તમપુરુષ શોધ્યા પણ ન જડે. ભાઈ એટલે સારીયે લોકભારતી વિદ્યાપીઠની જીવતી જાગતી માતા...! એમ થઈ જાય કે આ માણસનાં પવિત્ર ચરણોમાં સમસ્તનું અર્પણ કરી દઈએ !

નાનાભાઈની વિદાય પછી લોકભારતીમાં નિયામક, આચાર્ય, ગૃહપતિ એમ ત્રિવિધ જવાબદારી પોતે નિભાવેલી. અને નાનાભાઈના સંકલ્પોમાં અડગ શ્રદ્ધા સાથે પોતે વફાદારીપૂર્વક જવાબદારી નિભાવી રહ્યા હતા ત્યારે કપડાં પર ચોંટેલા તણખલાને જેમ સરળતાથી ફેંકી દે, તેમ ભાઈએ લોકભારતી ગ્રામવિદ્યાપીઠના નિયામક, આચાર્ય, ગૃહપતિ, પ્રાધ્યાપક વગેરે સર્વસ્થાનોએથી રાજીનામું આપી દીધું ને ભાવનગર રહેવા ગયા. તેમના સેંકડો શિષ્યોએ ભેગા

મળીને, ભાઈના યોગક્ષેમ, સેવા, સૂશ્રૂષા વગેરેની બધી જ જવાબદારી ઉપાડી લીધી. આ સાલ હતી ૧૯૯૫ની. વર્તમાન અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સપરિવાર ભાઈને મળવા ભાવનગર ખાતે આવ્યા કરતા. આખો દિવસ સૌની વચ્ચે પ્રેમ, હૂંફ, સહાનુભૂતિ, આશ્વાસનરૂપી આ પરબ ખૂલ્લું રહેતું. ભાઈને મળ્યાનો સંતોષ અને તેમના આશીર્વાદ સાથે મુલાકાતી ધન્ય ધન્ય થઈ જતા.

ચેતનની આરાધના વ્યક્તિથી શરૂ કરી સામાજિક ગુણ-વિકાસ અને આચાર સુધી લઈ જવાના પ્રયત્નો ભાઈના હતા. તેઓ કહેતા, **'વિશ્વના સમગ્ર સંચાલનમાં ચેતનનું જ વર્ચસ્વ છે. અને કેળવણીની પ્રવૃત્તિ તે મૂળ તો ચેતન સાથેનો જ વ્યાપાર દેખાય છે. કેળવણીમાં ચાવીરૂપ સ્થાને શિક્ષક બેઠેલો છે. ત્યારે તાણ વગરનું સંયમી જીવન, સંતુષ્ટ એવું કુટુંબજીવન, કષ્ટોને ધૈર્યથી ઝીલવાની વૃત્તિ, આદરયુક્ત સામાજિક સંબંધો, સ્વધર્મનિષ્ઠામાંથી ઊભો થતો અદ્વેષભાવ, આ લક્ષણોને પ્રગટ કરતો શિક્ષકવર્ગ ઠેર ઠેર કામ કરતો હોય એવા સમાજને જોવાની મારી ઝંખના છે.'**

૧૯૮૦માં બે જાણીતા શિક્ષકબંધુઓ મૂળશંકરભાઈ અને બુચભાઈને મળવા માટે ભૂતપૂર્વ વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓનો એક પરિવાર-કુટુંબમેળો પાંચમી, ઑક્ટોબરે શિવાજીપાર્ક, મુંબઈ ખાતે યોજાયો હતો. તેમાં એકસો કુટુંબમાંથી ત્રણસો જેટલા લોકો એકઠા થયા અને સૌ ભાઈના વત્સલ સાન્નિધ્યમાં હળ્યાં-મળ્યાં ત્યારે ભાઈની સમીપે રહ્યાનો સૌને ઊંડો સંતોષ થયો. એટલી જ સાહજિકતાથી ભાઈએ સૌની સાથે વાતો કરેલી. જે એક અપૂર્વ ઘટના હતી.

પછીથી ભાઈ શ્રી મહેન્દ્ર મેઘાણી સંચાલિત 'લોકમિલાપ' ટ્રસ્ટના પ્રમુખ ટ્રસ્ટી અને ભાવનગરની હાલ 'દક્ષિણામૂર્તિ' સંસ્થાના ટ્રસ્ટી પણ રહી ચૂકેલા. છેલ્લા બે દાયકા, લોકભારતી છોડ્યા પછી ભાવનગરમાં કુટુંબ-કબીલા સાથે વિતાવ્યા પણ અનેક જાહેર-સામાજિક પ્રવૃત્તિઓમાં ભાઈનું પ્રમુખ માર્ગદર્શન મળી રહેતું. ૩૧મી ઑક્ટોબર, ૧૯૮૪નો દિવસ : સવારે ભારતના વિલક્ષણ પ્રધાનમંત્રી શ્રીમતી ઇન્દિરા ગાંધીની આકસ્મિક વિદાય અને સાંજે એક અખંડ શિક્ષક, વત્સલ ગૃહપતિ અને ઉત્તમ કેળવણીકાર મૂ. મો. ભટ્ટની વિદાય !

મો. ૯૪૨૬૮૫૧૨૯૦

**વેકેશનમાં બાળકોને વધુ પડતી પ્રવૃત્તિઓ કરાવતા વાલીઓ માટે...**

આપણા સંતાનોને 'એક્સ્ટ્રાઑર્ડિનરી' બનવાની દોડમાં
ધકેલીએ નહીં તો સારું !
પહેલી નજરે આવો પ્રયાસ જોરદાર લાગે
પણ આ રસ્તો મૂર્ખામીના શિખર સુધી લઈ જનારો છે.
એના બદલે એમને 'સાદા' જીવનમાં
રહેલ આશ્ચર્યો અને અજાયબીઓને શોધતા શીખવીએ:
ચણીબોર, ચીભડાં અને જાંબુડા ખાવાનો વૈભવ એમને ચખાડીએ.
આપણું સ્વજન હોય કે શેરીનું ગલુડિયું;
વિદાય લે ત્યારે આંખો ભીની થાય તો થવા દેવાની,
રડતાં રડતાં ડૂમા, ડૂસકાં અને હિબકાં કેમ ફૂટી નીકળે છે,
એ એમને સમજાવીએ.
માણસના હૂંફાળા સ્પર્શમાં
કેવું અનહદ સુખ વસેલું હોય છે,
એનો અનુભવ એમને કરાવીએ.
'સાદા' જીવનની મોજ જડી જાય એટલે
બાળક 'એક્સ્ટ્રાઑર્ડિનરી' એની જાતે થઈ જશે !

**કવિતા-વિલિયમ માર્ટીન,**
**ભાવાનુવાદક ટપાલી : વિશાલ ભાદાણી**

## (૦૪) મોરારિબાપુ : પ્રીતિ અને પ્રતીતિની સરવાણી - મારા બાપ...

ડૉ. દિનુભાઈ ચુડાસમા

મારા માટે પૂજ્ય બાપુની પ્રતીતિ એટલે જગતમાં સત્ય,પ્રેમ,કરુણાની જહાન્વી લઈને ફરનાર ફકીર. સત્યને સેવીએ, પ્રેમ જીવીએ અને કરુણા રેલાવીએ. એમ માત્ર કહેતા જ નથી, છલોછલ જીવે છે. બાપુ અનરાધારે, ધોધમાર વરસતા હોય ત્યારે કોરા રહી જવું એ ગુનો બને છે. અનહદ પ્રીતિ અને પ્રતીતિનો આ સમય છે. ક્ષણ,પળ ગુમાવવી પાલવે એમ નથી, આજે નહીં ભીંજાઈએ તો ફરી કયારે ? આવા વખતે બાપુને ગમતો કવિ રમેશ પારેખ યાદ આવે છેઃ

**'આજ વરસાદ નથી એમ ન કહેવાય, રમેશ,**
**એમ કહીએ કે હશે, આપણે ભીના ના થયા.'**

બાપુના ઝોળામાં ભરોસો, વિવેક, આદર, નૈતિકતા, અશ્રુ, કળા, સંવેદના, સંસ્કૃતિ, સૌનો સ્વીકાર ભરેલો છે. માનવજાત સમક્ષ બાપુ ખાલી થઈ સૌને સભર કરી રહ્યાં છે. પ્રાણથી એમની તપ-સાધનાની ફળશ્રૃતિનો ગુલાલ સૌ માટે કરે છે...જેઓ કથામાં સૌ કોઈને 'મારા બાપ,' કહી વાત્સલ્યભાવથી સંબોધન કરે છે ત્યારે એ પિતૃત્વના વહાલ છાંટણાની અનુભૂતિએ આંખમાં આંસુ ઉમટે છે. સહુ કોઈને લાડ,વહાલ આપે છે મારા બાપ !

બાપુને પ્રથમ જોયા વંડા બિલખિયા કૉલેજના આંગણામાં - વર્ષ-૨૦૦૯માં. સહજ સેંજળધામ જતાં બાપુ રસ્તામાં આવતી કૉલેજના દ્વારેથી સાવ અચાનક પ્રવેશે એ જોયું, કે સામેથી મારાથી દોડી જવાયું. ચરણ સ્પર્શ કર્યા, સ્મિત વેરતો ચહેરો, આશીર્વાદ આપતું હૈયું. ભીતરથી શાંત, શુદ્ધજન-સાધુજનની ઔરાનો સંસ્પર્શ થયો. મને અંતરથી પ્રસન્નતા અને પ્રીતિનો મેળાપ થયો. આ મારો બાપુ તરફનો પ્રથમાનુરાગ. પ્રીતિનો પમરાટ શોધતો હતો ને જડી ગયું એવો ઘાટ થયો. મારે મારી સંવેદનાની અનુભૂતિ ઉજાગર કરવા માટે ફરી રમેશ પારેખની પંક્તિનો જ આશ્રય લેવો પડશે,

**'પાંચીકાના હોય, હોય નહીં કદી સંતના ઢગલા**
**સંત સહુને મુકિત વહેંચે, નહીં વાઘાં, નહીં ડગલા.'**

બાપુ, મારા બાપ એટલે.. સફેદ વસ્ત્રો અને કાળી કામળી ધારણ કરતા, હાથમાં બેરખો ફેરવી રામસ્મરણ કરતા, પાછલી રાતની ખટઘડીએ ધૂણો ધખાવી મૌનને સેવતા બાપુની આંખમાં મને અહર્નિશ અશ્રુ-ભેજની જ અનુભૂતિ થઈ છે. માણસાઈનું, સમસંવેદનાનું વટવૃક્ષ કેમ કોળાય એની ખેવના કરતો મારો બાપ છે. પરમ વિશ્રામ સૌને મળે એ માટે તો ૬૮ વર્ષથી તલગાજરડી કથામૃત પીરસે છે. આ સંજીવની સ્પર્શએ સમાજ ઉત્કર્ષનું, માણસને બેઠો કરવાનું જે ગંજાવર કાર્ય કર્યું છે, હજુ થઈ રહ્યું છે, એ ઐતિહાસિક છે. એનો ઇતિહાસ લખવો પડશે.

**મારા બાપએ કરેલી કથાઓની સંવેદન પ્રતીતિ મને ધૂળ બનાવે છેઃ**

(૧) વૃક્ષ વિનાની થતી જતી દુનિયામાં વૃક્ષો અધિક વવાય, સુરક્ષિત થાય એ માટે આખી કથા સદ્ભાવના ટ્રસ્ટને આપે એ વ્યાસપીઠની ખૂબ મોટી સેવા છે.

(૨) સાવરકુંડલામાં આવેલું લલ્લુભાઈ શેઠ-આરોગ્યમંદિર માટે કથા કરીને આજે પણ માતાની હૂંફ બાપુ આપે છે. આ આરોગ્યમંદિર ખૂબ મોટો સેવાયજ્ઞ કરી રહી છે. આ સેવાનો ધૂણો ધખતો રહે એની કાળજી પણ રાખે એ મારા બાપ છે.

(૩) ગાંધીવિચારને વરેલી અમારી લોકભારતી ગ્રામવિદ્યાપીઠ માટે એક કથાગાન કર્યું. અમને અમીરસ આપ્યો એ પાવકપળની પ્રતીતિ તો નતમસ્તક કરે છે.

(૪) બાપુની દરેક રામકથા એક અનુષ્ઠાન છે. તલગાજરડી બાપ 'પ્રેમધર્મ'ની ધજાપતાકા લહેરાવી, રામકથાને વ્યાસપીઠ પરથી ગાતા પ્રેમમારગનો જાણે

અનોખો, નૂતન મારગ ચીંધતા રહે એનો અનુભવ થયો છે. પ્રેમમૂર્તિ બાપુના જીવનકાર્યો બોલે એ સાંભળીએ, જોઈએ તો માલુમ પડે કે મહોબ્બતનો માલમી મોરારિબાપુ છે. તલગાજરડાના આંગણે જતો કોઈપણ જરૂરિયાત મંદ કદી નિરાશ થતો નથી. કચ્છમાં ધરતીકંપથી સર્જાયેલી કરુણાંતિકામાં સહભાગી બનવા, લોકોના આંસુ લૂછવા, બનતું કરી છૂટવા બાપુ ત્યાં પહોચી ગયેલાં, અરે ! સોમાલિયાના દુષ્કાળમાં પીડિતોને અહીંથી મદદ કરે,નેપાળમાં કે વિશ્વના કોઈપણ ખૂણે માનવતાનો સાદ પડે ત્યાં તલગાજરડું હાજરી પુરાવે છે. મારા બાપના આવા તો કંઈ કેટલાય કાર્યો છે.

(૫) તલગાજરડી સાધુની દરેક રામકથા એક આધ્યાત્મિક પ્રયોગ કહી શકાય. સમાજના છેવાડે શ્વસતા માણસોના ઉત્કર્ષ માટે વ્યાસપીઠ અહર્નિશ ઉત્સુકતાની અનુભૂતિ આચરણથી કરાવે છે. વિચરતી વિમુકત જાતિઓ માટે કથા, અઢારેય વરણ માટે કે કિન્નર સમાજ હોય કે માનવ સમાજે જેને કોઠા ઉપર બેસાડી એવી ગણિકાબહેનો માટે બાપુએ 'માનસ-ગણિકા'નું ગાયન અયોધ્યામાં વ્યાસપીઠ પરથી કર્યું હતું. સળગતા સમયમાં, અનેક પડકારોનો સામનો કરતા ગણિકાઓને પોતાની દીકરીઓ કહી બાપુ કથા માટે સ્વયં આમંત્રણ આપવા માટે મુંબઈના રેડલાઇટ એરિયા-કમાઠીપુરા ગયેલ. આ એમની બહેનો તરફની કરુણા હતી.

બાપુ જયારે તા.૧૨-૧૨-૨૦૧૮ ના રોજ મુંબઈના કમાઠીપુરા જે ગણિકાઓનો નિવાસ્થાન-કોઠા છે ત્યાં અયોધ્યાની 'માનસ-ગણિકા' કથાનું આમંત્રણ આપવા ગયા હતા ત્યારે એક ગણિકાએ બાપુને કહ્યું:

**'બાપુ, તમે તો ગંગાજળ જ પીઓ છો, અમે તમારા માટે ગંગાજળ કયાંથી લાવી આપીએ ?'**

**ત્યારે મોરારિબાપુએ કહ્યું: 'બેટી, તારા ગોળાનું પાણી મારા માટે ગંગાજળથી કમ નથી.'**

અયોધ્યામાં 'માનસ-ગણિકા'ના સમયે વ્યાસપીઠ આસપાસ કેટલીયે ગણિકાબહેનો નવ દિવસ રામકથામૃતનું શ્રવણ કરી ધન્ય થઈ હતી. અયોધ્યામાં વ્યાસપીઠ પરથી માનસ ગણિકાના ગાન દરમિયાન બાપુની આંખોમાં આંસુનો ભેજ હતો, ભીતર ભીનાશ પ્રસરેલી આ સંવેદનાની પ્રતીતિ મને હજુ પણ રડાવતી રહે છે. તલગાજરડી વ્યાસપીઠે કહેલું એનું સત્ય પણ લાધે છે કે:

**'આ મારો પ્રેમયજ્ઞ છે. અહીં આંસુઓનો અભિષેક થાય છે. રામકથા ભાવજગતની કથા છે, કર્મજગતની પણ કથા છે અને જ્ઞાનજગતની પણ કથા છે. હું માત્ર રામની કથા જ નથી સંભળાવતો, હું તો આપને સ્મિત આપવા આવ્યો છું.'**

તલગાજરડી વ્યાસપીઠ નાલંદા,કેમ્બ્રીજ,હારવર્ડ અને યુનોથી વિશ્વમાં સમજણ, શાંતિ અને સુખનો પ્રસાદ આપી રહી છે. બાપુને જોતા-દર્શન કરતાં, ભાવસભર સાંભળતા જે રસપાન થાય છે તે પૂજય બાપુના સ્મિત અને પરમ વિશ્રામની અનુભૂતિ કરાવે છે. સ્મિતસભર ચહેરે તલગાજરડા-ચિત્રકૂટ-ધામના હિંચકે બેસતા બાપુને કોઈપણ માણસ સીધા જ મળી શકે, જોઈ,વાત કરી શકે, પોતાની આપદા વર્ણવી, પીડા ઓછી કરી શકે એટલા સમીપ છે. સમસંવેદનાના મૂળિયા ભીતર રસાયેલ પ્રેમતત્ત્વમાં રહેલા છે એની પ્રતીતિ મને પણ છે.

**આપણા બાપની પ્રીતિઃ**

કોરોના કાળમાં સામેથી બાપુ મને ફોન કરી પુચ્છા કરતા-પરિવાર મજામાં છે ને દિનુભાઈ ? કંઈ જરૂરિયાત હોય તો કહેજો..ત્રણ વખત ત્યારે ફોન આવ્યા જાણે સત્ય, પ્રેમ, કરુણાએ સાદ દીધો..એ સમયે આંખો ભરાઈ આવતી અત્યારે પણ આંખો અશ્રુથી ભરાઈ આવી...આ પ્રીતિની પ્રતીતિ અમને ભીતરથી કહે છે કે: 'તારો ફોગટ ફેરો નથી ગયો !'

મારી બાપુ તરફની પ્રીતિ અને પ્રતીતિની યાત્રાનો શુભારંભ થયો વર્ષ-૨૦૧૧થી. ફૂલછાબમાં મારી 'ગાંધીજીવન' કોલમ ચાલે એમાં ગાંધીવિચારને કેન્દ્રમાં રાખી સત્ય વાત લખતો. ફૂલછાબ દૈનિક બાપુને ગમે છે, ફૂલછાબ નિયમિત વાંચે એમાં ગાંધીવિચાર કટારમાં આવતા લેખ બાપુને ગમ્યાં..એક દિવસ સાવ અચાનક બાપુનો ફોન આવ્યો..(ફૂલછાબ ઓફિસમાંથી નંબર મેળવી)ને હું તો

ગદ્‌ગદીત થઈ ગયો..કયારેક એકાદ ગાંધીપ્રસંગને વ્યાસપીઠ ઉપરથી મારા નામ સાથે કહે..આ પ્રીતિની પ્રતીતિએ મને અધિક માણસ બનાવ્યો છે.

બાપુ સેંજળધામ જતા-આવતા રસ્તામાં વંડા ગામે બિલખિયા કૉલેજમાં સહજ આવી લટાર મારે ત્યારે ખૂબ શાંતિ મળે..જયારે જયારે સમય લંબાય તો અહખ રહે ત્યારે તલગાજરડા જાઉં, હિંચકે બેસતા બાપુને અનિમેષ નિહાળવાનું બને. મૌન રહી કશુંક પામી જવાય એવી ઘટના સાવિત્રી વડની શીતળ છાયામાં, હનુમંત નિશ્રામાં બનતી રહે છે.

વર્ષ-૨૦૧૮માં એક દિવસ મહુવાથી રાજકોટ જતા બાપુ સાવરકુંડલા અમારે ઘરે સામેથી કહેરાવી આવે છે. અમે તો ભાડાના મકાનમાં રહીએ એ સંકડાશમાં પણ બેસીને આનંદથી ચા-ભજીયા લીધાં હતાં...આ માનવતાની પ્રીતિએ જીવન તરફનો અમારો ભરોસો દૃઢ કરી દીધો, જીવનબળ મળ્યું હતું.

વર્ષ-૨૦૧૯માં બિલખિયા કૉલેજ બંધ થઈ, બાપુને જાણ થઈ એટલે તુરંત મને ફોન કરી નચિંત રહેવાનું કહ્યું, આવા મુશ્કેલ સમયે કોઈ આપણું છે એ પ્રતીતિ અમૃતસમી બની રહી હતી. આજે પણ આ સધિયારો અમને ઊર્જા આપે છે. સહજ, શાંત રાખી, વિવેક ચૂકવા દેતું નથી.

વર્ષ-૨૦૨૪માં બાપુનું કહેણ આવ્યું કે,‘નોર્વે કથામાં બંને જણ આવો’ પણ અમારો પાસપોર્ટ તૈયાર ના હોવાથી નોર્વે કથામાં અમે જઈ ના શક્યા. ફરી બાપુએ કહેવરાવ્યું કે,‘પાસપોર્ટ બનાવી લેશો’, એ તૈયાર થયે, અમને ઈન્ડોનેશિયામાં રામકથામાં આવવાનું કીધું...આવો પ્રેમભાવ રાખે એ અમારા બાપનું સહજ સુમિરન થયા જ કરે છે.

એ પ્રતીતિ ગાઢ થતી રહી મારા બાપના મસ્ત મૌલા સ્વભાવને લીધે પણ કારણ કે,મારા બાપ, અધુરપમાં જીવતાં પરિવારને ત્યાં કીધાં વિના પહોંચે ને સામેથી ગંગાજળ આપી રોટલો ઘડાવે, ઘરની બેન-મા આસું સારતી બાપુને માટે રોટલો ઘડતી હોય ત્યારે એ આંસુ પણ લોટમાં પડે જાણે કે ગંગાજળ જ. એ પછી એમના આંગણામાં બેસીને બાપુ પ્રેમથી રોટલોને શાક કે મરચું આરોગે. વર્ષોથી આ રીતે બાપુને જે કદી મળી શકવાના નથી તેને ત્યાં વત્સલ બાપ સહજતાથી જાય છે. આ વર્તનમાં મને એ સમજણ પ્રતીત થાય છે કેઃ બાપુનું કુળ અને મૂળ સંતનું છે. જેવું બોલે એવું જીવે છે. જીવેલું બોલે છે એ મારી પ્રતીતિ છે.

બાપુનું તલગાજરડી આંગણું કળાકારો અને કળાની અભિવ્યકિત માટે બધા જ માટે ઉઘડેલું હોય છે.

૨૦૧૬માં વંડા ગામના એક ડાકડમરુના કળાકારને બાપુ સમક્ષ પોતાની કળા ઉજાગર કરવી હતી. મને કહે તમે અમને લઈ જાઓ, એમને લઈને તલગાજરડા ગયા, દર્શન કર્યા. વાત સાંભળી,સ્મિત સાથે કળાકારને આવકાર્યો, એક સાવ અજાણ કળાકારની કળાની વંદના કરી...આવું તો પૂજય બાપુ જ કરી શકે હો ! જયાં ભારતરત્ન મેળવેલ કળાકારો આવીને પોતાની કળા દ્વારા વંદના કરી જતા હોય ત્યાં ગામડાંનો એક લોકકળાનો કળાકાર આવે તો પણ આવકારમાં ભેદ નહીં. બાપુની આ પ્રતીતિ આપણને માણસાઈ તરફ દોરી જાય છે.

તલગાજરડે-ચિત્રકૂટમાં બેસો, બાપુ સાવિત્રી વડની છાયામાં હિંચકે બેઠા હોય, ત્યાં ખૂબ જરૂરિયાત મંદ લોકો પણ આવે..બાપુ બધાંને સાંભળે અને સહાયરૂપ બને..મોટી સંસ્થાઓથી લઈને જેનું કોઈ નથી એવા લોકો તરફ બાપુની પ્રીતિની પ્રતીતિ આપણી આંખનો ખૂણો ભીનો રાખે છે. પૂજય બાપુએ કહેલું કેઃ

**‘મારી પાસે ત્રણ ખૂણા છે. એક મારા રામજીમંદિરનો ખૂણો, બીજો મારી વ્યાસપીઠનો ખૂણો અને ત્રીજો મારી આંખનો ખૂણો.’**

મારી પ્રતીતિ છે કે, આ ત્રણેય ખૂણાં ભેજવાળા છે. પૂજય બાપુ તો મારી પ્રતીતિએ ‘ઈશોપનિષદ’નો પ્રથમ શ્લોક જે આપણો સાંસ્કૃતિક વારસો- અણમોલ ધરોહર છે એને જીવે છેઃ

ईशावास्यमिदं सर्वं यत्किञ्च जगत्यां जगत् ।
तेन त्यक्तेन भुञ्जीथा मा गृधः कस्यस्विद्धनम् ।।

બાપુ માટે કોઈ પરાયું નથી, સૌનો સ્વીકાર એ એમનો

સ્વભાવ બની ગયો છે. જયારે તલગાજરડું-રામજીમંદિરમાં આરતી ટાણે ગામની દલિત દીકરીઓને આરતી કરવા આમંત્રણ આપે છે એ માત્ર ઝાલરટાણું નથી એ તો માણસનો માણસ તરીકે સ્વીકાર છે. આ ઘટનાની યાદ પણ આંખમાં અશ્રુ લાવે-આંખમાં ભેજ આણે છે. બાપુ તરફની પ્રીતિ આવી સંવેદન ઘટનાઓથી અધિક ઊજળી થતી રહી છે.

પૂજય મોરારિબાપુના મુખેથી વ્યાસપીઠ ઉપરથી ઉજાગર થયેલ દાર્શનિક સૂત્રોને સંકલિત કરવાનું મને સહજ મન થયું એટલે કામ હાથ ઉપર લીધું...છ મહિના પછી પ્રથમ પુસ્તકની ફાઇલ લઈને પ્રકાશનની મંજૂરી માટે પૂજય બાપુની પાસે તલગાજરડા-ચિત્રકૂટ ધામ ગયો... પ્રથમ પુસ્તકનું શીર્ષક રાખેલુંઃ 'તલગાજરડી આંખ' જેમાં પૂજય બાપુના ૧૧૧૧ મૌલિક સૂત્રો ચૂંટીને મૂકેલ હતાં. બાપુએ જોયું અને રાજીપો વ્યકત કર્યો...ખાસ તો પુસ્તકનું નામ 'તલગાજરડી આંખ' બાપુને ગમી ગયું હતું. પુસ્તક પ્રકાશિત થયું અને ૨૦૧૮માં સાવરકુંડલામાં લલ્લુભાઈ શેઠ આરોગ્યમંદિરના લાભાર્થે રામકથા હતી ત્યારે વ્યાસપીઠ ઉપરથી વિમોચન થયું...પૂ. બાપુએ ખૂબ આશીર્વાદ આપ્યાં, અમારી આંખના ખૂણા એ સમયથી ભીના થઈ ગયાં. પછી તો વ્યાસપીઠથી વહેતા રહેલા સૂત્રોને સંકલિત કરીને સૂઝ, સમજણથી બાપુના શબ્દ, વિચાર,સંવેદનને સજાગ રહી, જાળવીને એક પુસ્તક શ્રેણી પ્રકાશિત કરી જેમાંઃ 'તલગાજરડી પ્રેમયજ્ઞ', 'તલગાજરડી વિવેક', 'તલગાજરડી સાધુ', 'તલગાજરડી સહજતા', 'તલગાજરડી અવકાશ', 'તલગાજરડી વ્યાસપીઠ', 'તલગાજરડી સૌરભ', 'તલગાજરડી સંકેત', 'સત્ય,પ્રેમ,કરુણા', 'મોરારિબાપુની અમૃતવાણી', 'શબદની નાવ મૌનના ઘાટે', પ્રકાશિત થયાં છે. આ દરેક પુસ્તક તલગાજરડી શુભહસ્તે વિમોચન પામ્યા છે.

પૂ.બાપુના દર્શને-તલગાજરડે જવાનું થાય ત્યારે હંમેશા માતાના ખોળામાં આવીને બેઠા હોઈએ એવી સંવેદનાની અનુભૂતિ થાય છે. બાપુ દિનંદી માતૃત્વની કોમળતાને જીવી રહ્યાની પ્રતીતિ થાય છે. કોમળ, સમસંવેદનશીલ માણસ જ બાળક જેવો સરળ, પારદર્શક, પ્રેમાળ અનુભવાય છે. તેથી જયારે બાપુને હિંચકે ઝૂલતા જોઉં ત્યારે પૃથ્વીના પારણિયે - આશ્રયે પરમ વિશ્રામની મોજ માણતા ઓલિયા જીવને જોતો હોઉં છું. મારા બાપ ભીતરથી મૌનના ઘાટે બેઠા, સાધનામાં નિમગ્ન રહી, માનવ સભ્યતાની આ કટોકટીના સમયે છેલ્લા સાત દાયકાથી...

**ધરતી અને ગગનાંગણેથી,**
**શહેર અને શેરીએથી,**
**પીડા અને પ્રસન્નતાથી,**
**નયન અને નયનાશ્રુથી,**
**વાણી અને મૌનસહ,**
**પરિવર્તન પામતી હરેક ક્ષણથી,**
**ઉપવાસી ઉદરે કે તૃપ્ત હૃદયથી,**
**પૂજય બાપ બેસતાં, ઉઠતાં, ચાલતાં,**
**પરિક્રમા કરતાં સૌ સૃષ્ટિ - સજીવોના કલ્યાણ હેતુ,**
**માનવજાત માટે પરમ વિશ્રામની પળ પાકે,**
**એ માટે સાધનામાં ઓગળી જઈ પ્રાર્થનામય બની ગયાં છે.**

મને તો પૂજય બાપુની પ્રીતિની પ્રતીતિ સજાગ રાખી 'નામ સ્મરણ' કરાવે છે. મોરારિ બાપુઃ મારી પ્રીતિ, પ્રતીતિ વિશે અધિક શું કહું ? બસ, બાપુને ગમતાં કવિ રમેશ પારેખની કવિતાની પંક્તિ ટપકાવી મારી અઢળક પ્રતીતિને સમર્પિત કરું..!

**'બહાર ઊભા હોત તો તસવીરની ચર્ચા કરત**
**આ અમે ઊભા છીએ તસવીરમાં, શું બોલીએ ?'**

મો.૯૯૭૯૧૮૭૫૮૭

**કવિવર ટાગોરની દૃષ્ટિએ ગાંધીજી**

કવિવર ટાગોર પરદેશ ગયેલા ત્યાં એક પત્રકારે ગુરુદેવને સવાલ કર્યોઃ

'તમારે ભારતમાં ગાંધીજીનું ખૂબ માન છે શા માટે ?'

કવિઃ 'હા અમારે ત્યાં ગાંધીજીનું ખૂબ માન છે કારણ કે જંગલમાં જવાનું થાય અને જો વાઘ નજરે પડે તો મારાથી ભયના માર્યા 'ઓ' બોલાય જાય, પરંતુ ગાંધીજીને એવું નહીં થાય.'

## (૦૫) 'વૈષ્ણવજન' રચનામાં મૅનેજમેન્ટ દષ્ટિકોણ

ડૉ. છાયા પારેખ

આદ્યકવિ શ્રી નરસિંહ મહેતાનું ખૂબ જ જાણીતું અને મહાત્મા ગાંધીનું અતિ પ્રિય એવું ભજન "વૈષ્ણવ જન તો તેને રે કહીએ" શાળા, મહાશાળાઓ, વિવિધ કાર્યક્રમો કે વિવિધ સ્થળોએ વારંવાર ગવાતી, સંભળાતી એક લોકપ્રિય રચના છે. ગુજરાતી ભાષાનું તે એક ઉત્કૃષ્ટ પદ છે અને ગુજરાતી ભાષાના એક આદ્યકવિએ રચેલું હોવાથી ગુજરાતના જનજીવનમાં તો આ પદ તાણાવાણાની માફક વણાઈ ગયું છે. માત્ર ભારત જ નહીં, પરંતુ વિશ્વના વિવિધ દેશોના ગાયકોએ પણ આ ભજન ગાયું છે. આ ભજનમાં નરસિંહ મહેતાએ એક સાચો 'વૈષ્ણવજન' અર્થાત એક સાચો ભક્ત કેવો હોય તેના ગુણો ગાયા છે. થોડું ઊંડાણથી વિચારીએ તો સમજાય કે આ તો એક સજ્જનના લક્ષણોનું વર્ણન છે. થોડા જુદા દષ્ટિકોણથી વિચારીએ તો આજે આધુનિક મૅનેજમેન્ટ જે મૅનેજર, લીડર કે પ્રોફેશનલના ગુણો દર્શાવે છે તેનું જ વર્ણન વર્ષો પહેલાં જયારે કોઈ મૅનેજમેન્ટ સ્કૂલનો ઉદ્ભવ નહોતો થયો એ સમયે ભક્ત કવિ નરસિંહ મહેતાએ આ ભજનમાં કર્યું છે. તેના એક એક શબ્દ અને એકેક પંક્તિમાંથી આધુનિક મૅનેજમેન્ટના પાઠ શીખવા મળે છે.

**વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે :-**

આ પંક્તિ માટે મૅનેજમેન્ટનો અંગ્રેજી શબ્દ છે 'એમ્પથી' અર્થાત સમસંવેદના કે સમાનુભૂતિ. સામેની વ્યક્તિના ભાવો, વિચારો કે લાગણીઓ સમજાય તો તેની પરિસ્થિતિ આપણે સમજી શકીએ. બીજાની પીડાઓ, મુશ્કેલીઓ કે સમસ્યાઓને સમજવાનો પ્રયત્ન કરીએ તો તેનું વર્તન પણ આપણે સમજી શકીએ. જે પોતાની જાતને સામેની વ્યક્તિના સ્થાને મૂકીને તેને સમજવાનો પ્રયત્ન કરે છે તે મૅનેજર એક સફળ લીડર બની શકે છે. તેનું કમ્યુનિકેશન અસરકારક બને છે. કમ્યુનિકેશનમાં લીસનીંગ (સાંભળવું અને સમજવું-અનુભવવું) ખૂબ અગત્યનું છે. અન્યની પીડા, મુશ્કેલીઓ, વિચારો કે લાગણીઓને જાણવા માટે તેમને સાંભળવા જરૂરી છે.

**પર દુઃખે ઉપકાર કરે ને મન અભિમાન ન આણે રે :-**

આ પંક્તિમાં ઈન્ટરપર્સનલ સ્કિલ્સની વાત કરવામાં આવી છે. અભિમાની માણસ અન્ય સાથે સહજતાથી જોડાઈ શકતો નથી. અભિમાન-અહંકાર માનવસંબંધોમાં અવરોધક છે. અન્યને મુશ્કેલી કે દુઃખના સમયમાં મદદ કરવી એ આપણી જવાબદારી અને ફરજ છે એવું જે સમજે છે તેને કોઈ ઉપકાર કર્યાનો ભાવ કે અહમ્ મનમાં હોતો નથી. આથી તેના મનમાં ઊંચ-નીચ કે અમીર-ગરીબના ભેદભાવ હોતા નથી. માણસને એ કોઈ પદ, જ્ઞાતિ, જાતિ, ધર્મ કે અન્ય કોઈ લેબલ વિના નર્યા માણસ તરીકે સ્વીકારી શકે છે. આ પ્રકારના ઈન્ટરપર્સનલ બિહેવિયરથી ઓર્ગેનાઇઝેશનમાં સમાનતાનું વાતાવરણ સર્જાય છે. સંસ્થા કે ઓર્ગેનાઇઝેશનમાં ટીમવર્કથી જ સફળતા મળે છે. ટીમવર્ક માટે ઈન્ટરપર્સનલ સ્કિલસ ખૂબ જરૂરી છે.

**સકળલોકમાં સહુને વંદે, નિંદા ના કરે કેની રે :-**

જે વ્યક્તિ કોઈની નિંદા કે ટીકા નથી કરતાં પરંતુ સૌને આદર અને સન્માન આપે છે તે સાચો વૈષ્ણવજન છે તેમ નરસિંહ મહેતા કહે છે. આ પંક્તિમાં પોઝિટિવ એટિટ્યુડની વાત સમાયેલી છે. જેને દરેક વ્યક્તિ, પરિસ્થિતિ કે વસ્તુની સારી બાજુ જ દેખાય છે તે વ્યક્તિ હકારાત્મક અભિગમ ધરાવે છે તેમ કહેવાય. એવું કહેવાય છે કે પોઝિટિવ એટિટ્યુડ પોઝિટિવ પરિણામો સર્જે છે. હકારાત્મક અભિગમ ધરાવતી

વ્યક્તિ ગુણાનુરાગી, ગુણગ્રાહી અને ગુણદર્શન કરનારી હોય છે. પોતાના વિરોધીઓના પણ સારા ગુણોની કદર કરી શકે છે અને દુશ્મનીને મિત્રતામાં પરિવર્તિત કરી શકે છે. આવા લોકો તેમની સામે ફેંકાયેલા પથ્થરનો સીડી તરીકે ઉપયોગ કરીને ઉંચે જઈ શકે છે. પોઝિટિવ એટીટ્યુડ ધરાવતા કર્મચારીઓની ટીમ કોઈ પણ ઓર્ગેનાઇઝેશન માટે એસેટ સમાન છે.

**વાચ-કાછ-મન નિશ્ચલ રાખે, ધન્ય ધન્ય જનની તેની રે :-**

વાચ, કાચ, મન એટલે કે મન, વચન અને કર્મ. વિચાર, વાણી અને વર્તનની એકસૂત્રતા એટલે ઈન્ટિગ્રિટી. એક મૅનેજર, લીડર કે પ્રોફેશનલ તરીકે વિશ્વસનીયતા અને શાખપાત્રતા તેમની અસરકારકતા વધારે છે. અને તેના પાયામાં છે ઈન્ટિગ્રિટી. વ્યક્તિ જેવું વિચારે તેવું બોલે અને બોલે તેવું કરે ત્યારે તેનામાં લોકો વિશ્વાસ મૂકે છે. અંગત કે વ્યાવસાયિક દરેક સંબંધોમાં વિશ્વાસ સંબંધોને મજબૂત બનાવે છે. જ્યાં વિશ્વાસ છે ત્યાં કમ્યૂનિકેશન પણ સફળ રહે છે. લોકો આપણા શબ્દો પર નહિ, આપણા આચરણ પર વિશ્વાસ મૂકે છે. આજે રાજકારણીઓ પર લોકોનો વિશ્વાસ કેમ ઘટતો જાય છે? કારણકે તેઓ આપેલા વચનો નિભાવતા નથી. મહાત્મા ગાંધીને લોકો તેમની ઈન્ટિગ્રિટીને કારણે એક મહાન નેતા તરીકે સ્વીકારે છે. તેમણે કહેલું કે “મારું જીવન એ જ મારો સંદેશ છે.” કમ્યુનિકેશન, કમિટમેન્ટ અને ક્રેડીબિલીટીનો આધાર ઈન્ટિગ્રિટી પર છે જે એક બિઝનેસમેન, પ્રોફેશનલ કે કર્મચારી પાસે અપેક્ષિત છે. વિચાર, વાણી અને વર્તનની એકસૂત્રતા - નિશ્ચલતા એ જ વ્યક્તિનું ચારિત્ર્ય છે અને આધુનિક સમયમાં તેને આપણે પ્રોફેશનલ બિહેવિયર તરીકે ઓળખીએ છીએ.

**સમદૃષ્ટિ ને તૃષ્ણાત્યાગી, પરસ્ત્રી જેને માત રે :-**

સમદૃષ્ટિ એટલે કોઈ પણ પ્રકારના ભેદભાવ વિના દરેક સાથે સમાન રીતે વર્તવું. કોઈ પણ બોસ કે ટીમ લીડર માટે આ ખૂબ અગત્યનો ગુણ છે. વહાલાં-દવલાંની નીતિ વિના સૌને સરખું મહત્ત્વ આપવામાં આવે ત્યારે ટીમ બિલ્ડીંગ સારી રીતે થઈ શકે છે. ઓર્ગેનાઇઝેશનમાં દરેકના કાર્યને મહત્ત્વનું સમજવામાં આવે તો દરેક કર્મચારીની કાર્યનિષ્ઠા વધે છે અને તે પોતાની ભૂમિકાને મહત્ત્વની સમજીને જવાબદારીપૂર્વક નિભાવે છે. મૅનેજર હોય કે મજૂર - દરેકને મહત્ત્વ અને માન મળે તો તેમની કાર્યનિષ્ઠા, કાર્યસંતોષ અને કાર્ય જુસ્સો વધે જેનાથી ઓર્ગેનાઇઝેશનની ઉત્પાદકતા, ગુણવત્તા અને નફાકારકતા વધે. સમાનતા અને સંવાદિતાનું વાતાવરણ સર્જાય તે માટે મૅનેજરે સમદૃષ્ટિથી વર્તવું જોઈએ.

“પરસ્ત્રી જેને માત રે...” આ પંક્તિ સ્ત્રી દાક્ષિણ્ય અને સન્માનની ભાવના સૂચવે છે. ઘરમાં, સમાજમાં કે વ્યવસાયમાં સ્ત્રીઓને સન્માન આપવામાં આવશે તો જાતીયશોષણ, બળાત્કાર, જાતીય અસમાનતા વગેરેને અવકાશ નહિ રહે. આજે સમાજમાં જે રીતે આ પ્રકારની ક્રૂર અને પાશવી ઘટનાઓ વધી રહી છે ત્યારે સમાજમાં સ્ત્રીઓ માટે સલામતી અને સુરક્ષાનું વાતાવરણ સ્થપાય તે માટે ‘પરસ્ત્રી જેને માત રે’ની ભાવના દ્વારા સ્ત્રીના આત્મસન્માનનું ગૌરવ થાય તે અત્યંત આવશ્યક છે.

**જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન ન ઝાલે હાથ રે:-**

કમ્યુનિકેશનના સાત "સી"માં એક “સી” છે કરેક્ટનેસ. સાચું બોલવાથી જ આપણામાં કોનફીડન્સ આવે છે. ઇન્ટરવ્યૂમાં, બિઝનેસ મિટિંગમાં, અહેવાલ કે રોજબરોજના કાર્યોમાં સાચું બોલનાર વ્યક્તિ-કર્મચારી વિશ્વાસપાત્ર બને છે. સત્ય એ એક એવું મૂલ્ય છે કે જેની સાથે પ્રમાણિકતા, નીતિમત્તા, સદાચાર જેવા મૂલ્યો અને ગુણો આપોઆપ પ્રગટે છે. બિઝનેસમાં એવા વ્યક્તિઓની જરૂર હોય છે કે જેના પર ભરોસો રાખી શકાય. ખોટું બોલનાર ભરોસાપાત્ર બનતા નથી. આમ ‘જિહ્વા થકી અસત્ય ન બોલે’ મૅનેજમેન્ટમાં મહત્તા સૂચવે છે.

**'પરધન ન ઝાલે હાથ રે'** પંક્તિ બિઝનેસ એથીક્સ અને મોરાલિટીની સૂચક છે. સિદ્ધાંતો, મૂલ્યો અને પ્રમાણિકતાના રસ્તે જ કાયમી સફળતા મળે છે. આવા જ લોકો અને સંગઠનોની સમાજમાં ગુડવિલ અને બ્રાન્ડ વેલ્યુ વધે છે. ગાંધીજીએ દર્શાવેલો ટ્રસ્ટીશીપનો સિધ્ધાંત અને આજે જે પ્રચલિત છે તે કોર્પોરેટ સોશ્યલ રિસ્પોનસિબિલીટી નો ખ્યાલ 'પરધન ન ઝાલે હાથ રે' પંક્તિઓનું જ વિસ્તરણ છે.

**મોહ-માયા વ્યાપે નહિ જેને, દૃઢ વૈરાગ્ય જેના મનમાં રે :-**

મોહમાં અંધ બનેલ વ્યક્તિ કોઈ પણ બાબતનું યથાર્થ દર્શન કરી શકતી નથી આથી યોગ્ય નિર્ણયો લઈ શકતી નથી. યોગ્ય નિર્ણયો લેવા માટે મોહમાંથી મુક્ત થવું આવશ્યક છે. મહાભારતના યુદ્ધ સમયે કુરુક્ષેત્રના રણમેદાનમાં ઊભેલો અર્જુન સ્વજનો અને પરિવારજનોના મોહવશ હથિયાર હેઠાં મૂકી દે છે અને યુદ્ધ માટે તૈયાર નથી. આ સમયે કૃષ્ણ તેને મોહ છોડી ધર્મ માર્ગનું યથાર્થ દર્શન કરાવે છે અને પછી અર્જુન યુદ્ધ માટે-ધર્મયુદ્ધ માટે પોતાની ભૂમિકા નિભાવવા તત્પર બને છે. ભગવદ્‌ગીતામાં શ્રીકૃષ્ણ અર્જુનને કહે છે કે મોહથી મુક્ત થઈ દિવ્યતા સાથે જોડાઈ જા.

**રામનામ શું તાળી રે લાગી, સકલ તીરથ તેના તનમાં રે :-**

અહીં વાત શ્રદ્ધાની છે. આપણા કાર્ય પ્રત્યેની આપણી શ્રદ્ધા, કાર્યના પરિણામ માટેની શ્રદ્ધા અને ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા હોય તો આપણે પોતે જ - આપણું શરીર એક તીર્થ અને મંદિર સમાન છે. આત્માનું નિવાસસ્થાન પણ શરીર છે આથી પાંચ મહાભૂતના પિંડમાં રહેલા પરમતત્ત્વ પ્રત્યેની આપણી શ્રધ્ધા અને ઉપાસના આપણને નિર્મળ, શુદ્ધ અને પવિત્ર બનાવે છે જેને આપણે મંદિર કે તીર્થ કહી શકીએ.

**વણલોભી ને કપટરહિત છે, કામ-ક્રોધ જેણે માર્યા રે :-**

આપણામાં કહેવત છે કે "લોભને નહીં થોભ". લોભ અને લાલચ વ્યક્તિને ઘણા કપટ અને પ્રપંચ કરાવે છે. વેપારી, અધિકારી કે કર્મચારી વધુ મેળવવાના લોભ-લાલચ વિના પ્રમાણિકતાથી પોતાનું કાર્ય કરે છે તેની પ્રગતી થાય છે અને પોતાના અંગત જીવનમાં પણ સુખી થાય છે. ગાંધીજીએ કહ્યું છે કે, 'જરૂરિયાતો સંતોષી શકાય છે, લાલચ નહિ'. આજે દરેક ક્ષેત્રમાં ભ્રષ્ટાચાર વધ્યો છે તેનું એક કારણ માણસમાં રહેલી લોભવૃત્તિ છે. કામ, ક્રોધ, મદ, મોહ, માયા અને લોભ એ આપણા છ આંતરશત્રુઓ છે. જેમાં કોઈ એકની હાજરી બીજા માટેનું નિમંત્રણ છે. મતલબ કે એક દોષ બીજા અનેક દોષોને સાથે લઈને આવે છે. અંદરની આ દુર્વૃત્તિઓ પર વિજય મેળવનાર સાચો વિજેતા છે.

**ભણે નરસૈંયો તેનું દર્શન કરતાં કુળ એકોતેર તાર્યા રે :-**

ઉપરની પંક્તિ સાથે જ આ પંક્તિનું અનુસંધાન છે. આંતરશત્રુઓને વશ કરનાર, તેના પર અંકુશ મેળવનાર કે તેને જીતનાર જ સાચો અર્થાત સફળ વ્યક્તિ છે. સંપત્તિ અને સત્તાના લોભ વિના, પ્રતિષ્ઠાના મોહ વિના, પ્રસિધ્ધિના મદ વિના, સ્વાર્થની માયા વિના, કામ-ક્રોધરહિત જીવન જીવનાર મનુષ્ય સાચો જીવનસાધક છે, સફળ છે, વિજેતા છે. અંગત અને વ્યાવસાયિક જીવનમાં તેમની જ મહત્તા છે.

આપણે જોયું કે, 'વૈષ્ણવજન તો તેને રે કહીએ'નું એક એક પદ સફળ, સાર્થક અને સુખી જીવનની માર્ગદર્શિકા છે. તે મૅનેજમેન્ટના સંદર્ભમાં પ્રોફાઇલ ઓફ અ પરફેક્ટ પ્રોફેશનલ દર્શાવે છે. મૅનેજમેન્ટના સિદ્ધાંતોની અનોખી આચારસંહિતા છે કારણ કે જીવન અને મનુષ્યત્વના સિદ્ધાંતો જ આખરે દરેક ક્ષેત્રમાં સર્વોપરી બને છે.

મો. ૯૪૨૭૭૫૦૭૭૭

## (૦૬) 'દેશભક્તિ સદ્ભાવયુક્ત અને જીવનપોષક હોવી જોઈએ'- મહાત્મા ગાંધી

**સારાનુવાદ - સોનલ પરીખ**

ઘણું વિચાર્યા પછી હું સ્વદેશીની આવી વ્યાખ્યા કરી શક્યો છું, કે સ્વદેશી એટલે આપણા પ્રદેશમાં બનતી વસ્તુઓ જ વાપરવાનો અને આપણી આસપાસ ઉપલબ્ધ સેવાઓનો જ ઉપયોગ કરવાનો આગ્રહ. અને જો એ વસ્તુઓ, એ સેવાઓ ખામીભરેલાં લાગે તો એ ખામીઓ દૂર કરવા પ્રયત્નશીલ બનવાની તૈયારી.

આવું જ ધર્મ અને રાજકારણનું ગણવું. પોતાનો ધર્મ, પોતાના ગામનું કે દેશનું રાજકારણ એ જ આપણા. એને સ્વીકારીએ અને એની ક્ષતિઓ દૂર કરીએ. લાલચ કે લોભમાં પડી ધર્માન્તર કે પક્ષાન્તર ન કરીએ. ધર્મ અને રાજકારણ વચ્ચે સંબંધ નથી એમ ન માનશો, ઊલટું એ બંને એકમેકનાં પૂરક છે. શિક્ષિત વર્ગ અંગ્રેજી શિક્ષણ લે છે, ભલે લે. પણ એનો ઉપયોગ ગામોને સક્ષમ બનાવવા કેમ ન કરે ? માત્ર પોતાનો વિકાસ કરવાને બદલે લોકોનો પ્રતિનિધિ કેમ ન બને ? અંગ્રેજ અધિકારીઓ સામે લોકો પોતાનું મન ખોલી શકતા નથી, પણ દેશના શિક્ષિત વર્ગે તો એમના સુધી પહોંચવું જોઈએ, એમના સુખદુઃખ સમજવા જોઈએ, એને માટે કામ કરવું જોઈએ. સ્વદેશીની ભાવના આ છે. ગામડાંના કેટલાય પ્રશ્નો એવાં છે જે અત્યાર સુધીમાં ઉકેલી શકાયા હોત. એમ થઈ શક્યું નહીં, કેમ કે આપણા શિક્ષિતો પણ અંગ્રેજો જેવા સ્વકેન્દ્રી બની ગયા.

સ્વદેશીની ચળવળને વેર કે બદલાની જેમ ઉપાડવાની નથી, એક ધાર્મિક સિદ્ધાંતની જેમ આચારવાની છે. હું અર્થશાસ્ત્રી નથી, પણ મેં જે વાંચ્યું છે તેના પરથી હું સમજ્યો છું કે ઈંગ્લેન્ડની વધતી તાકાતનું કારણ એ છે કે એ એને જોઈતી વસ્તુઓનું ઉત્પાદન પોતે જ કરી લે છે. વળી એ અહીંથી કાચો માલ લઈ જાય છે અને એમાંથી ઈંગ્લેન્ડમાં તૈયાર કરેલો માલ અહીં મોંઘા ભાવે વેચે છે.

ભારત લંકેશાયર પર શા માટે આધાર રાખે ? એ પોતાના બળે જ કેમ ન ટકે ? પોતાના બળ પર ત્યારે જ ટકાય જ્યારે જોઈતી બધી જ ચીજોનું ઉત્પાદન પોતે જ કરી શકાય. આજે ભારતને જરૂર છે પોતાના ઉદ્યોગો સાબૂત રાખવાની. અંગ્રેજોની નીતિ એવી છે કે તેઓ અહીંના ઉદ્યોગો પર જાતજાતના વેરા મૂકે છે એટલે અહીં બનેલો માલ મોંઘો પડે છે. અહીંના જ કાચા માલમાંથી ત્યાં બનેલો માલ સસ્તો મળે છે. લોકો સસ્તું હોય તે લે છે. આમ અહીંના ઉદ્યોગોની કમર ટૂટે છે. આપણો હેન્ડલૂમ ઉદ્યોગ ભાંગી પડ્યો છે તે શા કારણે ?

બ્રિટનનું આ ષડયંત્ર આપણે સમજીએ. એનો માલ ખરીદવાથી આપણે બે પૈસા કદાચ બચાવીએ, પણ એમ કરીને આપણે એક વિનાશક સ્પર્ધા અને એની સાથે આવતાં અનેક દૂષણોને ટેકો આપીએ છીએ. યોગ્ય શિક્ષણ, લોકોનું-લોકમતનું ઘડતર અને સંગઠનની તાકાત સાચી દિશા તરફ લઈ જઈ શકે. હું પ્રવાસ કરતો હોઉં ત્યારે વણકરોને ખાસ મળું છું અને એમની અવદશા જોઈને મનોમન રડું છું. એમની પાસે આવડત છે, પણ આવક નથી. એમના કુટુંબો ગરીબીમાં ધકેલાઈ ગયાં છે. સ્વદેશીની ભાવનાથી આપણા આવા ભાઈઓને મદદ થશે, આપણા ઉદ્યોગો જીવતા રહેશે અને આપણા ગામો સ્વાવલંબી બનશે.

મારી વાત અર્થ વગરની લાગે છે ? આપણા દેશમાં અર્થ વગરનું ઘણુંબધું બને છે. માણસ તરસે મરી જશે પણ વિધર્મી પાડોશીના ઘરનું પાણી નહીં પીએ. આવા જિદ્દી લોકો ભારતનું જ અનાજ ખાવાની અને ભારતમાં જ બનતી ચીજો વાપરવાની જિદે ન ચડી શકે ? ધર્મ સાચવવા કષ્ટ વેઠે

છે તો દેશ સાચવવા થોડા લાભ જતા ન કરી શકે ? લોર્ડ કર્ઝન આપણને ચાની અને લોર્ડ હાર્ડિન્ગ્ઝ આપણને વિદેશી કાપડની લત લગાડી જાય ત્યારે આપણી જિદ ક્યાં છુપાઈ જાય છે ? જો શિક્ષિતો અને સંપન્નો સ્વદેશીની શપથ લે તો દેશ તેમને અનુસરે. નાતાલની બ્રિટિશ વસાહતે મોરેશ્યસથી આવતી સાકર પર વધારે કર નાખીને પોતાને ત્યાં બનતી સાકરનું ઉત્પાદન અને વેચાણ સાચવી લીધા હતા. આપણે ત્યાં ઈંગ્લેન્ડે એનાથી ઊંધું વર્તી આપણા દેશ પર 'મુક્ત વેપાર'ની નીતિ લાદવાનું પાપ કર્યું છે. એમણે માટે એ ભોજન હશે, આપણે માટે એ ઝેર છે.

કેટલાક માને છે કે ભારતના અર્થતંત્રને સ્વદેશી અનુકૂળ નથી. આવું એટલે લાગે છે કે લોકોએ સ્વદેશીને જીવનની એક શિસ્ત તરીકે જોયું નથી. સ્વદેશીમાં માનતો માણસ એવી અનેક ચીજો વગર આરામથી ચલાવી શકે જેને એ જરૂરી સમજતો હોય. એ એ જ વાપરે જે પોતાના દેશમાં બન્યું હોય. સતત અને સ્થિર પ્રયત્ન હોય તો સ્વદેશી મુશ્કેલ નથી. સ્વદેશી કોઈ ઉપદેશ નથી, એ એક નૈતિક નિયમ છે. જે નોકરી મારા દેશના પૈસાને વિદેશમાં ખેંચી જાય તે હું ન કરું. જો સ્વાર્થવશ એમ કરું તો એમાં નથી મારો વિકાસ, નથી કુટુંબનું હિત અને દેશને તો નુકસાન જ છે.

સ્વદેશી અપનાવવાથી આપણે માનવજાત માટે કંઈક કર્યું ગણાશે. કાર્યને મહાન એની પાછળનો હેતુ બનાવે છે. જો માણસ એમ સમજે કે ઈશ્વરે મને હાથપગ અને બુદ્ધિ એટલા માટે આપ્યાં કે એના દ્વારા હું મારું અને મારા પર નભનારાઓનું ભલું કરું, મારી આસપાસનાઓ માટે કંઈક સારું કરું અને મારા સ્વાર્થ માટે કોઈને નુકસાન ન પહોંચાડું તો એ સરવાળે પોતાનું ને સ્વજનોનું હિત કરવા સાથે દેશની સેવા પણ કરશે.

મારા માટે દેશપ્રેમ એકાંતિક અને સર્વસમાવેશક બંને છે. એકાંતિક એ રીતે કે હું નમ્રતાપૂર્વક માતૃભૂમિ પર એકાગ્ર રહું અને સમાવેશક એ રીતે કે મારી સેવાઓ અન્યને માટે સ્પર્ધા કે દુશ્મનાવટનું કારણ ન બને એનું ધ્યાન રાખું. લેટિન કાયદાનું એક સૂત્ર છે કે પોતાની મિલકતનો ઉપયોગ બીજાને નુકસાન ન પહોંચે એ રીતે કરવો. આ માત્ર એક કાનૂની સૂત્ર નથી. એ જીવનશૈલી છે. એમાં અહિંસા છે, માનવપ્રેમ છે. દેશભક્તિમાં વણાઈ ગયેલી દુશ્મનાવટ અને હત્યાને દૂર કરવાં જોઈએ. દેશભક્તિ સદ્‌ભાવભરેલી અને જીવનપોષક હોવી જોઈએ.

(૧૯૧૬માં મિશનરી કોન્ફરન્સમાં ગાંધીજીએ આપેલા એક અંગ્રેજી પ્રવચનનો સાર)

**સ્વામી આનંદના ગાંધીજી**

એક વાર શ્રીરામ ચિંચલીકરે સ્વામી આનંદને પૂછ્યું હતુંઃ 'તમે ગાંધીજી તરફ શી રીતે ખેંચાયા ?'

સ્વામી આનંદ : 'સાધુઓની સંગતમાં મેં વર્ષો સુધી વિવિધ પ્રકારનાં તપ કરેલાં. તે વખત સુધીમાં પ્રકાશિત થયેલાં 'ભગવદ્‌ગીતા' વિશેના સેંકડો પુસ્તકો મેં ઉથલાવી નાખેલાં. ગીતામાં અનાસકત યોગીના જે લક્ષણો છે તે બધી જ લાક્ષણિકતાઓ મેં ગાંધીજીમાં આચરણ થતી જોઈ,અનુભવી અને હું એમનો દાસ થઈ ગયો. મને આ આ માણસ (ગાંધી) એવો લાગ્યો, જે કહેતો હતો તે કરતો હતો.'

**પાદરીનો જવાબ**

એક પાદરીએ ગાંધીજીએ પૂછ્યુંઃ

'બાપુ, તમારી સેવા પાછળ કોઈ સિદ્ધાંત પ્રત્યેનો પ્રેમ છે કે માનવ પ્રત્યેનો પ્રેમ ?'

ગાંધીજીઃ 'માનવ પ્રત્યેનો પ્રેમ, જો હું માનવીની સેવા ન કરી શકું, તો સિદ્ધાંત પ્રત્યેનો પ્રેમ નિષ્પ્રાણ છે.'

## (૦૭) 'સદ્‌ભિઃ સંગ'- ફરી એક વાર

**ચેતન ટાંક**

જૂના પુસ્તકોની ઉલટ ફેર કરતા મનુભાઈ પંચોળી 'દર્શક' કૃત 'સદ્‌ભિઃ સંગઃ' હાથ લાગ્યું ને હું ફરી વાંચી ગયો. પહેલી વાર કૉલેજકાળમાં વાંચેલું - ગામડે ગયો હતો ત્યારે, મારા ભાઈ સંજુભાઈને ઘરે (એ પણ લોકભારતીના વિદ્યાર્થી). ત્યારે બે-ત્રણ દિવસમાં પૂરું કરેલું; ત્યારની વાંચવાની ભૂખ જુદી હતી. અત્યારે એટલી ઝડપે તો પૂરું નથી થતું- ઠીક ઠીક બે અઠવાડિયાં લાગ્યાં. ત્યારે પણ મને એ ખૂબ ગમેલું, કારણ કે એ નવલકથા કે આત્મકથાના સ્વરૂપમાં લખાયેલું પુસ્તક નથી. એ મનુભાઈના સંસ્મરણોનો સંગ્રહ છે, પણ એની રજૂઆત એવી છે જાણે એ આપણી સાથે બેસીને વાત કરી રહ્યા હોય અને એ પણ સાવ નિખાલસ, મુક્ત મને. અત્યારે જ્યારે હું એક શૈક્ષણિક સંસ્થા સંભાળી રહ્યો છું, ત્યારે એ મારા માટે એક માર્ગદર્શિકા જેવું સાબિત થયું.

ભાવનગરની દક્ષિણામૂર્તિમાં નાનાભાઈ સાથેના એમના યુવાનીના શરૂઆતના દિવસો, ત્યાર બાદ ગ્રામદક્ષિણામૂર્તિની સ્થાપના, લોકભારતી, શેત્રુંજી ડેમની સંસ્થા, માઈધાર, મણાર - આટલી સંસ્થાઓનું ઘડતર આટલી નજીકથી બીજા કોણે જોયું હશે ! મને લોકભારતીમાં રહીને અભ્યાસ કરવાનો લહાવો માત્ર એક જ વર્ષ મળ્યો, છતાં આજેય એ દિવસોને હું મારા જીવનનો શ્રેષ્ઠ સમય કહીશ. આંબલા, માઈધાર કે મણારના વિદ્યાર્થીઓ આજે મારી પાસે ભણી રહ્યા છે, ઘણા ભણી ગયા છે. એમને જોઈને કે મળીને એ વાતાવરણનું ફરી સ્મરણ થાય છે.

ગુજરાતી ભાષાના એક મૂર્ધન્ય લેખક તરીકે એમના વિશે તો ખૂબ લખાયું છે. મેં વાંચેલા સાહિત્યમાં, ઇતિહાસ કે મિથક પર આધારિત નવલકથાઓ લખનારા ગુજરાતી લેખકોમાં કનૈયાલાલ મુનશી અને 'દર્શક' જેટલી ઊંચાઈએ બીજું કોઈ મને દેખાતું નથી. 'દીપનિર્વાણ', 'કુરુક્ષેત્ર' જેવી નવલકથાઓ કે 'પરિત્રાણ' નાટક વાંચીએ તો એનો અનુભવ થયા વગર રહે નહીં; એમની ભાષા જ અનોખી છે. પરંતુ 'સદ્‌ભિ સંગઃ' મને આ બધાથી સાવ અલગ અને વધારે પોતીકું લાગે છે. રશિયન લેખક મૅક્સિમ ગોર્કીનું 'સાહિત્યિક પ્રતિમાઓ' જેનો ગુજરાતી અનુવાદ સુભદ્રાબહેન ગાંધીએ કર્યો છે, એ વાંચતાં મને જે અનુભવ થયેલો, એ જ અહીં ફરી થયો. ગોર્કીએ એમાં ટૉલ્સ્ટૉય, ચેખૉવ અને કોરોલેક્રો સાથેનાં પોતાનાં સંસ્મરણો આલેખ્યાં છે. મનુભાઈની ભાષા પણ મને કંઈક ગોર્કીની ભાષા જેવી લાગી.

'સદ્‌ભિઃ સંગઃ' પુસ્તકના સંદર્ભમાં મને એમનું આ નામ વધારે યોગ્ય લાગે છે. 'કુરુક્ષેત્ર' કે 'દીપનિર્વાણ'ના લેખક 'દર્શક' છે, પણ 'સદ્‌ભિઃ સંગઃ' તો મનુભાઈએ લખ્યું છે એમ કહેવું જોઈએ. 'સદ્‌ભિઃ સંગઃ'માં નાનાભાઈ, મૂળશંકર ભટ્ટ, બૂચદાદા તો ખરા જ; પણ એમાં એવા કેટકેટલાય લોકો આવે છે જેમનાં નામ આપણે ક્યારેય સાંભળ્યાં ન હોય. જેમણે લોકસેવામાં આખું જીવન ખપાવી દીધું હોય એવાં કર્મઠ કાર્યકરો વિશે, સૌથી વધારે જે વાત કરવી છે તે છે શિક્ષણમાં કાર્યરત કોઈ પણ વ્યક્તિનાં શીલ અને ચિત્તશુદ્ધિની. આચાર અને વર્તનની આ લિખિત માર્ગદર્શિકા બની શકે એવું હું માનું છું. સંગઠન ઊભું કરવું અને તેને વિકસાવવું, શૈક્ષણિક સંસ્થાની સ્થાપના અને

વિકાસ, શૈક્ષણિક મૂલ્યો, વ્યક્તિના અંગત તેમ જ સામાજિક જીવનનાં વ્યવહારુ પાસાં આ બધા માટે આ પુસ્તક હેન્ડબુક તરીકે કામ કરી શકે.

**'સદ્‌ભિઃ સંગઃ' પુસ્તકમાંથી ગમેલા અંશોઃ-**

**૧) શિક્ષણનો હેતુઃ-**

'ઊંડા અંધારિયા કૂવાને તળિયે પડેલાને અમારે નિહારિકાનાં દર્શન કરાવવાનાં હતાં. માત્ર ધંધે વળગાડનારું અમારું શિક્ષણ ન હતું. ઉપનિષદના ઋષિઓ જ્યારે સ્નાતક વિદ્યાર્થીને વિદાય સંદેશ વખતે આશા આપતા કે પ્રજાતંતુને લંબાવતો રહેજે, કાપતો નહિ. ત્યારે તેનો અર્થ કેવળ લોહીની પ્રજાનો તંતુ નથી, પણ પ્રજાને આપવાના સંસ્કારોનો તંતુ તેવો પણ છે. આ વિના પરિણામે મીંડું જ રહે. સમાજ અને વિશ્વવિદ્યાલયના સમાગમથી જ નવા સમાજનો જન્મ થાય, શિક્ષણ માત્ર શાળાની જ જવાબદારી નથી, માત્ર માબાપની જ જવાબદારી નથી, આખા સમાજની જવાબદારી છે.

'એક વાત ચોક્કસ છે કે વિચારપૂર્વકનું શૈક્ષણિક આયોજન પરિણામ આપે છે. વિચાર એટલે ભણનારની સંવેદના અને શક્તિનો વિચાર અને બીજી બાજુ વિચાર એટલે જે સમાજમાં એ જવાનો છે તેની નિકટની અને દૂરની જરૂરીયાતોનો વિચાર. જરૂરિયાત સાચવવાની કે ફેરવવાની હોઈ શકે. સંસાર ગતિ અને સ્થિતિ બંને પર ચાલે છે. કોઈવાર સ્થિતિ પર આઘાત કરવો પડે છે, કોઈવાર ગતિને લગામ ચડાવવી પડે છે. આ માટે સમતોલ વિચારશક્તિ, આવેગો વિષે સંયતભાવ અને સમાજની ગતિવિધિનું જ્ઞાન જોઈએ. સેદાનના મેદાન પર જર્મનોએ ફ્રેંચોને હરાવ્યા ત્યારે સરસેનાપતિ મોલ્ટકે કહ્યું, 'અહીં જર્મન સિપાહીએ ફ્રેન્ચ સિપાહીને નથી હરાવ્યો, પણ જર્મન શિક્ષકે ફ્રેન્ચ શિક્ષકને હરાવ્યો છે.' આવું ધ્યેયનિષ્ઠ શિક્ષણ સનાતન અને નૂતન હોવું જોઈએ.'

'આ 'અમે' ભૂલ કરતા હોઈએ, કરી છે. પણ અમે એ ભૂલ શોધીશું. ખુલ્લે મને સ્વીકારીશું અને આગળ ચાલશું. સૌને સાથે લેશું. સાથે ખાશું-પીશું. વિનોબાએ આને સામુદાયિક મોક્ષ કહ્યો છે. આપણો જૂનો મોક્ષ વ્યક્તિનિષ્ઠ. મોક્ષ વ્યક્તિને હોય છે તે વાત સાચી, પણ તે વ્યક્તિનિષ્ઠ નથી. અવલોકિતેશ્વરની જેમ તે છેલ્લા માણસના મોક્ષ માટે જીવે છે. 'અમે'માં 'હું' તો હોય જ છે. નવા શિક્ષણે જે આપવાનું છે તે આ સનાતન અને નૂતનની કલમ. અમે છાત્રાલય જીવનમાં આનું એક ઉત્તમ સાધન ગણ્યું. માણસ પરિવારપ્રિય જીવ છે, તેને કુટુંબથી છૂટા પડવાની ઉંમરે રેઢો ન મુકાય. બીજો નાનકડો પરિવાર મળવો જોઈએ. બીજું અમે માન્યું કે ઉપયોગી ઉત્પાદક પ્રવૃત્તિ મનુષ્યના સમતોલ વિકાસનું સાધન છે. મગજ મારફત હાથપગ કેળવી શકાય છે તેવી જ રીતે હાથપગ મારફત મગજ પણ કેળવી શકાય છે. ગાંધીજીએ આને દસ આંગળાના કાવ્યનું રૂડું નામ આપ્યું.'

-'એકલું સનાતન સત્ય સમજવાથી સત્યાનુભવ થતો નથી. તેને યુગસત્ય રૂપે અવતરી અનુભવવું પડે છે. આથી જ મહાતપસ્વી બુદ્ધે પુરોહિતપ્રથા, યજ્ઞહિંસા, ચારવર્ણ વ્યવસ્થાનો વિરોધ કર્યો.'

**શિક્ષણ સનાતન અને નૂતન હોવું જોઈએ.**

જે જાતનું સરકારી તંત્ર છે, જે જાતના નિયમો તે ઘડે છે, તે સાચા શિક્ષણ આપનારને ચોક્કસ અનુકૂળ નથી. તેમાં શિક્ષકોને રીઝવવા, ખુશ કરવાનું વલણ છે. સંચાલકો બધા શોષકો છે તેવી માન્યતા છે છતાં તેમને દંડવાની આ રાજ્યમાં હિંમત નથી. બધી કેળવણી હાથ લેવાની હોંશ છે, પણ શિક્ષકો પાસેથી કામ લેવાની હિંમત નથી. જે જીવશે તે અવશ્ય જોશે કે કલ્યાણમાર્ગે જનારાની લાંબા ગાળે દુર્ગતિ થતી નથી. અને કસોટી વિનાની ભક્તિની શી ખાતરી ?

૨) સંસ્થા, નેતૃત્વ અને કાર્યકર્તા

'સંસ્થાઓ કાર્યકર્તાઓ પર ખડી થાય છે, અને કાર્યકર્તાઓથી શોભે છે. હાથ સર્જે છે તે ભાંગી જાય છે, હૃદય સર્જે છે તે ભાંગતું નથી.રોટીથી જ માણસ જીવતો નથી. તેને તો પ્રેમ જોઈએ. તેનો ઉછેર સારા માણસો કરે છે. ઝાઝા મોટા માણસ આફતરૂપ છે, ઝાઝા સારા માણસો આશીર્વાદ છે. અહીંના કાર્યકરોને- બધાંને સારી તકો, સારા પગારો, ઓછું કામ બહાર મળે તેમ છે. અહીં કાંઈક ઓછા પગાર, તકોનો અભાવ, અને દહાડો ખૂટે પણ કામ ન ખૂટે તેટલું કામ છે, છતાં આ બધા અહીં પડ્યા છે વર્ષોથી, કેટલાંકને તો ત્રીશ વર્ષ થયાં, આનો યશ એમને છે પણ સૌથી વિશેષ બાંધી રાખનારું તત્ત્વ તો છે સૌહાર્દપૂર્ણ શબ્દો, સ્નેહની વડી કડી. સૂત્રને હું વારંવાર દોહરાવીશઃ 'સ્નેહ વ્યક્તિનો, ભક્તિ સંસ્થાની'. વિદ્યાર્થીઓ લોકભારતીના. કોઈ વ્યક્તિગત અધ્યાપકના નહિ.'

'મુખ્ય માણસે બધું જાણવું જોઈએ તેવું માન્યું નથી. કદાચ તે જોખમકારક છે, કારણ કે તો વિભાગીય વડાઓના કામમાં દખલ પણ થાય, પણ મુખ્ય માણસને અમુક દરખાસ્તથી શું સિદ્ધ કરવું છે, અને તે સિદ્ધ કરવાની શક્તિ દરખાસ્ત લાવનારમાં છે કે નહિ તે જાણવું જોઈએ.'

૩) લોકશાહી, રાજ્ય અને સત્તા

'સામાન્ય એથેન્સવાસી મૌલિક દરખાસ્તો કરી શકતો નથી, પણ આવી દરખાસ્તોનો તે શાંતમતિ ન્યાયાધીશ થઈ શકે છે,' એટલે તે દેશનું આયોજન કરી ન શકે, પણ આયોજનની દરખાસ્ત તેના લાભમાં છે કે નહિ તે કહી શકે. લોકસત્તા કાં તો રાજ્યની સંમતિથી અસરકારક બને, અને કાં તો રાજ્યને હરાવીને અનુકૂળ રાજ્યને સ્થાપીને બને; પ્રતિકૂળ રાજ્યસત્તા વિષે લોકસત્તા મૌન સેવે તે બને નહિ. તેમ જ તેના કાર્યપ્રદેશને ફેલાવા દે તેવું પણ બને નહિ. તે તો આત્મહત્યાનો માર્ગ થાય. હું સાદી ભાષામાં એમ સમજાવતો કે આપણે વાળ્યા કરીએ અને રાજ્ય કચરો નાખ્યા કરે તો સમાજપરિવર્તન ન થાય. આપણે એકાદ કાંટાની વાડ્ય કાપીએ અને આપણા વિરોધીઓ રાજ્યસત્તા પર બેસી નવી કાંટાની વાડ્યો ઉછેર્યા કરે તો સામાજિક પરિવર્તન ન થાય; સત્ય પ્રગટ થતું નથી. પણ તે અસત્યના ઓછાયાથી ઢંકાઈ જાય છે.'

'રાજવીએ શીખવું કે લોકો લાલચુ છે તેટલા જ ભયવશ છે સ્વભાવ કે મર્યાદાને લક્ષમાં રાખી કામ ગોઠવવું. જ્યાં લાલચથી કામ ચાલે ત્યાં લાલચ આપવી, ન ચાલે ત્યાં ભયનો ઉપયોગ કરવો; પણ સત્તા ન ખોવી.' 'રાજવીએ ધર્મમાં ન માનવું. પણ પોતે ધાર્મિક છે તેવો દેખાવ ચાલુ રાખવો, જેથી લોકોની ચાહના મળી રહે. ધર્મમાં માનવું નહિ જ કારણ કે તેને માનશો તો સત્તા છોડવાનું પણ આવે, પણ માનવાનો દેખાવ તો ચાલુ જ રાખવો.' 'કોઈને મિત્ર ન માનવો. મિત્ર એટલે જ સત્તામાં, સુખમાં ભાગીદારી; રાજવીથી આ કરાય જ નહિ. પણ બધા આપણા મિત્રો છે તેવો દેખાવ ચાલુ રાખવો, જેથી સૌ ભ્રમમાં રહી મદદ કરે અને આપણું કામ થાય.'

-'ક્યાં છે તે સ્વરાજ કે જેમાં ઘી-દૂધની નદીઓ વહેશે, એમ અમે માન્યું મનાવ્યું હતું. ક્યાં છે તે સ્વરાજ જેમાં છેલ્લામાં છેલ્લો માણસ, ઊંચામાં ઊંચા માણસની જોડે સમકક્ષ જીવી શકે ?'

-'સ્વરાજમાં નાનામાં નાના નાગરિકને સરકારને પૂછવાનો, ખુલાસો માગવાનો અધિકાર છે કારણ કે સરકાર સંતાન છે, નાગરિકો તેના જન્મદાતા છે.'

-'પ્લેટો અને ડિઝરાઈલીના શબ્દોમાં 'એક શહેરમાં બે શહેરો બન્યાં.' સમાજવાદની વાતો કરવાવાળા પોતાનાં બાળકોને કોન્વેન્ટ કે ભદ્રવર્ગની ખર્ચાળ શાળામાં ભણાવે. દિલ્હી આવા વેજીટેબલ સમાજવાદની મહાનગરી છે. સમાજને જેટલો સંકુલ બનાવો તેટલી રાજ્યની સત્તા વધે

જ. સવાલ તેના પરના અંકુશનો છે. રાજ્ય સમાજનું સંતાન છે. તેને જરૂરી સત્તા હોય જ, પણ તે સત્તા પર નિગેહબાની જોઈએ.

-'આત્યંતિક સ્વતંત્રતા આત્યંતિક ગુલામી લાવે છે.' આત્યંતિક એટલે કોઈ કોઈનું ન માને. ફાવે તેમ કરે. એટલે કે બે કાંઠા વચ્ચે વહેતી ભરપૂર નદી જેવી સ્વતંત્રતા. આનો એક કાંઠો છે પ્રશ્નો પુછવાનો હક્ક અને બીજો કાંઠો છે નિર્ણય અમલી કરવાની જવાબદારી. સમાજ એ કાંઠાઓથી સુરક્ષિત અને સ્વતંત્ર રહે છે.

- આપણી લોકશાહીની આજની નિષ્ફળતાનું મુખ્ય કારણ રાજકારણીઓની બુદ્ધિમંત લોકો તરફની સૂગ છે. આજના સમાજનું પરિવર્તન ઇચ્છતી આગેવાનીએ અભ્યાસનિષ્ઠ અને સેવા દ્વારા લોકોની સહાનુભૂતિ, પ્રશ્નો અને ઉકેલો સમજનારું કાર્યકર મંડળ - કેડર ઊભું કરવું જોઈએ. આ વ્યાપક અને ક્રમબદ્ધ શિક્ષણથી જ બને, જેની હાલની નેતાગીરીને કલ્પના જ નથી.

**૪) સમાજ, સહશિક્ષણ અને સંયમઃ**

'આપણે બંધનના હિમાયતી નથી, પણ સમાજમાં આવ્યા એટલે મનફાવતી રીતે તો વર્તવાનું શક્ય નથી. કાંઈક બંધન રહેવાનું. તેને સમજપૂર્વક ઢીલું કરવાનું છે. વળી, વૃત્તિઓનું ઊર્ધ્વીકરણ પણ થઈ શકે છે ને ? રિપ્રેશન જેમ જ સબ્લિમેશન પણ થઈ શકે છે. અમે બે મર્યાદાઓ રાખેલી : (૧) રાતના ૯ વાગ્યા પછી ભાઈઓ-બહેનોએ નહિ મળવાનું. (૨) સામાન્ય રીતે બે જણે એકલાં તો નહિ જ મળવાનું. અહીં શિષ્ય અને પુત્રી બંને એકમાં જ સમન્વિત હતાં, સમાજ પેદા થયો તે દિવસથી આ વિષયમાં બે આત્યંતિક વલણો ચાલુ રહ્યાં છે. તેને હું યયાતિ અને ઋષ્યશૃંગી વલણ કહું છું. એક છે કામવૃત્તિનો બેકાબૂ બહેકાટ અને બીજું છે કામવૃત્તિનું અવાસ્તવિક રૂંધન. બંને નિષ્ફળ ગયાં છે. અને છતાં સમાજ વારે-વારે આ બેમાંથી એક વલણમાં ફસાયા કર્યો છે.

ધર્મ એટલે વ્યક્તિ અને સમાજ બંને જેને આધારે ટકે તે ધર્મ. એકલી વ્યક્તિ નહિ, તેમ એકલો સમાજ નહિ. સ્ત્રી અને પુરુષ સાથે રહેવા સર્જાયાં છે, પણ સ્ત્રી માત્ર પત્ની સ્વરૂપ જ નથી. તે માતા છે, બહેન છે, મામી, કાકી, ભાણી, ભત્રીજી અને સખી-મિત્ર છે. આ બધાં સ્વરૂપોને જોતાં, આદર-કદર કરતાં શીખવે તે સહશિક્ષણ. સહશિક્ષણ ફક્ત લગ્નની બ્યૂરો નથી. આમ અમે માન્યું અને તે મુજબ ચાલ્યા. તેનાં મીઠાં ફળ અનુભવ્યાં, આજેય અનુભવીએ છીએ.

- હવે શું કહે ? સૂરજબા અને ચંદ્રબાની આંખોમાં ચીપડા ભર્યા હોય, અને વાળમાંથી જૂ ખરતી હોય. આવાને માટે જ રવિ ઠાકુરે 'બાબુજ ઑફ નયન જોર' લખેલ હશે.

'સૌથી મોટો જુલમ છે પડોશીનો. તે આપણી નજીક હોવાથી સતત આપણા છિદ્રો શોધ્યા કરે. આપણી અદેખાઈ,નિંદા કરવાનું ચાલુ જ રાખે છે. નિરાંત દૂરનાથી મળે, જેમ પાસે તેમ વધારે માનસિક ત્રાસ.' જ્ઞાતિઓનું કશું કર્તવ્ય રહ્યું નથી, છતાં કોઈને પજવવા વખતે આ જ્ઞાતિવાદ પ્રબળ બની ઊઠે છે.

**૫) વાચનઃ**- મેં સ્ટ્રેચી, લાસ્કી, જોડમાં કોઈક વખતે ડૂબકીઓ મારેલી. બ્લીચફર્ડનું 'મેરી ઈંગ્લેન્ડ' તો મને બહુ પ્રિય હતું. ક્રોપોટકિનના 'ક્રાંતિકારીને પત્રો' ઘણાને વંચાવતો.- મનુભાઈ પંચોળી 'દર્શક'ની વાચનયાત્રા વિશે તો વાચકોએ 'સદ્‌ભિઃસંગ' પુસ્તક જ ખરીદીને વાંચવું રહ્યું...

**રાજકારણીમાંથી સંત થવા તરફ**

ગાંધીજીના સાથી કેલનબેકે ગાંધીને કહ્યું હતુંઃ 'તમે રાજકારણી સંત છો.'

જવાબમાં ગાંધીજીએ કહ્યું હતુંઃ 'હું રાજકારણી છું અને સંત થવાની જીવનસાધના કરું છું.'

## (૦૮) કથા આશા અને વિકાસની - આનંદ બજાર

### બિંદુ-પ્રાર્થેશ

જે લોકો લોકભારતી સંસ્થા સાથે જોડાયેલા છે તેને ખ્યાલ છે કે આપણા સૌ માટે 'આનંદ બજાર' કેટલું મહત્ત્વ રાખે છે. આખું વર્ષ આ આનંદના ઉત્સવની રાહ જોવાતી હોય. કોઈ કારણોસર 'આનંદ બજાર ' ન યોજાય તો એ વર્ષે કાર્યકરના સંતાનો -અમે સૌ ખૂબ નિરાશ થઈ જતાં. 'મારી શાળા' રાજપુરમાં વિદ્યાર્થી મંત્રીમંડળની જેમ જ 'આનંદ બજાર' પણ લોકભારતી પાસેથી લીધેલો વિચાર છે.

હવે કથા શરૂ કરીએ, 'આટલાં બધાં વિદેશી મહેમાન આવશે તો જમાડવાનું શું કરીશું?' આયોજન બેઠકમાં બેઠેલાં સભ્યોમાંથી આશાનો ચિંતિત સ્વર વિકાસના કાને પડ્યો. જાણે એ આ પ્રશ્નની રાહ જ જોતો હતો.

'આપણે એવું કરીએ ? આનંદ બજાર યોજીએ.'

આશાએ તેના સ્વભાવ પ્રમાણે અનેક આનાકાની પછી ઉચાટ સાથે તૈયારી બતાવી. એ સાથે રાજપુરમાં આનંદ બજાર અસ્તિત્વમાં આવી. એ સમયે રાજપુર ગામના લોકોના ભોજનમાં ખાસ વિવિધતા ન હતી. બહાર જઈ જમવાનો રીવાજ પણ નહિ. મેળામાં મળતી ભેળને તેઓ 'ડીસ' કહેતાં. આ સ્થિતિમાં આનંદ બજારના સ્ટોલમાં કઈ વાનગી રાખવી ? વળી વિકાસનું પ્રયોગશીલ ભેજું આવા વખતે પુરબહારમાં ખીલી ઊઠે.

વિકાસ કહે આપણે બંદૂકથી ફૂગ્ગા ફોડવાનો સ્ટોલ રાખીએ તો કેવું ? ઘરશાળાના વિદ્યાર્થીઓએ આ વિચાર વધાવી લીધો. ગામવાળાને ખાવાની વાનગી ઉપરાંત કશુંક મેળામાં ખરીદવાનું મળે તેવું પણ હોય તો કેવું ? વિકાસના આ વિચારના કારણે 'સાડીનો સ્ટોલ' નક્કી થયો. ગામવાળા અને મહેમાનો પેટ ભરીને જમી શકે તેવા સ્ટોલ પણ જોઈશેને ? આ હેતુ માટે પરોઠા - શાક અને ઓળો - રોટલો એ માટે એક એક સ્ટોલ નક્કી થયા.

શહેરીજનોને ધ્યાનમાં રાખી સેન્ડવિચનો સ્ટોલ, રાજપુરવાળાને ગમતી પકોડી અને દાબેલી માટે પણ એક એક સ્ટોલ રખાયા, ગામવાળાની ભોજન યાદીમાં બટાકા પૌઆ હજુ નવા હતા તેથી એ રાખ્યા. બાળકો હાલતાં ચાલતાં ખાઈ શકે તે માટે 'પોપકોર્ન'નો પણ સ્ટોલ રખાવ્યો. તો કોઈએ મકાઈ ડોડા પણ રખાવ્યાં. આશા અને વિકાસના વતન - સૌરાષ્ટ્રમાં ખૂબ ખવાતાં બટાકા- ભૂંગળા અખતરા માટે રખાયા. વિકાસનું ધ્યાન પડ્યું કે ગળી વાનગી તો એક પણ નથી તેથી ગાજરનો હલવો, ફ્રુટ સલાડ અને ગુલાબ જાંબુ રખાયાં.

મારી શાળા અને ઘરશાળા બંનેનાં વિદ્યાર્થીઓ સામે આટલા સ્ટોલના નામની યાદી મુકાણી. કોણ કયા સ્ટોલમાં જોડાશે તે સ્વેચ્છાએ નક્કી કરવામાં આવ્યું. પહેલી વખત આનંદ બજાર થતી હોવાથી દરેક સ્ટોલ સાથે એક એક મોટા વ્યક્તિને મુકવાનું નક્કી થયું. શિક્ષકો તો ત્રણ જ હતાં. પરંતુ, બિલપુડીથી કેન્દ્ર નિવાસમાં આવેલી બહેનો પાંચ હતી. ગ્રામશિક્ષક બે હતા, ઘરશાળાના શિક્ષક, ગામના યુવાનો ને પણ લીધા. આશા અને વિકાસે બે બે સ્ટોલની જવાબદારી ઉપાડી. જેમના માટે આનંદ બજાર અસ્તિત્વમાં આવી એ વિદેશી મહેમાનોને પણ દરેક સ્ટોલમાં મૂકી દીધાં. જો કે તેઓ કેટલું કરી શકશે તે ખ્યાલ ન હતો.

હવે દુકાનના નામના બેનરનું શું કરવું ? એ સમયમાં કાપડ પર ગળી/ પાકા રંગોથી લખીને બેનર બનાવવાનું હજુ ચાલતું. વિકાસ કહે, 'આપણે બાળકો પાસે બેનર બનાવડાવીએ તો કેવું ?' આશા અવશ નજરે વિકાસ સામે

તાકી રહી. વિકાસ સમજી ગયો. તેણે આગળ ચલાવ્યું. કહે, 'આનંદ બજાર એ માત્ર ખાણીપીણીનો કાર્યક્રમ છે એમ ન વિચારવું જોઈએ. તેને શૈક્ષણિક દૃષ્ટિકોણથી જોવો જોઈએ. કેળવણીમાં પ્રક્રિયા મહત્ત્વની છે.' પીંછીથી લખવું કેટલું અઘરું એ તો જેણે લખ્યું હોય એને ખબર હોય. એ કામ બાળકો પાસેથી લેવું એ તો એથી પણ અઘરું ! તેથી આશા કમને તૈયાર થઈ. તેણે સૌથી પહેલા છાપા પર કક્કાના અક્ષરો લખતાં શીખવ્યું. તે દરમિયાન ખાદીના સફેદ કાપડ ખરીદી, ઓટાવી, ચાર છેડે નાકા મુકાવી બાળકોને લખવાં માટે આપ્યાં. પહેલાં પેન્સિલથી લખાવ્યું, જરૂર પડે ત્યાં મદદ કરી અને પછી પીંછીથી લખવાં આપ્યું. ચાર દિવસની પ્રક્રિયાના અંતે તૈયાર થયેલા બેનર જોઈ વિકાસના ચહેરા પર વિજય સ્મિત ફરી વળ્યું. કેળવણીની પ્રક્રિયા તો સરસ રહી જ હતી. પરિણામ પણ સરસ મળ્યું હતું.

હવે પ્રશ્ન હતો કે દરેક સ્ટોલનાં બાળકોને તેની વાનગી બનાવતાં ક્યારે અને કેવી રીતે શીખવવી. તે માટે રવિવારની રજાનો દિવસ પસંદ કરાયો. જેથી વિકાસ સમય આપી શકે. અલગ અલગ સ્ટોલવાળાને અલગ અલગ સમય અપાયો. આશા અને વિકાસ બંનેએ વાનગી વહેંચી લીધી. છતાં સવારથી સાંજ કામ ચાલ્યું. વિકાસની ઘણી આવડતોમાંની એક આવડત રસોઈ પણ ખરી. વળી અદનો શિક્ષક એટલે બાળકોને શીખવાની ખૂબ મજા આવી.

બીજા દિવસે દરેક ગ્રુપે પોતાને જરૂરી ખાદ્ય સામગ્રીની યાદી કરી. આવનારા લોકોમાંથી કેટલા લોકો કઈ વાનગી ખાવાની પસંદ કરશે ? એનો આશરો મારવામાં આવ્યો. તેના આધારે ૧૦૦/ ૨૦૦/ ૩૦૦ માણસો માટે જરૂરી જથ્થાની ગણતરી કરવામાં આવી. એ પછી તમામ સ્ટોલની ભેગી ખરીદીની એક યાદી તૈયાર કરવામાં આવી. ગુણવત્તાવાળી વસ્તુઓ મળે તે માટે ગાંધીનગરથી ખરીદી કરવાનું નક્કી થયું. બાળકોએ આમંત્રણ કાર્ડ બનાવ્યા જે આજુબાજુના ગામની શાળા, વેપારીઓ, સરપંચ વગેરેને મોકલવામાં આવ્યા. આશા - વિકાસના સબંધી સ્નેહીઓને આમંત્રણ અપાયું. સરકારી ખાતાના વિવિધ અધિકારીઓને પણ યાદ કરાયા.

વિકાસ જાણતો હતો કે ગૂજરાત વિદ્યાપીઠના સાદરા ગામમાં ચાલતાં વિવિધ વિભાગોના વિદ્યાર્થી આવે તો દરેક સ્ટોલને ગ્રાહક મળી જાય. આયોજન ગમે તેટલું ઉમદા કરીએ પણ ગ્રાહક જ ન આવે તો શા કામનું ? વિદ્યાપીઠના આચાર્યોએ ઉત્સાહથી હા પાડી. વિકાસને હાશ થઈ ગઈ. બે દિવસથી બાળકો પોત પોતાના સ્ટોલ તૈયાર કરી રહ્યાં હતાં. વાંસ, લાકડાની થાંભલીઓ, જૂની સાડીઓ, સુતળી, સોય, દોરા,ટાંકણી, સ્ટેપ્લર, પ્લાસ્ટિકની દોરી........ શાળામાં અને વિકાસના ઘરમાં જે કોઈ સામગ્રી હતી તે આ કામમાં વાપરી નાખી હતી. એ પછી જરૂર પડી તો બાળકો પોત પોતાના ઘરેથી લઈ આવ્યા. શાળાની આગળના ભાગમાં રસ્તાની બંને બાજુની બજાર ઊભું થઈ રહ્યું હતું.

વાનગી માટેનો સામાન ખરીદવા ગ્રામશિક્ષકો અને યુવાનો ગયા. આશાનું ઘર બજારમાંથી લાવેલ સામગ્રીથી ભરાઈ ગયું ! સ્ટોલ પ્રમાણે સામગ્રી વિતરણમાં ધાર્યા કરતાં ઘણી વધારે વાર લાગી. તેથી સ્ટોલ ધારકો અકળાય તે સ્વાભાવિક હતું. થોડીવાર તો અફરા તફરીનો માહોલ સર્જાયો. આનંદ બજાર ચાર વાગે શરૂ કરવાની હતી. ભાડાના કાઉન્ટર અને ખુરશીઓ સ્ટોલમાં ગોઠવાઈ ગયા. બાળકો માથે કેપ અને હાથમાં મોજા પહેરી લાગી પડ્યાં હતાં. ચાખવા સમિતિના સભ્યો આવી ચૂક્યા હતાં. બાજુના ગામની શાળાના બાળકો લાઈન બનાવી ઊભાં રહી ગયાં હતાં. પણ સ્ટોલના કાઉન્ટર હજુ વાનગીની રાહ જોઈ રહ્યાં હતાં.વિકાસની અંદરનો ગણિતજ્ઞ બેઠો થયો. તેણે બધાં સ્ટોલ પર એક નજર નાખી લીધી. જે સ્ટોલની વાનગી તૈયાર થઈ ગઈ હતી એ ચાલુ કરાવી દીધા. જેને તૈયાર નહોતી થઈ તેને મદદ માટે બીજા લોકો પહોંચી ગયા.

આનંદ બજારનો લાભ લેવા સૌપ્રથમ બાળકો આવ્યા, પછી ગામના યુવાનો અને પુરુષો આવ્યા. એ પછી વિદ્યાપીઠનાં વિદ્યાર્થીઓનો પ્રવાહ ચાલુ થયો જે અવિરત

ચાલુ રહ્યો. સૌથી છેલ્લે ગામની બહેનો ઘરનાં બધાં કામ પતાવી પહોંચી. આવનાર દરેકને કેટલીક બાબતો ધ્યાને ચડી. જેમ કે એક પણ જગ્યાએ પેપર ડીશ, પેપર ગ્લાસ અને કપ, પેપર ડીશમાંથી બનાવેલી ચમચી ઉપયોગમાં લેવામાં આવી હતી. પર્યાવરણને નુકશાન થાય તેવી વસ્તુનો ઉપયોગ ટાળ્યો હતો. દરેક સ્ટોલ પર કચરો નાખવા માટે કોઈને કોઈ વ્યવસ્થા હતી. દરેક સ્ટોલ પર પરચુરણની વ્યવસ્થા હતી. અનુભવ માટે સ્ટોલમાં મુકાયેલા વિદેશી મહેમાન ખૂબ જ ઉત્સાહથી કામ કરી રહ્યા હતાં. વાનગીના ભાવ પાંચ, દસ કે પંદર રૂપિયા જ હતા. મેથીના ગોટાના સ્ટોલમાં સૌથી વધારે ધસારો રહ્યો. સાડીના સ્ટોલની મુલાકાત તો ઘણાં લેતાં પણ ખરીદી એટલી નહોતી થતી. (સાડી સસ્તી અને સારી મળે એ માટે આશા અને વિકાસ સુરત જઈને સાડીઓ લઈ આવ્યા હતાં) પાણી પૂરી સદા બહાર ચાલી રહી હતી. ફુગ્ગા ફોડનો સ્ટોલ ધમધમી રહ્યો હતો. પણ સેન્ડવિચ ખાનારા લોકો ઓછા હતાં.

બાળકો તેમની ઉંમરના પ્રમાણમાં ઘણું સારું કામ કરી રહ્યાં હતાં. દરેક સ્ટોલમાં ખરીદ વેચાણની નોંધ રખાતી હતી. લાઈટ, પીવાનું પાણી, પાર્કિંગ આ દરેક સુવિધા સરસ ઊભી કરાય હતી. આનંદ બજારમાં આનંદ આનંદ છવાયો હતો. ઓળા રોટલાના સ્ટોલમાં લોકો ચા પીવા વધારે આવ્યા. બજાર પૂરી થયા પછી સ્ટોલનાં વિદ્યાર્થીઓ અને સ્વયં સેવકો ભરપેટ જમી શકે તે માટે પરોઠા શાકનો સ્ટોલ કે જે હજુ સુધી શાંત હતો તેને ધમધમતો કર્યો. બાળકોના બદલે મોટા કામે લાગ્યા. આશાએ સતત બે કલાક પરોઠા વણ્યા. બધાંએ ધરાઈને ખાધું. બજાર પૂરી થયા પછી સૌનું ધ્યાન પડ્યું કે બજાર એકદમ ચોખ્ખી હતી. ક્યાંય કચરો ન હતો. કેળવણી શાળાથી ગામ સુધી પહોંચી હતી. આનંદ બજારનો પહેલો અનુભવ ખૂબ સરસ રહ્યો. આવનારા સૌ ખૂબ ખુશ થયાં.

બીજા દિવસે કેટલાક બાળકો સ્ટોલ હટાવી રહ્યાં હતાં. આશાને તેમની સાથે રહેવાનું હતું. પણ એ એટલી થાકેલી હતી કે તેને ઊભા ઊભા ઊંઘ આવતી હતી. તેને થયું ઘરે જઈ ઘડીક સુઈ જાઉં. ઘરે પહોંચી તો તેના આચાર્યા, એક શિક્ષિકા અને કેટલાક બાળકો તેના ઘરની સફાઈ કરી રહ્યાં હતાં ! તેને ખૂબ સંકોચ થયો કે તેઓ કામ કરે છે તો હું કેવી રીતે આરામ કરી શકું ? પણ તે થાક સામે હારી...... છાની માની ઘરમાં જઈ એક ખૂણામાં ૧૦ મિનિટ સુધી સૂઈ ગઈ, પાછી ઊઠીને હળવેક રહીને ઘરની બહાર નીકળી ગઈ.

ત્રીજા દિવસે બધાએ બેસી આનંદ બજારના 'ફીડબેક' આપ્યાં. શું સારું રહ્યું ? શું સુધારવા જેવું હતું ? તે નોંધવામાં આવ્યું. જે સ્ટોલે નફો કર્યો હતો તેને તેનો નફો ચૂકવવામાં આવ્યો. જેને ખોટ ગઈ હતી તે આશા વિકાસએ ભોગવી લીધી. વધેલી સામગ્રીમાંથી કેટલીક સ્ટોલના બાળકોને આપવામાં આવી, કેટલીક શાળામાં રખાઈ અને કેટલીક આશાના ઘરે મોકલી દેવાઈ. જેના પૈસા વિકાસે ચૂકવી દીધાં. આનંદ બજાર એટલી સફળ રહી કે દર વર્ષે ફેબ્રુઆરી મહિનામાં યોજવામાં આવતી. દર વર્ષે 'ફીડબેક'ના આધારે વાનગીની પસંદગી કરવામાં આવતી. કોઠી આઇસ્ક્રીમ ઉમેરાયો અને ગાજરનો હલવો કઢાયો. દાબેલી, પાણીપુરી, બટાકા પૌઆ વગેરે સ્ટોલે કાયમી સભ્યપદ મેળવ્યું. દાબેલીનો સ્ટોલ દર વર્ષે ખોટમાં ચાલે છતાં ગામવાળાને ભાવતી હોવાથી રાખવામાં આવે જ ! ફ્રુટસલાડ ગમે તેટલા જથ્થામાં બનાવે પરંતુ શરૂઆતના બે કલાકમાં જ ખાલી થઈ જાય. વિકાસ તેના સ્વભાવ મુજબ દર વર્ષે કોઈને કોઈ નવી વાનગી ઉમેરે. મેથીના ગોટાનો સ્ટોલ આનંદ બજાર પૂરી થયા પછી પણ અડધો કલાક - કલાક ચાલુ રહે જેથી મોડાં પડનારને છેક જ નિરાશ ન થવું પડે.

આગળ જતા લાકડાની ચમચીઓ, ભેળ માટે બાઉલ જેવી સગવડો પણ ઉમેરાઈ. સમયના બદલાવ પ્રમાણે તૈયાર બેનર લગાવવામાં આવ્યાં. દરેક સ્ટોલમાં 'આનંદ બજારની આચર સંહિતા' લગાવવામાં આવતી અને તે પાળવામાં આવતી. જેમાં સ્વચ્છતા, વર્તન વ્યવહારને લાગતા નિયમો રહેતા. દર વર્ષે ૧૨ કે ૧૩ સ્ટોલ રાખવામાં આવે. અનુભવે

ખ્યાલ આવ્યો કે બધા ગ્રાહકો બધી વાનગી ખાઈ શકતા નથી. કારણકે પેટ ભરાઈ જાય છે. તેથી જથ્થો ઘટાડી દરેક વાનગીનો ફિક્સ એક જ ભાવ રાખવામાં આવ્યો. સમયના બદલાવ સાથે ક્યુ. આર. કોડનો ઉપયોગ પણ કરવામાં આવ્યો. જેથી લોકોને ખરીદી સરળ રહે.

'મારી શાળા' પાસેથી પ્રેરણા લઈ ગૂજરાત વિદ્યાપીઠ સાદરામાં પણ દર વર્ષે આનંદ બજાર યોજાવા લાગી. જે ખૂબ સરસ રીતે યોજે છે. જો કે હવે બિલપુડીથી કેન્દ્ર નિવાસમાં બહેનો આવવાની બંધ થઈ છે. વિદેશના મહેમાનોની મુલાકાત પણ હવે નથી રહી. શાળાનો સ્ટાફ પણ બદલાઈ ગયો છે. નવેક વર્ષથી આશાએ નોકરી છોડી દીધી છે. એ પછી પણ આનંદ બજાર ચાલી રહી છે.

મો.૯૪૨૮૦૦૦૫૪૧

**અંધશ્રદ્ધામાંથી મુકિત**

ચંપારણના ગામડામાં ગાંધી ભ્રમણ કરતા હતા.એક ગામડામાં ગાંધીજીનો મુકામ હતો.ત્યાંથી એક તંદુરસ્ત બકરાને પુષ્પોની માળા પહેરાવી, લોકોનું ટોળું બૂમબરાડાં મારતું પસાર થયું. આ જોઈ ગાંધીજીએ એક સાથી કાર્યકર્તાને પૂછયું: 'લોકોએ આ સરઘસ કેમ કાઢયું છે?'

કાર્યકર્તા: 'એ તો અહીંના લોકો બકરાને દેવીને ત્યાં બલિ માટે લઈ જાય છે.'

વાત સાંભળી,કામ મૂકી ગાંધી પણ ટોળામાં ભળી ગયા. દેવીનું સ્થાનક આવ્યું ત્યાં લોકોમાંથી એક ગાંધીજીને ઓળખતા ભાઈએ કહ્યું: 'બાપુ,આપ અમારા સાથે અહીં કેમ?'

જવાબમાં ગાંધીજી: 'ભાઈ, આ બકરાને તમે અહીં કેમ લાવ્યા છો?'

ટોળું: 'દેવીનો ભોગ ચડાવવા માટે '

ગાંધીજી:'દેવીને બકરાનો ભોગ શા માટે ચડાવો છો?'

લોકો: 'અમારા પર દેવી પ્રસન્ન થાય એટલા માટે તો.'

ગાંધીજી: 'ભાઈઓ, બકરા કરતાં મનુષ્ય ઉત્તમ છે ને?'

લોકો: 'હા બાપુ એ તમારી વાત સાચી.'

ગાંધીજી: 'તો આપણે મનુષ્યનો ભોગ દેવીને ચડાવીએ તો વધારે રાજી થાય કે?'

ગાંધીજીની વાત સાંભળી કોઈ બોલતું નથી.

પુનઃ ગાંધીજી: 'અહીં કોઈ એવો માણસ છે જે દેવીને પોતાનો ભોગ ચડાવવા તૈયાર હોય? તમારામાંથી કોઈ ભોગ માટે તૈયાર ન હોય તો હું છું.' ગાંધીજીને શું જવાબ આપવો? બધા મૌન થઈ ગયા.

બાપુ: 'મૂંગા પ્રાણીના લોહી કરતા મનુષ્યનું લોહી વધારે કિંમતી છે. દેવીને તે અર્પણ કરો. પણ કોઈ માણસ તેમ કરતો નથી. આવું કૃત્ય તે અધર્મ જ છે.'

ટોળું: 'બાપુ, તમે અમને ધર્મ શું છે કહો.'

ગાંધીજી: 'સત્યાચરણ કરો. પ્રાણીમાત્ર પ્રત્યે પ્રેમ રાખો. પ્રકૃતિ પ્રેમ કેળવો. આ બકરાને તમે છોડી દો. આજે આ બકરાની મુકિતથી દેવી જેટલી પ્રસન્ન થશે તેટલી પ્રસન્ન પહેલાં કોઈ દિવસ નહીં થઈ હોય'

બાપુની પ્રેમાળવાણીથી લોકો ભીંજાયા, બકરાને મુકિત આપી.

## (૦૯) કેળવણી : ફુરસદના સમયનો સદુપયોગ

**-ડૉ. દિનેશકુમાર પરમાર**

આજકાલ ત્રણમાંથી બે લોકો કહેતા નજરે ચડે છે કે, 'મારે તો નિરાંતનો શ્વાસ લેવાનો પણ સમય નથી !' હવે, વિચારવાનું એ રહે કે, જેમને શ્વાસ લેવાનો પણ સમય નથી એ માણસો જીવતા કેવી રીતે હશે ? ગુજરાતી સાહિત્યની એક અત્યંત ટૂંકીવાર્તા ઈશ્વર પરમારની આ સંદર્ભમાં છેઃ પત્નીઃ 'એ સાંભળો છો ?', પતિઃ 'બોલો ને ?', પત્નિઃ 'જીવણલાલ ગુજરી ગયા.', પતિઃ 'હેં' ! 'શું જીવણલાલ જીવતા હતા ?' આ ટૂંકીવાર્તા દ્વારા કેટલાક લોકો - મનુષ્યો માત્ર જીવવા ખાતર જીવતા હોય તે નિર્દેશ કરે છે. માત્ર શ્વાસોશ્વાસની ક્રિયા કરી પોતાના જીવનનું રગશિયું ગાડુ ગબડાવતા હોય છે. કહો કે, પરાણે જીવનનો ભાર વેંઢારતા હોય છે. ઈશ્વરે આ પૃથ્વી પર મોકલેલા દરેક જીવને ચોક્કસ હેતુ સાથે મોકલ્યા છે, પરંતુ માણસ પરમમાં શ્રદ્ધા ખોઈ બેસી માત્ર શ્વાસ લેતા ખાલી ખોખાં સ્વરૂપે યંત્રવત્ જીવન જીવ્યે રાખે છે.

મનુષ્યજીવનમાં કર્મનું અદકેરું મહત્ત્વ છે. દરેક વ્યક્તિએ પોતાની ક્ષમતા અને આવડત પ્રમાણે કર્મ કરવાનું રહે છે. આપણા શાસ્ત્રોમાં પણ કર્મને જુદીજુદી આધ્યાત્મિક દૃષ્ટિએ મૂલવવામાં આવ્યું છે. જ્યારે કુદરતે દરેક જીવને ચોવીસ કલાક આપ્યા છે ત્યારે આ બધા જ કલાકો માત્ર કાર્ય જ કરવું તેવું કહ્યું નથી અને તે શક્ય પણ નથી. ઘણીવખત માણસ પાસે કામ ખૂટી પડે તેવા સંજોગો ઊભા થતા હોય છે. આવા સંજોગોમાં મનુષ્ય આ ફુરસદના સમયનો કેવો ઉપયોગ કરે છે ? તે બાબત તેના ગુણવત્તાયુકત જીવનની કેડી કંડારે છે. વ્યસ્ત જીવનમાંથી મળતી અથવા કાઢવામાં આવતી ફુરસદ માણસ માટે સંજીવનીનું કાર્ય કરે છે. બીબાઢાળ જીવનમાં વાર-તહેવારો અને પ્રવાસપર્યટન મનુષ્યને નવી ઊર્જાથી તરબતર કરી દે છે. માનવજીવનમાં મળતી આ ફુરસદનો સદુપયોગ કરવામાં આવે તો તેના અકલ્પનીય અને રૂડા પરિણામો મળતા હોય છે.

માણસો પોતે અતિવ્યસ્ત હોય તેવું આવરણ રચતા હોય છે. ખરેખર તો તેઓ આ પ્રકારનો ડોળ કરી બીજાંને પ્રભાવિત કરવાની પેરવી કરતા હોય છે. સામાન્ય રીતે જે માણસ બુદ્ધિપૂર્વક કાર્ય કરે છે તેઓને સમયની ખેંચ રહેતી નથી, પરંતુ જેઓ ઢંગધડા વગર કાર્ય કરતા હોય છે, તેઓ સમય બાબતે ઊહાપોહ કરતા હોય છે. આ સંદર્ભમાં મહાત્મા ગાંધીજીનું એક ઉદાહરણ ટાંકવા જેવું ખરું હો. એક વખત એક વ્યક્તિએ ઘણી મૂંઝવણ સાથે ગાંધીજીને મળવા માટેનો સમય માંગ્યો. ગાંધીજીએ તરત જ તે વ્યક્તિને મળવા માટેનો સમય આપી દીધો. પહેલો વ્યક્તિ વિચારતો રહ્યો કે, આવો મહાન માણસ આટલી સરળતાથી મળવા માટેનો સમય કેવી રીતે આપી શકે ? પરંતુ આની પાછળનું મહત્ત્વનું કારણ ગાંધીજીનું સમયપાલન પ્રત્યેની પ્રતિબદ્ધતા હતી. દરરોજનું કાર્ય દરરોજ કરવાની કાર્યરીતિથી જ માણસ હળવોફુલ રહી શકે છે. જે લોકો નિયત સમયે પોતાનું નિયત કાર્ય પૂર્ણ કરી લે છે, તેઓને સમય બાબતે કોઈ ફરિયાદ રહેતી નથી. તેઓની સુયોગ્ય સમયપાલનથી કાર્યરીતિથી કોઈ તણાવ અનુભવ્યા વગર ફૂલની માફક હળવા રહી પોતાના કાર્યનો આનંદ લૂંટતા હોય છે.

આજકાલ મૅનેજમેન્ટ શબ્દનો ઉપયોગ જુદાજુદા ક્ષેત્રોમાં થતો જોવા મળે છે. જે વ્યક્તિ, સંસ્થા કે સંગઠનનું મૅનેજમેન્ટ સારું તે મહદ્અંશે સફળ થાય છે. સફળ

સંચાલનનાં એક મહત્ત્વના ઘટક તરીકે સમયપાલનની ભૂમિકા અગત્યની બની રહેતી હોય છે. કામનો ભરાવો અગમ્ય તણાવ પેદા કરે છે. અમુક સંસ્થાઓ, વ્યક્તિઓ આપણને હંમેશા હળવાફૂલ લાગતા હોય છે, તેની પાછળનું મહત્ત્વનું પાસું એમનું સમયપાલન અને ફુરસદના સમયનો શ્રેષ્ઠ ઉપયોગ કરવાનું કૌશલ્ય રહેલું હોય છે. સામાન્ય રીતે આપણને પણ જે માણસ સમયપાલન પ્રત્યે પ્રતિબદ્ધ હોય અને જે તે કાર્ય સમયસર પૂર્ણ કરે તે ગમતું હોય છે, પરંતુ તેનાથી વિપરીત માનસિકતા અને કાર્યરીતિ ધરાવનાર પ્રત્યે આપણો અભિગમ કેવા પ્રકારનો હોય છે ? તે બાબત સર્વવિદિત છે.

સામાન્ય રીતે નિરાંત કે નવરાશ સૌને વ્હાલી લાગતી હોય છે. આ નિરાંત કે નવરાશના સમયે આપણને નવા વિચારોનું અંતઃસ્ફુરણ થતું હોય છે. એક સંશોધન એવુ કહે છે કે, માનવમગજ આપણે જાગતા હોઈએ એના કરતા સૂતા હોઈએ ત્યારે વધારે સક્રિય રહે છે. દુનિયાની મોટાભાગની શોધો સતત કાર્ય પર ચીટકી રહેવાથી નહીં, પણ કાર્ય પરથી થોડી હળવાશ કે આરામના સમયે અંતઃસ્ફુરણ થવાથી થઈ છે. માનવમગજ સતત કોઈ બાબતે વિચારીને કે કાર્ય કરીને થાકી જાય છે, ત્યારે તેને થોડો આરામ કે ફુરસદનો સમય આપવામાં આવે તો તેના સુંદર પરિણામો પ્રાપ્ત થાય છે. કોઈપણ પ્રકારના કાર્ય માટે સખત મહેનત જરૂરી જ છે, પણ સાથેસાથે મનન અને ચિંતન પણ એટલું જ અનિવાર્ય છે. માત્ર સખત કાર્ય કરવાથી સફળતા મળતી નથી, પરંતુ તે કાર્ય સાથે ફળદ્રુપ ચિંતન કરવું પણ અનિવાર્ય થઈ પડે છે. જો કે ઉધઈ પણ સતત કાર્ય કરે છે પણ તેનું પરિણામ આપણે સૌ જાણીએ છીએ. પ્રાણીઓ પાસે પણ આપણે સતત કાર્ય કરાવીએ છીએ પણ તેના પરિણામથી પણ આપણે સુપરિચિત છીએ. અહીં ગુણવત્તાયુક્ત સમય અને કાર્યનો પરિપેક્ષ્ય અભિપ્રેત છે.

જ્યારે માણસને નવરાશની પળો મળે છે ત્યારે તેને ખાસ સંયમપૂર્વક વર્તવાનું રહે છે. કહેવાય છે ને કે, 'નવરો નખ્ખોદ વાળે', 'નવરા માણસનું મગજ શેતાનનું કારખાનું છે.' આ કહેવતો ઘણી ગર્ભિત છે. અહીં જે વ્યકિત બિલકુલ કાર્ય વગર બેરોજગાર છે તેની વાત નથી, પરંતુ અતિવ્યસ્ત સમયમાંથી પોતાના માટે જે સમય કાઢવામાં આવે છે તે વાત શિરમોર છે. આ ફુરસદના સમયનો ઉપયોગ પોતાની જાત સાથે વાર્તિક ગોઠડી માંડવાનો છે અને એમાંથી ઘણીવખત અણધાર્યા અને અકલ્પનીય ઉકેલો સાંપડતા હોય છે. માનવમનમાં જાગ્રત મન કરતાં અજાગ્રત અને અર્ધજાગ્રત મનના મહત્ત્વ વિશે હવે આપણે સારી રીતે અવગત છીએ. ડૉ. જિતેન્દ્ર અઢિયા અને અન્ય માનવમનના જાણતલ વ્યકિતઓએ આ બાબત પ્રયોગો સાથે સાબિત પણ કરી આપી છે. આપણું મન જ વિચારોનું એક જટિલ સંકુલ છે અને આ માનવમનને સૌથી વધારે સારા કે ખરાબ વિચારો ફુરસદના સમયમાં જ આવતા હોય છે. આ વિચારોના ઘોડાને ચાબૂકરૂપી લગામ દ્વારા નિયંત્રિત કરવામાં આવે તો તેના શુભ ફળ મળતા રહે છે. જેમ કોઈ ખેતરની યોગ્ય કાળજી લેવામાં ન આવે તો તેમાં નકામું ખાસ ઊગી નીકળે છે તેમ માનવમનની સંભાળ ન લેવાય તો તેમાં ઘણો અનિચ્છીય કચરો જમા થઈ જાય છે અને આ કચરો અનેક મનોશારીરિક રોગોને જન્મ આપે છે.

ખાસ કરીને શાળાકક્ષાએ વિદ્યાર્થીઓ પોતાને મળતા ફાજલ સમયનો ઉપયોગ સ્વવિકાસ માટે કરે તો તેનાથી રૂડી બાબત બીજી કઈ હોય શકે ? કુમળા બાળકો અને વિદ્યાર્થીઓ ઘણા વિચારશીલ હોય છે. તેઓમાં કુતૂહલવૃત્તિ ખૂબ હોય છે. આવા સમયે તેમને યોગ્ય રીતે વિચાર માટેના અવસરો પૂરા પાડવામાં આવે તો તેમનો ઊર્ધ્વગામી વિકાસ શક્ય બને છે. ફુરસદના સમયે વિદ્યાર્થીઓ પુસ્તકોનું વાંચન, પોતાના શોખને અનુરૂપ પ્રવૃત્તિઓ , રમતગમત, યોગ, ધ્યાન, પ્રાણાયામ વગેરે પ્રવૃત્તિઓ કરે તો તેમના વિકાસને ઊર્ધ્વગતિ મળે છે અને ભણતરનો ભાર ઓછો કરી શકાય

છે. અહીં ખાસ કાળજી એ લેવાની છે કે, આ ફુરસદના સમયનો વિધાયક ઉપયોગ થાય તે જરૂરી જ નહીં પણ અનિવાર્ય છે. આ માટે વિદ્યાર્થીઓને યોગ્ય તકો પૂરી પાડવાની મહત્ત્વની જવાબદારી ગુરુવર્યોની રહે છે. આ કાર્ય અત્યંત ધીરજ માંગી લેનારું છે એટલે માતાપિતા અને ગુરુજનોએ ધૈર્યવાન બની આ કાર્ય કરવું રહ્યું.

આખરે જીવનની પ્રત્યેક ક્ષણ ફળદાયી, સુખદાયી અને આનંદદાયી બની રહે તે પ્રકારની માનસિક કસરત કરવાનો સમય પાકી ગયો છે. જીવનના ઝંઝાવાતમાં ટકી રહેવા અને વિકસવા માટે સમયનું શ્રેષ્ઠ આયોજન ઘણું ઉપયોગી થઈ રહે છે તે બાબત નિર્વિવાદ છે. જે મનુષ્યો સમયને સાચવી લે છે તેનું જીવન આપોઆપ સચવાઈ જાય છે. કહેવાય છે ને કે, 'સમયે સમજાય તો અર્થ બાકી સમય જતા સમજાય તો બધું વ્યર્થ.' ખાસ કરીને નાના બાળકો કે વિદ્યાર્થીઓ કાચી ઉંમરે જ ફુરસદના સમયના શ્રેષ્ઠ ઉપયોગની સમજણ પાકી કરી લે તો તેમનું ભવિષ્ય ચોક્કસ ઉજ્જ્વળ બનવાના એંધાણ વર્તાયા વગર રહેતા નથી. છેલ્લે એક પ્રસિદ્ધ વિધાન સમયના શ્રેષ્ઠ ઉપયોગ અથવા તો ફુરસદના સમયના ઉપયોગ માટે બંધબેસે તેવું લાગે છે. 'સમય અને સમજણ કોઈ ભાગ્યશાળી વ્યક્તિને જ એકસાથે આવે છે. બાકી સમય હોય ત્યારે સમજણ હોતી નથી અને જ્યારે સમજણ આવે છે ત્યારે સમય હોતો નથી.' આશા રાખીએ કે આપણી શાળાના બાળકોમાં આપણે સમય અને સમજણનું એક સાથે બીજ રોપીને તેના મીઠા ફળોનો આસ્વાદ ચાખી શકીશું.

મો. ૯૯૨૪૫૩૮૨૮૨

**બાળગાંધીનો સવાલ...**

પોરબંદરના ઘરમાં ઉકો ભંગી ડબાજાજરૂની સફાઈ માટે આવે. બાળક મોનિયો ઉકો આવે ત્યારે એની સાથે વાતો કરે છે. એક દિવસ મા પૂતળીબાઈ પોતાના દીકરા મોનિયાને ઉકા સાથે વાતો કરતા જોઈ પુત્રને બોલાવી કહે છેઃ 'બેટા મોહન, જો તું ઉકાને ન અડતો. અડીશ તો તારે સ્નાન કરવું પડશે.'

માતાની વાત સાંભળી બાળગાંધીને વિસ્મય થતા પૂછે છેઃ 'કેમ ?' બાળક મોહનના સવાલનો જવાબ મા પાસે પણ નથી. મોહન વિચારે કે ઉકો આ ડબાજાજરૂની સફાઈ કરે છે એટલે મા એને અડવાની કે વાતો કરવાની ના પાડતી હશે ?

માણસને માણસ સ્પર્શે તો અભડાવાય ? ઉકો જો એક દિવસ આ ડબાજાજરૂની સફાઈ માટે ના આવે તો ઘરમાં રહેવાય નહીં, તો પછી એને અડવાની મા કેમ મનાઈ કરે આવા તો અનેક સવાલ એને થાય છે. એટલે મોહન માતાને કહે છેઃ 'મા, હું નાનો-બાળક હતો ત્યારે તું મારા મળમૂત્ર, ઝાડો સાફ કરતી હતી ને ? છતાં તને અડાય અને ઉકાને કેમ અડી ન શકાય.?'

માતા પાસે પોતાના દીકરાના સવાલનો જવાબ નથી બસ એ તો કહે કેઃ

'બેટા, આ આપણો રિવાજ છે.'

માતાની વાત સાંભળી મોહન જાણે કે સત્યાગ્રહ કરતા કહે છેઃ

'મા હું તો ઉકાને અડીશ.'

## (૧૦) ડિજિટલ કોર્નર - સત્યકથાઃ પાંચ સરનામાં

**અનામી**

હું ઉબેર ચલાવું છું, મોટે ભાગે નાઈટ શિફ્ટ. ગયા અઠવાડિયે રાત્રે ૧૧ વાગ્યે મેં એક વૃદ્ધ માણસને બેસાડ્યા. તેઓ ગાડીમાં બેઠા અને બોલ્યાઃ 'મારે આજે રાત્રે પાંચ જગ્યાએ જવું છે. હું તને ૫૦૦ ડોલર રોકડા આપીશ. પણ શરત એ છે કે જ્યાં સુધી કામ પૂરું ન થાય ત્યાં સુધી તું મને કંઈ પૂછીશ નહીં.' તેમણે મને પાંચ સરનામાં આપ્યાં.

**પહેલું સરનામુંઃ**

શહેરની બહાર એક ઘર હતું. તેઓ ગાડીમાં જ બેસી રહ્યા. દસ મિનિટ સુધી તે ઘરને જોતા રહ્યા અને મન ભરીને રડ્યા. પછી ધીમેથી બોલ્યા, 'ચાલો, હવે આગળ.'

**બીજું સરનામુંઃ**

એક પ્રાથમિક શાળા ત્યાં અંધારું હતું. તેઓ ઉતરીને પેલા બગીચામાં ગયા અને હિંચકા પર બેઠા. ૨૦ મિનિટ ત્યાં રહ્યા અને પાછા આવ્યા ત્યારે બોલ્યા, 'મેં અહીં ૪૩ વર્ષ ભણાવ્યું છે. મારા જીવનની આ સર્વશ્રેષ્ઠ નોકરી હતી.'

**ત્રીજું સરનામુંઃ**

એક નાનું રેસ્ટોરન્ટ હતું ત્યાં બધાં ડીનર લેતાં હતાં. તેઓ અંદર ગયાં અને કોફી મંગાવી. એક ટેબલ પર એકલા મૌન બેસી આસપાસ જોયા કર્યું પછી, કોફી પીધાં વિના ૧૫ મિનિટ પછી પાછા આવ્યા ત્યારે બોલ્યાં, '૧૯૬૭માં મારી પત્ની સાથે હું અહીં પહેલી વખત આવ્યો હતો.'

**ચોથું સરનામુંઃ**

સ્મશાનનું હતું, તેઓ ત્યાં ઉતરીને એક કબર પાસે જઈને ઊભા રહ્યા. ત્યાં કંઈક વાતો કરતા હતા, પણ મને સંભળાતું નહોતું. ૩૦ મિનિટ પછી જ્યારે આવ્યા ત્યારે તેમની આંખો લાલ હતી. તેઓ બોલ્યાં, 'મારી પત્ની... તેને ગયાને આજે બરાબર ત્રણ વર્ષ થયાં.'

**પાંચમું સરનામુંઃ**

એક હોસ્પિટલનું હતું. તેમણે મને પાર્કિંગમાં રાહ જોવાનું કહ્યું. 'આ છેલ્લો સ્ટોપ છે.' તેમણે મારી સામે જોયું અને કહ્યું, 'હવે હું તને કહીશ કે હું આ બધું કેમ કરી રહ્યો છું. મને ચોથા સ્ટેજનું કેન્સર છે. મારી પાસે ગણતરીના દિવસો બાકી છે. હું અશક્ત બનું તે પહેલાં મારા આખા જીવનને છેલ્લી વાર જોઈ લેવા માંગતો હતો.'

'હું ત્યાં જ રડવા લાગ્યો. તેમણે કહ્યું, પેલું ઘર જ્યાં મેં મારા બાળકો ઉછેર્યા. શાળા જ્યાં મેં મારું લક્ષ્ય શોધ્યું. રેસ્ટોરન્ટ જ્યાં મને પ્રેમ થયો. સ્મશાન જ્યાં મેં વિદાય આપી. અને આ હોસ્પિટલ જ્યાં હું આજે એડમિટ થઈ રહ્યો છું. હું હવે ઘરે પાછો નથી જવાનો.'

તેમણે મને ૫૦૦ ડોલર આપ્યા. 'તારો આભાર કે તેં મને મારા જીવનની મુસાફરી કરાવી. તું છેલ્લો અજાણ્યો માણસ છે જેણે મારા પ્રત્યે દયા બતાવી.' મેં પૈસા લેવાની ના પાડી, પણ તેમણે આગ્રહ કર્યો, 'મારી પાસે આ પૈસા કોઈને આપવા માટે નથી. મારા બાળકો મારી સાથે વાત

નથી કરતા. તારા ૩ કલાકની દયાની કિંમત આ ૫૦૦ ડોલર કરતા ઘણી વધારે છે.'

તેઓ નાની સુટકેસ લઈને ઉતર્યા. પાછળ ફરીને પૂછ્યું, 'તારું નામ શું છે?' મેં કહ્યું, 'માઈકલ' તેમણે કહ્યું, આભાર દોસ્ત, મારા જીવનની છેલ્લી સારી વસ્તુ બનવા માટે.' તેઓ હોસ્પિટલની અંદર ચાલ્યા ગયા અને હું કલાક સુધી મારી ગાડીમાં બેસીને રડતો રહ્યો.

બીજા દિવસે હું તેમને મળવા ગયો. રૂમ નંબર ૪૧૨ - મિસ્ટર પેટરસન. હું ફૂલો લઈને ગયો. તેઓ મને જોઈને હસ્યા, 'માઈકલ, તું પાછો આવ્યો ?' અમે બે કલાક વાતો કરી. તેમના પત્ની, વિદ્યાર્થીઓ અને તે બાળકો વિશે જેમના ફોન હવે આવતા નહોતા.

'મને લાગ્યું હતું કે હું એકલો મરીશ,' તેમણે એક દિવસ કહ્યું, 'પણ તું અહીં છે. એક અજાણ્યો માણસ મારા છેલ્લા દિવસોમાં મારો પરિવાર બની ગયો.'

મેં તેમનો હાથ પકડ્યો અને કહ્યું, 'તમે એકલા નથી.'

તે દિવસ -મંગળવાર રાત્રે ૩:૧૭ વાગ્યે મિસ્ટર પેટરસનનું અવસાન થયું. હું ત્યાં જ હતો, તેમનો હાથ પકડીને. તેમના છેલ્લા શબ્દો હતાઃ 'લોકોને કહેજે કે અજાણ્યા લોકો સામે જુએ. આજે દરેક વ્યક્તિ મરી રહી છે, કોઈ વહેલા તો કોઈ મોડા. પણ રસ્તામાં એકબીજા પ્રત્યે દયા રાખજો. તેં મને બચાવી લીધો.'

તેમના અંતિમ સંસ્કારમાં માત્ર ૬ લોકો હતા. હું, ત્રણ નર્સ, એક વકીલ અને એક જૂનો વિદ્યાર્થી. જે માણસે ૪૩ વર્ષ ભણાવ્યું, તેના અંતિમ સમયે માત્ર ૬ લોકો. મેં ત્યાં કહ્યું, 'મિસ્ટર પેટરસને મને શીખવ્યું કે દરેક અજાણ્યો માણસ કોઈકની આખી દુનિયા હોય છે.'

તે ૫૦૦ ડોલર હજુ પણ મારી ગાડીમાં રાખ્યા છે. ક્યારેય વાપર્યા નથી, વાપરવાનો નથી..એ સ્મૃતિઓ મને સંવેદનશીલ રાખે છે. તે મને યાદ અપાવે છે કે આપણે બધા અપરિચિત જ છીએ, ત્યાં સુધી કે જ્યાં સુધી કોઈ ઊભું રહીને આપણને સાંભળે નહીં, સમજે નહીં.

**ઉદ્‌બોધન**

પ્રત્યેક ક્ષણની પરિપૂર્ણતામાંથી તને ચ્યુત કરે અને એક જન્મમાં જ પૂરું થઈ જાય એવું રખે ને તું કાંઈ કરતો.
તારે તો આકાશના તારા દીવાનખાનાના ઝુમ્મરમાં ટાંગવાના છે.
ડૂબતા સૂરજને ક્ષિતિજની ધારેથી ઝૂંટવી લઈ છોગામાં ખોસવાનો છે.
ઉડતા સુરખાબની લાલી આંખોમાં આંજી જીવનની જદ્દોઝદમાં ઝૂઝવાનું છે.
પતંગિયાંનાં ફૂલદાન બનાવી ફૂલોનાં પતંગિયા ઉડાડવાનાં છે.
તારા પ્રિય સંગીતની સૂરાવલિને હૃદયમાં સંઘરી - સંગોપી ભવભવની યાત્રાનું ભાથું બાંધવાનું છે,
અને અર્થહીનતા ને આકસ્મિકતાના ધુમ્મસમાં ઢંકાયેલાં ઉપશમનાં શિખરો પર હિમ થઈ ઠરવાનું છે.
ઉપેક્ષિત દીન-હિનની અસહાયતાનાં આંસુ બની તારે ટપકવાનું છે.
જગતની વિષમતા - વિસંવાદિતાને હૈયાની એરણ પર ટીપી- ટીપી કનિષ્ઠિકા પર ધારણ કરવાની છે.
છે - નથીને ઠેકી જઈ, હોવા - બનવાની પેલે પારના આનંદલોકમાં તારે વિહરવાનું છે,
અને
અંતે બેખુદીની ચાદર ઓઢી નિરાંતજીવ સૂઈ જવાનું છે.

- અશ્વિન મહેતા

## (૧૧) પ્રતિભાવઃ કોડિયું સામયિક

**પ્રા. પ્રવીણચંદ્ર ઠક્કર**

ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ થતું હોય, શિક્ષણ,સંશોધન અને અધ્યાત્મ વિષયક લેખો ખૂબ ધીરજથી પસંદ કરીને-સંપાદન થતું હોય એવું કોડિયું નાનાભાઈ ભટ્ટ દ્વારા શરૂ થયું હતું. એ આરંભને આજે ૮૦ વર્ષ થઈ ગયા છે. દર મહિને કોડિયું ૮૦ વર્ષથી સમાજને શિક્ષણનું, ચિંતનનું, અધ્યાત્મનું અજવાળું આપતું રહ્યું છે.

ગુજરાતમાં વાર્ષિક, છ માસિક, ત્રૈમાસિક, માસિક, પાક્ષિક અને સાપ્તાહિક પ્રકાશનોની સંખ્યા ૫૦૦૦થી વધુ છે. કેટલાક જ્ઞાતિ-જાતિ, ધર્મ-સંપ્રદાય વિશેષના સામયિકો છે. જ્યારે વાચકોમાં જ્ઞાન, પ્રકાશ અને ઊર્જા પાથરવાનું પૂણ્ય કાર્ય કરનારાની સંખ્યા સિમિત છે. એમાં કોડિયું દિનપ્રતિદિન શિષ્ટતા તરફ આગળ વધતું જાય છે.

દક્ષિણામૂર્તિદેવની કૃપાથી, ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા દ્વારા આ સામયિક છેલ્લાં ૮૦ વર્ષથી નિયમિત જિજ્ઞાસુ વાચકો પાસે પહોંચી જાય છે. તેના તંત્રીપદે શોભાયમાન થઈ ચૂક્યા છેઃ ઋષિવર્ય નાનાભાઈ ભટ્ટ, સારસ્વત મનુભાઈ પંચોળી, વત્સલ ગૃહપતિ અને અનુવાદક મૂળશંકરભાઈ ભટ્ટ અને નઈ તાલીમના પ્રયોગવીર અનિલભાઈ ભટ્ટ.

કોડિયુંમાં વર્તમાન તંત્રી છે, સમસંવેદનશીલ, લોકવિજ્ઞાની શ્રી અરુણભાઈ દવે. સહતંત્રી છે. ખૂબ કુશળ સંપાદક લેખક ડૉ.દિનુભાઈ ચુડાસમા. શ્રી અરુણભાઈનું સૂઝપૂર્વકનું માર્ગદર્શન, સતત ચીવટથી કાર્ય કરવાની કુશળતા તેમજ સહતંત્રી અને કોડિયુંની ટીમની મહેનતથી લેખ અને કાર્યક્રમના ફોટો પસંદગી કરવા સુધી વાચકને વાચન કરવા પ્રેરે તેવી સામગ્રીથી કોડિયું સંતુલિત વિકાસના પંથે છે.

કોડિયુંના આસ્વાદક અને લેખક તરીકે મને ગમે છેઃ કોડિયું સામયિકમાં વિવિધતામાં એકતા.

૧. ચિંતનપ્રધાન તંત્રી લેખ. એપ્રિલ — ૨૦૨૬ના લેખમાં, વર્તમાન યુદ્ધના સંદર્ભમાં જૂઓ કેટલાક અંશ, ભારતીય તત્ત્વદર્શન, આત્માપ્રધાન અને આચારપ્રધાન છે. અહિંસા એ આત્માનું સ્વરૂપ છે. આત્મા મારામાં છે તે જ સૌમાં છે. આત્માની વ્યાપકતા જ ભાઈચારો પેદા કરે છે.

૨. વિવિધ ક્ષેત્રના આર્ષદષ્ટાઓ, ગાંધીજી, શ્રીમદ રાજચંદ્ર, સરદાર વલ્લભભાઈ, સ્વામી સચ્ચિદાનંદ, મૂળશંકરભાઈ ભટ્ટ વગેરે વિષયક લેખો અને લલિત રેખાચિત્રો.

૩. લોકભારતીના કર્મઠ કાર્યકરોનો પરિચય. બિંદુબહેન, પાર્થેશ પંડયાના સફળ, સાર્થક પ્રયોગો, કથા આશા અને વિકાસની.

૪. પદ્મશ્રી ગુણવંતભાઈ શાહના મનનીય વિચારો, જૂઓ એક લેખનું શીર્ષકઃ 'એક હતી પૃથ્વી, એક હતો માણસ અને એક હતો ગાંધી.' ગુણવંત શાહના લલિતનિબંધો કોડિયુંમાં આવે છે એ ખૂબ મોટી વાત છે. આ સાથે જ નવા લેખકોને પણ સ્થાન મળી રહ્યું છે.

૫. શ્રી અરવિંદનો, પોતાના પાગલપણા અંગેનો પત્ર પત્ની મૃણાલીનીને, જાણે કે શ્રી અરવિંદ આશ્રમના મુખપત્રમાં આ લેખમાંથી પસાર થતા હોઈએ. પૂજ્ય મોરારિબાપુ, ભાણદેવજી, સુભાષ ભટ્ટ વગેરે સર્જકોના ચિંતનથી કોડિયું બુદ્ધિજીવીઓને ગમે છે.

૬. સતિષચંદ્ર વ્યાસની બાઉલકથાઓ, ડૉ. શરદ ઠાકર કે કુંદનિકા કાપડિયા અને જગતના દાર્શનિકોના સૂત્રો પૂરક તરીકે રાખવામાં આવે એ પ્રસાદી આસ્વાદ્ય છે.

૭ કવર પેઈજ ૨ અને ૩ ઉપર પ્રદર્શિત ગ્રામદક્ષિણામૂર્તિ-આંબલા,લોકશાળા-મણાર, લોકવિદ્યાલય માઈધાર, લોકભારતી ગ્રામવિદ્યાપીઠ અને લોકભારતી યુનિ. દ્વારા આયોજિત મહત્ત્વની પ્રવૃત્તિઓના રંગીન, આકર્ષક ફોટોગ્રાફસ વિગત સાથે જોવા ગમે છે.

૯. લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સંલગ્ન સંસ્થાઓના સમાચાર પ્રગટ થાય છે. આ સમાચાર વાચન કરવાથી તુરંત જાણ થાય છે કે, દક્ષિણામૂર્તિ પરિવાર, કર્મઠ કાર્યકરો,મેનેજિંગ ટ્રસ્ટી શ્રી અરુણભાઈના માર્ગદર્શનનું આચરણ કરી રહ્યા છે.

કોડિયું પ્રકાશન માટે પરિશ્રમીઃ માનનીય તંત્રીશ્રી, સંપાદક-સહતંત્રીશ્રી, ઑફસેટર, ટપાલ દ્વારા કોડિયું રવાના કરનાર, હિસાબનીશ તેમજ વાચકોને અભિનંદન.

મો. ૯૪૨૬૪૬૧૦૯૦

## (૧૨) સંસ્થા સમાચાર (સપ્ટેમ્બર, ૨૦૨૬)

**સંકલન : પ્રશાંત મહેતા**

### લોકભારતી સમાચાર

- તા. ૧ના રોજ લોકભારતી અધ્યાપનમંદિરમાં વિઝીટીંગ ફેકલ્ટી તરીકે શ્રી અવનિબેન દવે અને શ્રી અજીતસિંહભાઈ હાજર થયા છે.
- તા.૦૪ના રોજ જન્માષ્ટમી નિમિત્તે સારસ્વતભવનમાં લોકભારતી પરિવારજનોની હાજરીમાં કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી ઉમંગભેર કરવામાં આવી.
- તા. ૦૫ના રોજ ગુજરાત નેચરલ ફાર્મિંગ સાયન્સ યુનિવર્સિટી દ્વારા આયોજિત વર્કશોપમાં ભાગ લેવા માટે શ્રી નિગમભાઈ શુકલ હાલોલ મુકામે જઈ આવ્યા.
- તા. ૦૭ના રોજ જિલ્લા કલેકટરશ્રી દ્વારા આયોજિત મિટિંગમાં ભાગ લેવા માટે શ્રી નિગમભાઈ શુકલ ભાવનગર જઈ આવ્યા.
- શ્રી પ્રવીણભાઈ ઠક્કર તા.૦૭થી ૦૯ એમ ત્રણ દિવસ શૈક્ષણિક પ્રવૃત્તિઓ અર્થે લોકભારતીમાં રોકાઈ ગયા. તેઓએ વર્ગો લીધા અને વિદ્યાર્થીઓ સાથે સંવાદ પણ કર્યો.
- તા. ૦૮/૦૯/૨૦૨૬ ના રોજ લોકભારતી લોકસેવા મહાવિદ્યાલય, સણોસરા ખાતે વિકાસ સપ્તાહની ઉજવણી અંતર્ગત એન.એસ.એસ. દ્વારા સ્વચ્છતા અભિયાન તથા ભીતચિત્ર પ્રવૃત્તિનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રવૃત્તિમાં એન.એસ.એસ.ના સ્વયંસેવક વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ વર્ગખંડો, કોરિડોર, દીવાલો, બારીઓ તેમજ સમગ્ર પરિસરની સફાઈ કરી હતી. શ્રી મિલનભાઈ કેરાશિયા તથા એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફીસર રવિભાઈ ચૌહાણ જોડાયા હતા.
- તા.૦૯/૦૯/૨૦૨૬ ના રોજ બુધ સંમેલન અંતર્ગત શ્રી પ્રવીણભાઈ ઠક્કરે સંઘર્ષ પર સવારી વિશે પ્રાસંગિક ઉદબોધન આપ્યું. સંમેલનનું સંચાલન સોલંકી દિવ્યાબેન અને વક્તા પરિચય ઠાકોર મનીષાબેન એસ.વાય.બી.આર.એસના વિદ્યાર્થિની બહેનોએ કર્યું. શ્રી નીતિનભાઈ ભીંગરાડિયાએ શ્રી પ્રવીણભાઈ ઠક્કરનો આભાર માની સંમેલનનું સમાપન કર્યું.
- તારીખ ૧૦ થી ૨૬ દરમિયાન લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઇનોવેશનના વિદ્યાર્થીઓએ આણંદ કૃષિ યુનિવર્સિટીમાં જમીનવિજ્ઞાન વિષયક અઢાર દિવસીય પ્રત્યક્ષ તાલીમમાં ભાગ લીધો.
- તા.૧૦/૦૯/૨૦૨૬ ના રોજ ભાવનગર યુનિ.દ્વારા યોજાયેલી ઍકેડેમિક કાઉન્સીલની બેઠકમાં શ્રી નીતિનભાઈ ભીંગરાડિયાએ ભાગ લીધો.
- તારીખ ૧૧ ના રોજ લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઇનોવેશનના બી.આર.એસ. (પ્રથમ વર્ષ) ના વિદ્યાર્થીઓએ આણંદ કૃષિ યુનિવર્સિટીની શૈક્ષણિક મુલાકાત લીધી. મુલાકાત દરમિયાન વિદ્યાર્થીઓએ કૃષિ શિક્ષણ, સંશોધન પ્રવૃત્તિઓ અને આધુનિક કૃષિ પદ્ધતિઓ અંગે માહિતી પ્રાપ્ત કરી.
- જાણીતા અભિનેતા-નાટ્યકાર-દિગ્દર્શક અને વક્તા શ્રી નૈષધભાઈ પુરાણી અને એમની ટીમનો તા.૧૧મીની રાત્રે ૦૮-૩૦ કલાકે 'વાચિકમ' કાર્યક્રમ યોજાયો, જેમાં તેઓએ જુદા જુદા

વાર્તાકારોની પાંચેક વાર્તાઓનું વાચિકમ કર્યું.

- તા.૧૨ના રોજ પૂ. મૂળશંકરભાઈ મો. ભટ્ટ વ્યાખ્યાનમાળાના વીશમા મણકાનું વ્યાખ્યાન જાણીતા અભિનેતા-નાટ્યકાર-દિગ્દર્શક, વોઇસ ઓવર આર્ટિસ્ટ, ભાષા ઉચ્ચારણના કુશળ પ્રશિક્ષક-માર્ગદર્શક અને પ્રભાવશાળી ઉદ્‌ઘોષક વક્તા શ્રી નૈષધભાઈ પુરાણીએ 'વાચન : અભિવ્યક્તિનો આનંદ' વિષય પર ઘણું જ રસપ્રદ રીતે રજૂ કર્યું. પ્રારંભમાં શ્રી દર્શનાબહેન ભટ્ટે સુમધુર કંઠે ભજન રજૂ કર્યું. વક્તાશ્રીનો પરિચય અને આવકાર શ્રી નિગમભાઈ શુક્લએ કર્યો. કાર્યક્રમનું સંચાલન શ્રી અમિતભાઈ સાસાણીએ કર્યું. વક્તાશ્રીને સ્મૃતિભેટ અર્પણ કરીને આભારદર્શન શ્રી વિક્રમભાઈ ભટ્ટે કર્યું. આ કાર્યક્રમમાં સાથી સંસ્થાઓના કાર્યકરો અને બૃહદ લોકભારતી પરિવારજનો ઉપસ્થિત રહ્યા.
- તા. ૧૩ના રોજ માનનીય કેન્દ્રિય કૃષિમંત્રી શ્રી શિવરાજસિંહજી ચૌહાણના અધ્યક્ષસ્થાને આયોજિત ઓનલાઈન મિટિંગમાં કૃષિ વિજ્ઞાન કેન્દ્રના કાર્યકરો જોડાયા.
- તા. ૧૪ના રોજ આત્મા પ્રોજેક્ટ, ભાવનગર દ્વારા આયોજિત પ્રાકૃતિક કૃષિ પરની મિટિંગમાં ભાગ લેવા માટે શ્રી પ્રદીપભાઈ ક્યાડા જઈ આવ્યા.
- તા.૧૪ના રોજ શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા અને શ્રી નિગમભાઈ શુકલએ લોકભારતી કૃષિ વિકાસ કેન્દ્ર અરણેજની મુલાકાત લઈ કેન્દ્ર વિકાસ અને પ્રવુતિ વિશે સંબંધિત સાથે ચર્ચા વિમર્શ કર્યો.
- તા.૧૫ના રોજ ગુજરાત રાજયના શિક્ષણમંત્રી શ્રી વાઝાસાહેબના અંગત સચિવ શ્રી અંકુર ઉપાધ્યાય સંસ્થાની મુલાકાતે આવી ગયા. શ્રી નીતિનભાઈ ભીંગરાડિયાએ લોકસેવા વિભાગના પ્રશ્નો અને ઉકેલ બાબતે તેમની સાથે ચર્ચા કરી.
- આ વરસે વરસાદે બહુ રાહ જોવરાવી. પહેલાં રાઉન્ડમાં તો પાણી વહેતા થાય તેવો વરસાદ પડ્યો નહોતો. મોલાત માટે પણ પાણીની ખરી ખેંચ વર્તાઈ રહી હતી. તેવામાં તા.૧૪મીના રોજ એવો વરસાદ પડી ગયો કે આપણા તળાવો ભરાઈ ગયાં, છલકાઈ ગયાં. તા.૧૮મીના રોજ સવારે ૧૧-૦૦ કલાકે સમગ્ર લોકભારતી પરિવારની ઉપસ્થિતિમાં 'જળનાં વધામણાં'નો કાર્યક્રમ યોજાઈ ગયો.
- તા. ૧૬થી ૨૯ દરમિયાન જિલ્લા ગ્રામીણ એજન્સી બોટાદ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા કૃષિ સખી બહેનોની બે દિવસીય 'કૃષિ અને પશુપાલન' વિષય પરની કુલ ૧૦ તાલીમ યોજવામાં આવી જેમાં ૧૮૦ બહેનોએ ભાગ લીધો.
- તા. ૧૭ના રોજ અધ્યાપનમંદિરના તાલીમાર્થીઓની શૈક્ષણિક હેતુથી તરણેતર મેળા અને થાનગઢના સિરામિક ઉદ્યોગની ક્ષેત્રીય મુલાકાત યોજાઈ.
- તા.૧૯/૦૯/૨૦૨૬ ના રોજ આઈ.ક્યુ.એ.સી. અંતર્ગત બિન શૈક્ષણિક વહીવટી કર્મચારી સાથેની મિટિંગ યોજાઈ ગઈ જેમાં હિસાબી અને વહીવટ કાર્યભાર વહેંચણી, જનરલ રજીસ્ટર અને શિષ્યવૃત્તિ દસ્તાવેજીકરણ,આગામી યુનિ.પરીક્ષા સંદર્ભે કરવાની કામગીરી વહેંચણી અને અન્ય વ્યક્તિગત રજૂઆત સાથે નિયામક અને આચાર્યએ સંવાદ કર્યો.
- તા. ૧૯ના રોજ એન.સી.સી.એ.ડી., અમદાવાદ દ્વારા આયોજિત 'હવામાન પરિવર્તન અને કુદરતી આપત્તિ વ્યવસ્થાપન' ઉપર એક વર્કશોપમાં ભાગ લેવા માટે શ્રી નિગમભાઈ શુકલ અમદાવાદ જઈ આવ્યા.
- કૃષિ વિજ્ઞાન કેન્દ્ર અને ભાવનગર જિલ્લા ખેતીવાડી ઓફિસ દ્વારા સંયુકત રીતે તા. ૨૧ના રોજ 'ખેતીમાં ડ્રોન ટેકનોલોજીના ઉપયોગ' ઉપર એક સેમિનાર યોજાઈ ગયો. જેમાં જિલ્લાના ૭૫ ખેડૂત ભાઈ-બહેનોએ ખૂબ જ ઉત્સાહથી ભાગ

લીધો.

- તા.૨૧/૦૯/૨૦૨૬ ના રોજ આગામી યુનિ.ની બાહ્ય પરીક્ષાઓ સંદર્ભે શૈક્ષિણક સ્ટાફની એક મિટિંગ યોજવામાં આવી જેમાં પરીક્ષણ અને મૂલ્યાંકન સંદર્ભે સેમ. ૩ અને સેમ.૫ ના અભ્યાસક્રમ તથા વિધાર્થીઓને મૂલ્યાંકન બાબતે પારદર્શિતા લાવવા પર ભાર મૂકવામાં આવ્યો.આચાર્ય અને નિયામક બંનેએ માર્ગદર્શન આપ્યું.
- તા. ૨૨ના રોજ અધ્યાપનમંદિરમાં શ્રી રાહુલભાઈ ડાભી અને શ્રી અંકિતાબેન જાદવની વિઝીટીંગ ફેકલ્ટી તરીકે નિયુક્તિ થઈ.
- સેનીટેશન અને પર્યાવરણ ક્ષેત્રે વર્ષોથી કાર્યરત સ્વૈચ્છિક સંસ્થા ‘નાસા ફાઉન્ડેશન’, અમદાવાદથી શ્રી ફાલ્ગુનીબેન પરીખ, શ્રી જનકભાઈ મહેતા, શ્રી ધવલભાઈ પંડ્યા અને શ્રી રાજેશભાઈ નાયક તા.૨૨-૨૩ એમ બે દિવસ લોકભારતીના જળસંચય અંગેનો વર્ષોનો અનુભવ જાણવા અને જળ સંચયના અહીં કાર્યરત જીવંત નમૂનાઓ જોવા-સમજવા તથા તેવા કોઈ પ્રોજેક્ટ માટેની અહીંની સંભાવના તપાસવા આવી ગયા.
- તા.૨૪/૦૯/૨૦૨૬ ના રોજ કમ્પ્યુટર વિષય તજજ્ઞ શ્રી મિતુલભાઈ ગૌસ્વામી વર્ગ લેવા માટે આવ્યા.
- સુરત સ્થિત પી. પી. સવાણી યુનિવર્સિટીના મોવડીઓ અને સંચાલકો શ્રી વલ્લભભાઈ સવાણી સાથે તા.૨૫ના રોજ સાંજે લોકભારતીની શુભેચ્છા મુલાકાતે આવી ગયા.
- તા.૨૫ની શુક્રવારની સાયં પ્રાર્થનાના અનુસંધાને શ્રી અરુણભાઈ દવેએ લોકભારતીમાં થતી પ્રાર્થના, અન્ય પ્રવૃત્તિઓ, મહેમાનોનાં વક્તવ્યો, વ્યાખ્યાનામાળાઓ વગેરેનાં મહત્ત્વ વિશે હળવી શૈલીમાં સમજણ રજૂ કરી.
- તા.૨૬ના રોજ લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઈનોવેશનના વિવિધ અભ્યાસક્રમોના કુલ ૧૩૯ વિદ્યાર્થીઓએ ૫૭ વિવિધ સંસ્થાઓમાં પ્રત્યક્ષ તાલીમ સફળતાપૂર્વક પૂર્ણ કરી. આ તાલીમ દ્વારા વિદ્યાર્થીઓને વ્યવહારિક જ્ઞાન, વ્યાવસાયિક કૌશલ્યો અને કાર્યક્ષેત્રનો પ્રત્યક્ષ અનુભવ પ્રાપ્ત થયો.
- લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઈનોવેશનના બી.એ. ઇંગલિશ વિભાગ દ્વારા વિદ્યાર્થીઓમાં અંગ્રેજી ભાષા બોલવાની ક્ષમતા અને આત્મવિશ્વાસનો વિકાસ થાય તે હેતુથી ‘સ્પીકોરા ક્લબ’ ની શરૂઆત કરવામાં આવી. આ ક્લબ અંતર્ગત વિવિધ ભાષાકીય અને સંવાદાત્મક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે.
- લોકભારતી યુનિવર્સિટી ફોર રૂરલ ઈનોવેશનન શ્રી મિતુલભાઈ ગૌસ્વામીએ લોકસેવા મહાવિદ્યાલયમાં આધુનિક ઓળખ પ્રણાલીઓ, માહિતી વ્યવસ્થાપન અને ટેક્નોલોજીના વ્યવહારુ ઉપયોગો અંગે માર્ગદર્શન આપ્યું.
- શ્રી હિમાંશીબેન, શ્રી સચીનભાઈ તથા શ્રી રાજવીબેને સપ્ટેમ્બર માસ દરમિયાન ભાવનગર જિલ્લાના વિવિધ શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત લઈને ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે કારકિર્દી માર્ગદર્શન વ્યાખ્યાનો યોજયા. કાર્યક્રમોમાં વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ, વિવિધ કારકિર્દી વિકલ્પો અને ભવિષ્યની તકો અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું.
- લોકભારતીના સર્વે વિભાગીય હોદ્દેદારશ્રીઓ સાથેની એક અગત્યની બેઠક તા.૨૮મીના શ્રી અરુણભાઈ દવેના માર્ગદર્શન હેઠળ મળી. લોકભારતીના ભાવવરણને ટકાવવા અને વિદ્યાર્થીઓના વ્યાજબી માંગણીઓ સંતોષવા સંદર્ભે વાતો થઈ.
- લો.ભા.યુનિ.ના પદવીદાન સમારંભમાં દરેક પદવીધારકને સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિ-રાજકોટ તરફથી એક ખાદીનો થેલો અને બાપુની

આત્મકથા ભેટ આપવાનું સૌજન્ય દાખવેલ છે.

- તા.૨૯મીના રોજ ભાવનગરની દક્ષિણામૂર્તિ સંસ્થાના મોવડીઓ-કાર્યવાહકો અને ચિલ્ડ્રન યુનિ.ના કુલપતિ શ્રી ટી.એસ. જોશી અને શ્રી નલિનભાઈ પંડિત દક્ષિણામૂર્તિની મિટિંગ સંદર્ભે આવી ગયા.
- તા. ૨૯ના રોજ લોકભારતી અધ્યાપનમંદિરમાં પ્રથમ વર્ષના પ્રવેશ અનુસંધાને ૧૨૫ બેઠકો સામે ૧૨૨૫૮ વિદ્યાર્થીઓએ કૉલેજ પસંદગી નોંધાવી.
- તા.૨૯ના રોજ ઉચ્ચશિક્ષણ કમિશનરશ્રીની કચેરીની મુલાકાતે લોકસેવા મહાવિદ્યાલયનાના પ્રશ્નો સંદર્ભે શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા જઈ આવ્યા.
- તા. ૨૯ સપ્ટેમ્બરથી તા. ૦૧ ઑકટોબર દરમિયાન અટારી-પૂણે દ્વારા આયોજિત ‘વાર્ષિક ઝોનલ વર્કશોપ’માં કૃષિ વિજ્ઞાન કેન્દ્રનો વાર્ષિક અહેવાલ રજૂ કરવા માટે શ્રી નિગમભાઈ શુકલ પૂણે-મહારાષ્ટ્ર જઈ આવ્યા.
- તા.૩૦/૦૯/૨૦૨૬ ના રોજ સેમ ૩ અને સેમ ૫ ની યુનિવર્સિટી પરીક્ષાની કામગીરીની વહેચણી માટે યોજાયેલ મિટિંગમાં શ્રી નીતિનભાઈ ભીંગરાડિયા, શ્રી વિશાલભાઈ જોષી અને સાથી કાર્યકર હાજર રહ્યા.
- લો.ભા.યુનિ.ના આગામી પદવીદાન સમારંભ અંગે કેટલીક ભૂમિકારૂપ વાતો કાર્યકારી કુલપતિ શ્રી વિશાલભાઈ ભાદાણીએ તા.૩૦મીની સાયં પ્રાર્થનાના અનુસંધાને રજૂ કરી.
- ભાવનગરથી કેટલાક શિક્ષણ ક્ષેત્રે પ્રવૃત્ત એવા શ્રી મહેન્દ્રસિંહજી પરમાર, શ્રી નરેન્દ્રસિંહજી ગોહિલ વગેરે મહાનુભાવો તા.૩૦મીના રોજ લો.ભા. આવી ગયા અને તેઓએ શ્રી અરુણભાઈ દવે અને શ્રી વિશાલભાઈ ભાદાણી સાથે શિક્ષણ અંગે વિચાર-વિનિમય કર્યો.
- પચાયતીરાજ તાલીમ કેન્દ્રમાં સપ્ટેમ્બર મહિનામાં તલાટી કમ મંત્રી પાયાનો તાલીમ વર્ગ ક્રમાંક ૮૬માં સૌ તાલીમાર્થીઓની પુસ્તકાલય વિભાગની તેમજ ઘઉં સંશોધન કેન્દ્રની અને સણોસરા ગ્રામપંચાયતની પ્રત્યક્ષ મુલાકાત લીધી હતી. તેમજ આ મહિનામાં (૧) શ્રી પ્રવીણભાઈ ઠક્કર- ભગવદ્‌ગીતાનો પરિચય અને (૨) શ્રી હસમુખભાઈ દેવમુરારિએ-સૌરાષ્ટ્રની રસધાર કૃતિમાંથી રાત્રિ-પ્રવૃત્તિમાં એક વાર્તા તાલીમાર્થીઓને કહી સંભળાવી હતી.

**આંબલા સમાચાર**

- તા. ૧૨ના રોજ લોકભારતી ખાતે મૂળશંકરભાઈ મો.ભટ્ટ વ્યાખ્યાનમાળામાં કાર્યકરો જઈ આવ્યા.
- લોકભારતી ગ્રામવિદ્યાપીઠ સણોસરો અને આનંદધારા ગ્રામમાંગલ્ય સહયોગથી આનંદલોક અંતર્ગત મોજીલું શિક્ષણ અભિયાન ના સંયુક્ત ઉપક્રમે ગીર નેસની પાંચ કાર્યશાળામાં પ્રાથમિક શાળાઓ, બાલમંદિર અને માધ્યમિક શાળાના બાળકોને મોજીલા શિક્ષણની પ્રવૃત્તિઓ કરાવવા માટે મોજીલા શિક્ષણ મોબાઈલ વાન પ્રોજેક્ટના કાર્યકર રવિભાઈ કરમટિયા તથા રાહુલભાઈ જુણેજા જઈ આવેલ. અમારી સાથે પંડિત સાહેબ , ઉપાધ્યાય સાહેબ અને મોજીલા શિક્ષણની ટીમ અને મિત્રો જોડાયા હતા.
- ગ્રામદક્ષિણામૂર્તિ આંબલા શાળાને સરકાર તરફથી વોકેશનલ કોર્સ અંતર્ગત આઈ.ટી.-આઈ.ટી.ઈ.એસ. ટ્રેડની મંજૂરી પ્રાપ્ત થઈ છે. આ કોર્સનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓને વ્યવસાયલક્ષી અને રોજગારલક્ષી કૌશલ્યો પ્રદાન કરવાનો છે.
- ગ્રામદક્ષિણામૂર્તિ આંબલામાં નવા સંગીત શિક્ષક તરીકે ધાર્મિકભાઈ જાનીની નિમણૂક કરવામાં આવી છે.
- તા.૨૨ના રોજ સંસ્થામાં વિધાર્થીઓનો માનીતો કાર્યક્રમ આનંદ બજારનું આયોજન કરવામાં આવ્યું.
- તા.૨૩ના રોજ શિહોર વિવેકાનંદ ચેરિટેબલ ટ્રસ્ટ

અને સંસ્થાના એન.એસ.એસ.ના સહયોગથી નશાબંધી શિબિર યોજાઈ ગઈ.

- તા.૨૪ના રોજ લોકભારતી યુનિ.ના બહેનો દ્વારા કારકિર્દી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.
- તા.૨૪ના રોજ રાષ્ટ્રીય દિનની ઉજવણી એન.એસ.એસ.ના સ્વયંમ સેવકો દ્વારા ખૂબ ઉત્સાહપૂર્વક ઉજવવામાં આવી. એન.એસ.એસ.ના સંયોજક શ્રી ગૌરાંગભાઈએ રાષ્ટ્રીય સેવા યોજનાનો ઇતિહાસ, તથા તેના કાર્યો વિષે વિધાર્થીઓને માહિતગાર કર્યા હતા.
- તા.૨૬ના રોજ આ માસનું પૂનમનું સમૂહભોજન યોજાઈ ગયેલ.
- તા.૦૬ના રોજ આપણા પૂર્વ આચાર્ય સ્વ.ભીખાભાઈના બહેન તથા પૂર્વ વિધાર્થિની શારદાબહેન જે શ્યામભાઈ વોરાના પત્નીનું દુઃખદ અવશાન થયું તેમને શ્રધ્ધાંજલિ આપવામાં આવી.

**મણાર સમાચાર**

- તા. ૦૪ના રોજ જન્માષ્ટમીએ શ્રી ડાહ્યાભાઈ ડાંગરના નિવાસ્થાને હિંડોળા ઉત્સવનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.
- તા. ૧૦ અને ૧૧ના રોજ ઉચ્ચતર માધ્યમિક વિભાગના શિક્ષક મનસુખભાઈ ગુજરિયાએ ગાંધીનગર મુકામે નવી શિક્ષણ નીતિ (નેપ) અંતર્ગત યોજાયેલી તાલીમમાં ભાગ લીધો હતો.
- તા. ૧૮ના રોજ લોકશાળામાં આનંદ બજારનું આયોજન કરવામાં આવ્યું હતું.
- તા. ૧૯ના રોજ મહાવીર જૈન ચારિત્ર્ય કલ્યાણ રત્નાશ્રમ, સોનગઢ મુકામે યોજાયેલા ૨૦મા રાજ્યકક્ષાના ગણિત મહોત્સવમાં ગૃહપતિ ભાવેશભાઈ સાથે ૪ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ગણિત મૉડેલ વિભાગમાં ભંડારી વિશ્વાબેન, ક્વિઝ વિભાગમાં દિહોરા કિરણબેન તથા જાંબુ શ્રદ્ધાબેન અને ગણિતશાસ્ત્રી રોલ-પ્લેમાં સોલંકી ઋષિતાબેન સહભાગી થયાં હતાં.
- તા. ૨૧ના રોજ અંધજન સહાય અર્થે ફાળો એકત્ર કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓની વિવિધ ટુકડીઓએ સંસ્થાની આસપાસના ગામો જેવા કે સોસિયા, મણાર, અલંગ, ત્રાપજ, મીઠી વિરડી, ગોરિયાળી અને કંટાળામાં જઈને અંધ બાળકો માટે આર્થિક સહયોગ એકત્ર કર્યો હતો.
- વિકસિત ભારત અંતર્ગત યોજાયેલી વક્તૃત્વ સ્પર્ધામાં લોકશાળાના બે વિદ્યાર્થીઓએ જસપરા મુકામે ભાગ લઈ સંસ્થાનું પ્રતિનિધિત્વ કર્યું હતું.
- તા. ૨૮ના રોજ યોજાયેલી રાજ્યકક્ષાની વુશુ સ્પર્ધામાં જિલ્લા કક્ષાએ વિજેતા થયેલી આપણી ૪ બહેનોમાંથી લાબરિયા સિદ્ધિબેન સમગ્ર રાજ્યમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થયાં છે. હવે તેઓ રાષ્ટ્રીયકક્ષાની સ્પર્ધા માટે જમ્મુ-શ્રીનગર ખાતે ભાગ લેવા જશે.

**માઈધાર સમાચાર**

- તા. ૧ના રોજ શ્રી ભાવનગર જિલ્લા શિક્ષણાધિકારી આયોજિત શૈક્ષણિક સેમિનાર પાલિતાણા સી.એમ.વિદ્યાલય ખાતે યોજાયો. જેમાં ધો ૧૦, ૧૨માં ૧૦૦% પરિણામ મેળવેલ તે બદલ શાળાને અને વિદ્યાર્થીઓને સન્માનિત કરવામાં આવ્યા. સાથે શબ્બીરભાઈ, નિર્મળભાઈ અને પાતુભાઈ જઈ આવ્યા.
- તા. ૬ના રોજ લોકકલ્યાણ વિદ્યાલયના કાર્યકરોની સજ્જતાતાલીમ યોજાઈ જેમાં શ્રી ભાવનાબેન પાઠક, પાતુભાઈ આહિર અને નિર્મળભાઈ પરમાર દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું.
- તા.૮ના રોજ આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર અને મોજીલું શિક્ષણ અભિયાન સાથે જોડાયેલ શાળાના શિક્ષકોની સંગોષ્ઠિ યોજાઈ. જેમાં ૧૦૪ શિક્ષકો જોડાયા. શ્રી વિશાલભાઈ ભાદાણીએ આજે અને

ભવિષ્યમાં વર્ગશિક્ષણને રસપ્રદ, પ્રવૃત્તિમય અને સરળ બનાવવામાં કઈ રીતે ઉપયોગી થવાની છે તેની પાવરપોઈન્ટ દ્વારા સમજ આપી. શ્રી અરુણભાઈ દવે દ્વારા ટૅક્નૉલૉજી ગમે તેટલી આગળ વધે તો પણ શિક્ષકની ભૂમિકા કઈ રીતે અગત્યની છે તે ઉદાહરણો દ્વારા રસપ્રદ શૈલીમાં સમજાવી સંસ્કાર ઘડતર અને સંવેદનાસભર વૈજ્ઞાનિક અભિગમની સમજ આપી. શ્રી ભાવનાબેન પાઠક અને પાતુભાઈ આહિર દ્વારા માઈધાર કેન્દ્રમાં ચાલી રહેલ આવિષ્કાર વિજ્ઞાન કેન્દ્ર, મોજીલું શિક્ષણ, સ્કૂલ, સ્કિલ ડેવલપમેન્ટ સેન્ટર વિષે માહિતી આપી. નિર્મળભાઈ પરમાર દ્વારા આભાર વ્યક્ત કરવામાં આવ્યો.

- તા. ૧૫ના રોજ મા. શિક્ષણ મંત્રી પ્રદ્યુમનભાઈ વાજાના અધિક અગ્ર સચિવ અંકુરભાઈ ઉપાધ્યાય અને લોકભારતી અધ્યાપનમંદિરના પૂર્વ વિદ્યાર્થીની રશ્મિબેન ઉપાધ્યાય પરિવાર સાથે માઈધાર કેન્દ્રની મુલાકાતે આવી વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી,રાજીપો વ્યક્ત કર્યો.
- તા.૧૯ના રોજ ભરતભાઈ દવેના માર્ગદર્શન નીચે વિદ્યાર્થીઓ દ્વારા સંગીત સંધ્યા કાર્યક્રમ યોજાયો.
- તા. ૨૩ના રોજ શ્રી અરુણભાઈ દવેએ પ્રાર્થનાના અનુસંધાને વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી દ્વારા વાર્તાલાપ કર્યો.
- તા. ૨૪ના રોજ વિકસિત ભારત ૨૦૪૭ અંતર્ગત સી.આર.સી.કક્ષાએ વકૃત્વ સ્પર્ધામાં બે વિદ્યાર્થીની બહેનો સાથે પાતુભાઈ આહિર અને શીલુબેન પરમાર જઈ આવ્યા.
- તા. ૨૬ના રોજ કંચન ફાઉન્ડેશન માંથી મમતાબેન ચૌહાણ, સેનેટરી પેડની ગુણવત્તા અર્થે તજજ્ઞ અનુભવી અનિતાબેન ચૌહાણની સાથે સેનેટરી યુનિટ માર્ગદર્શન માટે આવી ગયું.
- તા. ૨૭ ના રોજ વિકાસ વર્તુળ ભાવનગર દ્વારા આયોજિત બુદ્ધિકસોટી પરીક્ષા લોકકલ્યાણ વિદ્યાલયના ૩૪૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો.

**શ્રદ્ધાંજલિ**

● સંનિષ્ઠ, અભ્યાસુ પૂર્વકાર્યકર સ્વ.શ્રી ચંદ્રપ્રભાબહેન મુકુન્દરાય મુનિનું દુઃખદ અવસાન થયેલ છે.

● લોકભારતીના પૂર્વવિદ્યાર્થી શ્રી હીરજીભાઈ ભીંગરાડિયાનાં ધર્મપત્ની સ્વ.શ્રી ગોદાવરીબહેનનું દુઃખદ અવસાન થયું છે.

● લોકભારતીના શુભેચ્છક અને દેશ-વિદેશ સુધી ખ્યાતિપ્રાપ્ત હૃદયરોગ નિષ્ણાત ડૉ. શ્રી રમેશભાઈ કાપડિયાનું દુઃખદ અવસાન થયેલ છે.

● લોકભારતીના શુભેચ્છક, બહુ વર્ષોથી લોકભારતી સાથે જોડાયેલા અને વાઘ-બકરી ગ્રુપના મોભી એવા સ્વ.શ્રી પીયૂષભાઈ દેસાઈનું દુઃખદ અવસાન થયેલ છે.

● લોકભારતીના શુભેચ્છક અને ગુજરાતના પ્રતિષ્ઠ ઉદ્યોગપતિ, સક્રિય સાંસદ, તેમ જ સંવેદનશીલ સમાજસેવક, સાથોસાથ ગામડાને સાચી રીતે સમજનાર-પારખનાર અને જળ અને પર્યાવરણ ક્ષેત્રને નવી દૃષ્ટિથી જોનારા એવા પદ્મશ્રી શ્રી ગોવિંદભાઈ ધોળકિયાના મોટા ભાઈ સ્વ.શ્રી નાગજીભાઈ ધોળકિયાનું દુઃખદ અવસાન થયેલ છે.

● લોકભારતીના પૂર્વવિદ્યાર્થી અને ઓતારિયા, દૂધાળા અને લોઈચડા લોકશાળાઓના પૂર્વાચાર્ય સ્વ. શ્રી હરિભાઈ મેઘજીભાઈ ધામેલિયાનું તા.૨૬-૦૯-૨૦૨૬ના રોજ અવસાન થયેલ છે.

સમગ્ર લોકદક્ષિણામૂર્તિ પરિવાર તેઓના પરિવારો ઉપર આવી પડેલ આ દુઃખદ આઘાતને સહન કરવાની શક્તિ આપે અને દિવંગત આત્માઓને પરમ શાંતિ મળે તેવી પ્રભુ પ્રાર્થના કરી શ્રદ્ધાંજલિ અર્પણ કરે છે.

## લોકભારતી યુનિવર્સિટી ફોર રુરલ ઈનોવેશન : દીક્ષાંત સમારોહ



વાર્ષિક અહેવાલ, વિદ્યાર્થી દીક્ષાંત પ્રતિજ્ઞા અને વિદ્યાર્થી પારિતોષિકની રજૂઆત કરતાં
શ્રી પરેશભાઈ ઝીંઝાળા, શ્રી રાજવીબહેન કાલરિયા અને શ્રી દેવિકાબહેન મકવાણા



પૂજ્ય મોરારિબાપુની ભાવવંદના...



રમમાણ શ્રોતાગણ

## શ્રી મૂ. મો. ભટ્ટ વ્યાખ્યાનમાળા : મણકો ૨૦, મુખ્ય વક્તા : શ્રી નૈષધભાઈ પુરાણી અને તેમની ટીમ














TO.

**From :**

**Registered** *BVR/151/2024-2026, RNI No. GUJ/1763-57, Renew upto 31-12-2026*

**Published on :** *14th of every month. Posted at : Amargadh Post office on 15th of every month*

**मालिक :** ग्रामदक्षिणामूर्ति-आंबला ट्रस्ट की ओर से **मुद्रक-प्रकाशक :** मेहुलभाई भट्ट - ग्रामदक्षिणामूर्ति-आंबला, पीन ३६४ २५० (गुजरात) द्वारा चामुंडा प्रिन्टिंग प्रेस, सोनगढ, पीन ३६४ २५० मे मुद्रित करके ग्रामदक्षिणामूर्ति : आंबला से प्रकाशित किया ।

**तंत्री :** डो. अरुण दवे : लोकभारती- सणोसरा, (गुजरात) Email : kodiyusanosara@gmail.com वार्षिक चंदा रु. २००/- प्रति अंक रु. २०/-